
# મારા અનુભવો

– ઉર્મિલાબેન સુરેન્દ્રભાઇ ધોળકિયા



C/o. ડૉ. ઉર્વી મેહુલ મહેતા
૬૫૦૮, લેન્ડન લેન
બેથેસ્ડા – મેરીલેન્ડ
૨૦૮૧૭ (U.S.A.)

# મારા અનુભવો

-: લેખિકા :-

શ્રીમતી ઉર્મિલાબેન સુરેન્દ્રરાય ધોળકિયા

પ્રકાશક : શ્રીમતી ઉર્મિલાબેન સુરેન્દ્રરાય ધોળકિયા

આવૃતિ : પ્રથમ   ૧ માર્ચ, ૨૦૧૪,   પ્રત : ૧૦૦૦

**પ્રાપ્તિસ્થાન :-**

**(૧) શ્રી જી. કે. શાહ**

33, ચિત્રકૂટ અલ્ટા માઉન્ટ. રોડ,

મુંબઇ

**(૨) મિતેશભાઇ એ. શાહ**

એ-૧૨, અર્બુદા ફ્લેટ્સ, જૂના ટોલનાકા સામે,

બેરોનેટ કોમ્પલેક્ષની બાજુમાં, હાઇવે,

સાબરમતી, અમદાવાદ - ૫.

ફોન નંબર : ०७९-२७५०३६५६



# સાદર સમર્પણ



ॐ

પરમ પૂજ્ય માતુશ્રી અને પરમ પૂજ્ય પિતાશ્રીના ચરણમાં મારા હૃદયમાં ઉઠતા ભાવ કે જેને આ પુસ્તિકારૂપે અર્પણ કરું છું. તેઓએ શિક્ષણ અને સાદાઇને જીવનમાં પ્રથમ સ્થાન આપ્યું છે.

તેઓની આ ઉચ્ચભાવના અને અંતરના આશીર્વાદે મને જીવન જીવવવાની સમજ અને પ્રેરણા આપ્યા. તેઓના અહોભાવભર્યા ઉપકારને કોટિ કોટિ વંદન.

- ઉર્મિલાના પાયલાગણ સ્વીકારવા વિનંતી.

# બે શબ્દ

બહેનશ્રી ઉર્મિલાબેન એક અનોખું વ્યક્તિત્વ ધરાવે છે. તેઓ પંચાશી વર્ષના યુવાન નારી છે. તેઓની ખુમારી તેમના વર્તનમાં તરી આવે છે. જીવનમાં ઘણા તડકા-છાંયડામાંથી પસાર થયા છે અને દેશ વિદેશમાં સમાજની સમસ્યાઓનો તેમને બહોળો અનુભવ મેળવ્યો છે. પોતાની અનોખી શૈલીમાં તેઓએ પોતાના અનુભવો રજૂ કરી સમાજને જાગૃત કરવાનો પ્રયત્ન કર્યો છે.

તેઓ ધર્મમાં અત્યંત શ્રદ્ધા ધરાવે છે. નારીશિક્ષણના અને સંસ્કાર સિંચનના તેઓ હિમાયતી છે. સંગીતના પણ એટલા જ શોખીન છે. તેઓએ એમ.એસ. યુનિવર્સિટીની કન્યા હોસ્ટેલના વોર્ડન તરીકે પચીસ વર્ષ સેવા કરી છે. તે સમયની દીકરીઓને તેઓએ માતા બનીને સાચવી છે અને તેમના જીવનને ઉજાળ્યું છે. આશા છે આ પુસ્તક ઘણા યુવાન મિત્રોને સારું જીવન જીવવા માટે દીપક બની રહેશે.

- ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી (કોબા આશ્રમ)

# કોબા આશ્રમ સાથેના પરિચયની ઝલક

ૐ

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા ખૂબ જ શાંત, પવિત્ર અને રમણીય સ્થળ છે. આ કેન્દ્રના પ્રાણસમા સંતશ્રી આત્માનંદજી અને પૂજ્ય બહેનશ્રીએ કોબા આશ્રમની આ અધ્યાત્મ-વાડીને ધર્મ અને જ્ઞાનનું સિંચન કરીને વિકસાવી છે.

નમ્રતાની મૂર્તિ સમા પૂ. બહેનશ્રીને સદા હાથ જોડીને, હસતા ચહેરે દરેક મુમુક્ષુનું અભિવાદન કરતાં જોવા એ પણ એક લ્હાવો છે ! કોઇપણ મુમુક્ષુને કાંઇપણ જરૂરિયાત હોય તો પૂ. બહેનશ્રીના કુટિરના દરવાજા સદા માટે ખુલ્લા હોય છે. મુમુક્ષુઓ માટેનો તેમનો વાત્સલ્યભાવ પુષ્પોની જેમ આશ્રમમાં સુગંધ પ્રસરાવી રહ્યો છે. આવા પવિત્ર ભાવો દ્વારા દરેક નવા મુમુક્ષુનું વંદન દ્વારા સ્વાગત થાય છે. દરેક મુમુક્ષુ આ ભાવ-ભક્તિ જોઇને ભૌતિક સુખને ભૂલી જઇને પ્રફુલ્લિત બની જાય છે.

આશ્રમના દરેક કર્મચારી અને મુમુક્ષુઓ ખૂબ ધગશ, ભક્તિ અને સમર્પણતાપૂર્વક સેવા તથા સાધના કરે છે. આ બધા પર પૂજ્ય સાહેબજી ખૂબ વહાલથી આશીર્વાદ વરસાવે છે. આ જોઇને મસ્તક ઝૂકી જાય છે.

આવા સંતોના સાન્નિધ્યમાં રહેવાનું સૌભાગ્ય પ્રભુની કૃપાથી જ શક્ય બની શકે.

- ઉર્મિલા ધોળકિયાના

જય સદ્‌ગુરુ વંદન

# પુસ્તકનો પરિચય

ૐ

મારા લેખનું સંકલન નાની પુસ્તિકા રૂપે પ્રથમવાર રજૂ થાય છે, જેમાં મને થયેલા અનુભવો સાચા સ્વરૂપમાં મૂક્યા છે.

બાળપણથી મને લખવાનો શોખ હતો. ધીરેધીરે આ શોખ વધતો ગયો, અને એક વખત મેં એક લેખ લખવાની હિંમત કરી અને મારા પિતાજીને આ લેખ વંચાવ્યો. પિતાજી આ લેખ વાંચી આનંદવિભોર બની ગયા અને શાબાશી આપતાં આશીર્વાદની વર્ષા કરી. પિતાજીના મુખ ઉપર છલકતો આવો આનંદ જોઈને હું ગદ્ગદ્ થઈ ગઈ. આ દૃશ્ય હું કદીપણ ભૂલી શકીશ નહીં. આ અપૂર્વ આનંદમાં મને સ્પષ્ટ લાગ્યું કે પિતાજીની મનમાં દબાયેલી બધી ઇચ્છાઓ અને લાગણીઓ આ શબ્દો દ્વારા રજૂ થાય છે. આ ભાવો પિતાજીના મુખ ઉપર હું વાંચી શકતી હતી. મારા માટે આ પ્રેરણાની ગંગોત્રી હતી કે જેમણે મને વાંચન, લેખન અને મનનની મહત્તા સમજાવી દીધી.

પ્રથમ લેખ ઘણાં વર્ષો પહેલાં 'અખંડ આનંદ'માં "ઉર્મિલાના પત્રો" ના નામે છપાયો. તે લેખ વારંવાર વાંચતા છતાં પૂ. પિતાશ્રીનું મન ભરાતું નહોતું. તેમના મિત્રો, સંબંધીઓ પાસે આ વિષે વાતો કરતા. આવી યાદો જિંદગીભર ભૂલાતી નથી અને આ પ્રસંગ મારા જીવનમાં યાદગાર બની ગયો. આવી નાની પગદંડી પર ચાલતાં આજે આ સંકલન, પૂ. પિતાશ્રીજીની યાદને જીવંત રાખવા આપની સમક્ષ મૂકું છું. આજે આ

સાહિત્યના વિષયની મારી બાળપોથીમાં બારાખડી લખવા પ્રયત્ન કરી રહી છું અને પૂ. પિતાજીના આશીર્વાદ મને હાથ પકડીને આ કેડી ઉપર આગળ વધવા પ્રેરી રહ્યા છે, એ મારું સૌભાગ્ય છે. પિતાજીને મન સાહિત્ય દુન્યવી સંપત્તિ કરતાં પણ વધુ કિંમતી હતું અને સદા શિક્ષણને તેઓએ જીવનમાં પહેલું મહત્ત્વ આપ્યું. આપણા જીવનની પગદંડી ઘણા ઉતાર અને ચડાવ વચ્ચે પસાર થતી, અનુભવનું ભાથુ બાંધતી જાય છે. આજે મારા આવા થોડા અનુભવોનું પોટલું આપના સમક્ષ ખોલું છું. આશા છે કે આ પ્રસંગોની પ્રસાદી આપને ગમશે.

મારા લેખો પુસ્તકરૂપે છપાય તે મારું સપનું હતું, આ સપનું પૂરું કેમ કરવું તે મહત્ત્વનો પ્રશ્ન હતો. પરંતુ આ પ્રશ્નનો જવાબ મને મળી ગયો. મને ખાતરી છે કે કોબા આશ્રમના કર્મયોગી શ્રી મિતેશભાઈ શાહ ના મળ્યા હોત તો મારી ઇચ્છા અધૂરી રહેત. આ માટે મિતેશભાઈનો આભાર માનું તેટલો ઓછો છે.

– *ઉર્મિલા ધોળકિયા*

# બે બોલ

ૐ

આજે આપણી વચ્ચે મુ. ઉર્મિલાબેન પોતીકા પુસ્તકને લઇને આવ્યા છે. નામ છે - મારા અનુભવો.

ઉર્મિલાબેન મેળાના માણસ છે. વિશાળ પરિવારની દીકરી કરિયાવરમાં સંસ્કારની સોડમ લઇને અતિ બુદ્ધિશાળી પતિના સથવારે ધોળકિયા પરિવારની સવાઇ સુગંધમાં ભળી ગઇ.

તુષાર-ઉર્વીના બાળપણના કલરવ વચ્ચે તેમણે 'અખંડ આનંદ', વર્તમાનપત્રો વગેરેમાં અનેક વિષયો ઉપર લખ્યું છે.

વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીના લેડીઝ હોસ્ટેલ સરોજિની નાયડુ હોલના વોર્ડન (ગૃહમાતા) રહી ચૂકેલા હોઇ તેમની પાસે સત્ય પ્રસંગો રચિત વાર્તાની કાચી સામગ્રીનો અખૂટ ભંડાર છે. આ વિષે વાતોની માંડણ કરે ત્યારે રૂડો ચંદરવો સહજતાથી રચી જાણે છે. ૮૫+ ના ઉર્મિલાબેનના પુત્ર અને પુત્રીનાં સંતાનો માને છે કે અમારા દાદી, નાની ઉપર માં સરસ્વતીદેવીની કૃપા છે.

આજે તેમનું આ પુસ્તક આપણને પંચામૃતની વહેંચણી કરી રહ્યું છે ત્યારે હું સરસ્વતીદેવીને પ્રાર્થના કરું કે, સદા પડિયો ભરીને આપતા રહે.

– મૃદુલાબેન સુશીલભાઇ પારેખ

# મૃદુલાબેન - મારા આદર્શ

ॐ

શ્રી મૃદુલાબેનના હાથમાં કલમ આવતાં જ, ગંગામાતાની ગંગોત્રી જેવા પવિત્ર ધસમસતા ધોધના ઝરણાં ફૂટી નીકળે છે. મારા પ્રથમ પુસ્તકમાં તેઓ ના હોય એવું તો બને જ નહીં. મેં હજુ માગ્યું નથી અને પલકવારમાં પ્રેમ ભરેલી મીઠી પતાસા જેવી પ્રસાદી હાજર થઇ ગઇ. હૃદયની શુદ્ધ નળીમાંથી બંસરીના સૂર જેવા મીઠા ઝરણાંઓએ મારા પુસ્તકમાં મોતી વેરી દીધા. મૃદુલાબેનનાં પુસ્તકો અને લેખો મારા માટે તો કામધેનુ જેવા છે - જે માગીએ તે તેમાંથી મળી જાય છે. કોઇપણ રસ તેઓએ છોડ્યો નથી. આવા મૃદુલાબેન પાસે એક જ માગણી છે કે સતત કલમનો પ્રવાહ ચાલુ રાખો અને લોકોના મનને રસમાં ઝબોળી આનંદમય કરો.

- ઉર્મિલા ધોળકિયા

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| (૧) | અનુભવાત્મક પ્રસંગો ........................ | ૧ |
| (૨) | ફૂલ ખીલે છે ગુલશનમાં ........................ | ૪૬ |
| (૩) | જીવન - ત્રિઅંકી નાટક ........................ | ૫૮ |
| (૪) | શિક્ષણ જ સર્વસ્વ ........................ | ૬૮ |
| (૫) | હું રેડી છું ........................ | ૭૯ |
| (૬) | દીકરીનો પ્રેમ ........................ | ૮૧ |
| (૭) | ભાઈ પ્રાણજીવનના જન્મ પ્રસંગે ........................ | ૮૨ |
| (૮) | સાચું સદાવ્રત ........................ | ૮૭ |
| (૯) | સદ્ભાવ ........................ | ૯૦ |
| (૧૦) | સમભાવ ........................ | ૯૭ |
| (૧૧) | સમજી જજે ........................ | ૧૦૦ |
| (૧૨) | સમય ........................ | ૧૦૨ |
| (૧૩) | વાત્સલ્ય ........................ | ૧૦૩ |
| (૧૪) | જિંદગી ........................ | ૧૦૪ |
| (૧૫) | Choice is yours ........................ | ૧૦૫ |

[આ બધા પ્રસંગો જેવા બન્યા છે, તેવા જ આ લેખમાં મૂક્યા છે. બધા સત્ય-પ્રસંગો છે. આમાં હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થિનીઓ કેવા અનુભવોમાંથી પસાર થાય છે તેનું સ્પષ્ટ ચિત્રણ કરેલું છે. ખાસ કરીને વિદ્યાર્થિનીઓના માતા-પિતાને આ પ્રસંગોમાં રસ પડશે.]

# અનુભવાત્મક પ્રસંગ - ૧

**- ઉર્મિલાબેન સુરેન્દ્રભાઈ ધોળકિયા**

બાળપણ એ કલ્પનાનું નગર છે, જ્યાં વિચારોને ઉડાન ભરવાની આઝાદી છે. આ ઉમરમાં ઇચ્છાઓની હારમાળા સર્જાય છે. બાળપણને ભોળપણની બક્ષિશ મળી છે, તેથી જગતમાં થતું બધું તે સાચું માની લે છે. દુનિયાદારીનું ડહાપણ તેના અનુભવમાં હજુ પ્રવેશ પામી શક્યું નથી તેથી સરળતા ટકી રહી છે. મારા આવા બાળપણને શોધવા હું આજે મથી રહી છું. તેની યાદોના આછા આછા દૃશ્યો નજરે ચડે છે.

મને બાળપણથી જ ‘બારી બહાર' ની દેખાતી દુનિયામાં રસ હતો. ઝાડ ઉપર ચડવું, દરિયાના મોજા સાથે દૂર જવું, પવનના સુસવાટા સાથે કુદરતની દુનિયામાં ખોવાઈ જવું મને અતિ પ્રિય હતું. જવાબદારીનો ભાર હજુ જણાયો નહોતો. આ સમયમાં વડોદરા આર્ય કન્યા વિદ્યાલયની છોકરીઓ સંગીત, નાટક, નૃત્ય વગેરેના પ્રોગ્રામો આપવા કોલકાતા આવી હતી. આ કન્યાઓ મારી ઉંમરની હતી અને સંસ્થાની હોસ્ટેલમાં રહેતી હતી. આ જોતાં મારો ‘સનાતન' પ્રશ્ન સળવળી ઉઠ્યો. મને થયું કે આ છોકરીઓ હોસ્ટેલમાં પોતાની સ્વતંત્ર દુનિયામાં રહીને કેવો આનંદ લૂંટી રહી છે ! મારા મનમાં એ ભ્રમ પણ હતો કે ઘરની ‘બહાર' રહેવું

એટલે આઝાદી. બસ, મને થઈ ગયું કે મને પણ આવી મઝા મળે તો કેવું સારું ! પણ બાળપણમાં આવા સપનાઓના મહેલો તો બંધાયા જ કરે છે. આ સપનું પૂરું તો ના થઇ શક્યું પણ તેની યાદો મનમાં અંકિત થઇ ગઇ. ધીરે ધીરે આ યાદો મને કંઇક સંકેત આપે છે એવું લાગવા માંડ્યું. મને આગાહી થવા લાગી કે મારા મનમાં વિચારોનો જન્મ અકારણ નથી થયો. આમ, સમય પોતાનું કામ કરે છે અને જે ઘડીનો ઉદય થવાનો હોય છે તે પણ સમયસર થાય છે.

એક સાંજે હું ઘરમાં હતી ત્યાં દરવાજે બેલ વાગ્યો. મેં દરવાજો ખોલ્યો, ત્યાં સામે જ ત્રણ યુવતીઓ ઊભેલી દેખાઇ. મારા ચહેરાનો આશ્ચર્યભાવ જોતાં જ તેઓએ કહ્યું કે અમો વડોદરા એમ.એસ.યુનિવર્સિટીની હોસ્ટેલ, સરોજિની નાયડુ નામની લેડીઝ હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીનીઓ છીએ. આજે જ અમોને ચીફ વોર્ડનની ઑફિસ તરફથી સમાચાર મળ્યા છે કે તમારી અમારા હોસ્ટેલની ગૃહમાતા તરીકે નિમણૂક થઇ છે. (અહીં ગૃહમાતાને વોર્ડન કહે છે) આ સાંભળી અમારી હોસ્ટેલની કમિટીએ નક્કી કર્યું કે તમારા સ્વાગત માટે 'વેલકમ પાર્ટી' નું આયોજન કરવું. તેથી અમો તમોને આ માટે આમંત્રણ આપવા આવ્યા છીએ.

યુવતીઓના ચહેરા ઉપરનો આનંદ જોઇ મને ખૂબજ ખુશી થઇ. યુવતીઓએ પ્રેમથી કહ્યું કે તમો અમારા ગૃહમાતા અને અમો તમારી દીકરીઓ ! આ સાંભળી મારું મન હેતથી ઉભરાઇ ગયું. આ ઘડીનો આનંદ હું ભૂલી શકું તેમ નથી. આવી મનોરમ્ય તક સામેથી આવી હતી. આ પ્રભુની કૃપા છે તેની ખાતરી થઇ ગઈ. એક જ દિવસમાં હું ૩૦૦ કન્યાની માતા બની ગઇ. આનાથી વધુ સૌભાગ્ય શું હોઇ શકે ?-મારી એક દીકરી

પણ મન ના ભરાય એટલો પ્રેમ આપે છે તો આ તો ૩૦૦ દીકરીઓની પ્રેમવર્ષા હું કેમ ઝીલી શકીશ? સહસા એક કાવ્ય મનમાં ગૂંજી રહ્યું, 'જનનીની જોડ જગે નહીં જડે રે લોલ' શું કવિની આ પંક્તિને હું સાર્થક કરી શકીશ? વિચારના કાફલાએ મને ઘેરી લીધી.

માબાપ થી દૂર રહેતી છોકરીઓને મા જેવો પ્રેમ આપી શકીશ? કુમળીવયમાં ખીલતી કળીઓને જમાનાના ઝાપટાથી બચાવી શકીશ? છોકરીઓની સ્વતંત્રતા અને હોસ્ટેલના નિયમોનું નિયંત્રણ - આ બન્નેનો મેળ સુગમતાથી સાધી શકીશ? આ માટે તો મારે જ પહેલાં ધીરજ અને પ્રેમના પાઠ શીખવા પડશે. આ કન્યાઓ કે જે હજુ મુગ્ધાવસ્થાની મીઠાશ અને યૌવનકાળની સુરખીઓમાં પ્રવેશી રહી છે - આવા બ્રહ્મમુહૂર્તનો ઉદયકાળ! આવી ચિનગારીઓને કેમ સાચવવી? કડકાઇ, દબાણ કે સલાચસૂચનનું કેટલું જોર? આવી પાતળી દોરને કેટલી ખેંચાય? એક વખત તૂટતી દોર હંમેશનો ફાંસલો પણ ઉભો કરી શકે. આવા પ્રશ્નોની લાંબી કતાર ઊભી થઇ ગઇ.

મનમાં ખાતરી થઇ ગઇ કે આ અંધકારમાં ફક્ત પ્રભુ જ પ્રકાશ આપી શકશે અને આ ભગવાને જ ખરા સમયે અંતરના માંહ્યલાને સચેત કરી દીધું કે ફક્ત એક દૃઢનિશ્ચય કરજે, "બધાની મા બનજે." પોતાની દીકરી કે બીજાની દીકરી એવો ભેદ ભૂલી જજે. પ્રભુનો આ સંદેશ મનના તાર ઉપર ગૂંજી ઉઠ્યો. દીકરીઓ સર્પના ભારા નહીં પણ ફૂલના હાર છે એવી પ્રતીતિ થવા લાગી. આવી પ્રેરણાનો સ્ત્રોત પ્રાપ્ત થતાં જ મનમાં યોજનાઓ ઉભરાવા લાગી. ધૈર્ય અને વીરતા જેવા ગુણો વિકસાવવાની જરૂરિયાત સમજાઇ. એકાએક હું વામનમાંથી વિરાટ બની હોઉં એવી અનુભૂતિ થઇ. મારા મનમંદિરની મઢુલી સામે વિશાળ હવેલી ઉભી થઈ એવું લાગ્યું.

હવે બીજો કાર્યવિભાગ સામે આવ્યો - કાર્યક્ષેત્રની વિશાળતા આંખ સમક્ષ ખડી થઇ ગઇ યુનિવર્સિટી ઓફિસનું કાર્ય, પૈસાની લેવડ-દેવડ, હિસાબખાતુ, કન્યાઓની ભોજનવ્યવસ્થા, આખા હોસ્ટેલની સુરક્ષા, સ્વચ્છતા અને હોસ્ટેલના નિયમોનું પાલન - આ બધી બાબતમાં મારું જ્ઞાન શૂન્ય હતું. અજાણ્યા પ્રદેશની સફર હતી. ભગવાનને અંતરમાં યાદ કર્યા અને તેઓના આશીર્વાદ માગીને વિચાર્યું કે કામ કામને શીખવે છે. એવી શ્રદ્ધા રાખીને કદમ બઢાવવા શરૂ કર્યા. આમ, બાળપણનું સપનું પ્રત્યક્ષ બન્યું.

હવે શરૂ થાય છે, હોસ્ટેલના સ્ટેજ ઉપરનો પ્રથમ અને અગત્યનો અંક, જેમાં મારી આવડત અને સમજ બન્નેનો મુખ્ય રોલ છે. આ રંગમંચ ઉપર પહેલો પ્રસંગ એવો ભજવાઇ ગયો કે જેને મને ભવિષ્યની મુશ્કેલીઓમાં ખુલ્લા દિલે, અહંભાવથી મુક્ત રહીને પાઠ કેમ ભજવવો તેની ઊંડી સમજ આપી દીધી. તો હાજર છે પ્રથમ અંકનું પ્રથમ દૃશ્ય :-

"બહેન, યુનિવર્સિટીના સિક્યોરીટી ઓફિસર આપને મળવા માગે છે. મેં તેમને આપની ઑફિસમાં બેસાડ્યા છે." ઓફિસના પટાવાળા મોહને આવીને મને કહ્યું. આ સિક્યોરીટી ઓફિસર વિષે હજુ મને ચીફ વોર્ડન ઑફિસ તરફથી કોઇ માહિતી નહોતી મળી તેથી હું થોડી સતેજ થઇ ગઇ.

"બેન, નમસ્તે, હું સિક્યોરીટી ઓફિસર છું." ઝીણી આંખો કરીને પોતાનો રુઆબ બતાવતાં ઓફિસરે પોતાનો પરિચય આપ્યો.

"હા, મેં પ્રથમવાર તમોને જોયા. બોલો, કેમ આવવું પડ્યું ?" મેં પ્રશ્ન કર્યો.

"બેન, રૂમ નંબર એકમાં રહેતા સપનાબેનને બોલાવશો ? મારે થોડી માહિતી જોઇએ છીએ."

મને જવાબ સાંભળી નવાઇ લાગી કે સપનાબેન નંબર એકમાં રહે છે, તે આ ઓફિસર કેવી રીતે જાણે છે ? પણ હું તદ્દન નવી હતી અને આ બાબતથી અજાણ હતી તેથી મને થયું કે આ હોસ્ટેલના નિયમમાં હશે. તેથી મેં સપનાને ઑફિસમાં બોલાવી. સપનાને જોતાં જ ઓફિસરે પ્રશ્નો શરૂ કર્યા -"બેન, ગઇ કાલે રાત્રે હોસ્ટેલમાં કેટલા વાગે આવ્યા? તમારા સાથે કોણ હતું ?" મને તરત લાગ્યું કે આ ઓફિસર આવા પ્રશ્નો કયા અધિકારે પૂછે છે ? આ બાબતે હું તેને સવાલ કરું તે પહેલાં જ સપનાએ આ વાતની લગામ પોતાના હાથમાં લઇ લીધી અને નીડરતાથી જવાબ આપ્યો, કે તમારે ચિંતા કરવાની જરૂર નથી. આ બાબતની જવાબદારી હું બરાબર સમજુ છું અને જે અમારા હોસ્ટેલના નિયમો છે તેનું હું બરાબર પાલન કરું છું. ગઇકાલે નિયમ પ્રમાણે મેં વોર્ડન પાસેથી Late Pass લીધો હતો અને સમયસર હોસ્ટેલ પાછા આવીને રજિસ્ટરમાં સહી પણ કરી હતી.

સપનાના ચહેરા ઉપર આત્મવિશ્વાસની પ્રતીતિ હતી. તે સિનિયર સ્ટુડન્ટ હતી અને તેણે કોઇ નિયમ તોડ્યો નહોતો. તેથી ડરવાને બદલે તેણે ઓફિસરને સામેથી સવાલ પૂછ્યો કે તમોને આ સવાલ પૂછવાનો અધિકાર કોણે આપ્યો કે હું ક્યાં ગઇ હતી, કોના સાથે ગઇ હતી ? કેટલા વાગે આવી ? આ મારી પોતાની વાત છે, જે જાણવાની તમારે શું જરૂરત છે ? આ સાંભળી ઓફિસર ગભરાઇ ગયો કારણ કે તેની ધમકાવવાની પોલ પાધરી થઇ ગઇ હતી. તેથી તેનો અભિમાનનો નશો ઉતરી ગયો અને સામેથી માફી માગવી પડી.

મારા માટે આ તદ્દન નવો અનુભવ હતો, જેથી હું સમજી ના શકી કે મારે શું કરવું ? મને એ વાતની જરૂર પ્રતીતિ થઇ કે હું કાંઇ બોલું તે પહેલાં જ સપનાએ પોતાની રીતે આ કોયડાનો ઉકેલ લાવવાનું નક્કી કર્યુ છે, અને સચ્ચાઈપૂર્વક તે સામનો કરી રહી હતી. તેથી મેં મૌન રહીને તેને સમર્થન આપ્યું. આ પ્રસંગે મને એક અનુભવપાઠ શીખવી દીધો, અને ભવિષ્ય માટે ઘણા સૂચનો આપ્યા કે જે ગૃહમાતા માટે જાણવા ખૂબજ જરૂરી હતા.

આ પ્રસંગ પછી મેં ઓફિસરની 'ડ્યુટી' વિશે ઝીણવટથી તપાસ કરી. આ તપાસ પછી મેં ચીફ વોર્ડનને રીપોર્ટ કર્યો અને યુનિવર્સિટીના સીક્યોરીટી ઓફિસર વિષેની બધી હકીકત જણાવી કે પોતાના હોદ્દાના નિયમની બહાર જઇને આ ઓફિસરે એક જ સ્ટુડન્ટને કારણ વગરના સવાલો પૂછીને ધમકાવવા પ્રયત્ન કર્યો હતો. ભવિષ્યમાં આવી ઘટના ફરી ના બને તે માટે ઓફિસર ઉપર કડક પગલાં લેવા જોઇએ. એમ મેં રિપોર્ટમાં સૂચવ્યું. કોઇપણ આવા ઓફિસરે લેડીઝ હોસ્ટેલમાં આવી બાબતો માટે આવવું હોય તે પહેલાં તેણે ચીફ વોર્ડનની 'પરમીશન' લેવી જોઇએ, અને પછી પરવાનગીનો મંજૂરીપત્ર લઇને જ લેડીઝ હોસ્ટેલમાં આવવું. આ માટે બધી વોર્ડનોને બોલાવીને નિયમો નક્કી કરી, 'ઓફીશીયલી' જાહેર કરવા આ વાત ચીફ વોર્ડનની ઑફિસમાં નક્કી થઇ ગઇ.

આ પ્રસંગે મને સચેત કરી દેતા એવો પાઠ શીખવ્યો કે પછીના દરેક પ્રસંગે હું આ ભૂલને યાદ કરીને જ નિર્ણય લેતી. મને સ્પષ્ટ થઇ ગયું કે આ સ્ટુડન્ટોએ મારા પર વિશ્વાસ રાખ્યો છે તો ફરી કોઈ આવા પ્રસંગો આવે ત્યારે મારે તેઓની સાથે ખુલ્લા દિલે ચર્ચા કરીને બન્ને પક્ષ વચ્ચે

સમાધાન થાય તેવો રસ્તો શોધવો જોઇએ. આમ કરવાથી બન્ને પક્ષ વચ્ચે વિશ્વાસ વધશે, અને શાંતિપૂર્વક હું તેઓને કાંઇપણ માર્ગદર્શન આપીશ તો તેઓ સાંભળશે અને સમસ્યાનું નિરાકરણ પણ સારી રીતે આવશે. આજના સમયમાં યુવાનવર્ગ અને વડીલોના 'રીલેશનશીપ' માં આ કડી જ ખૂટે છે એવું આ પ્રસંગે મને સ્પષ્ટ દેખાયું. અહંભાવ પણ આમાં ભાગ ભજવી જાય છે.

આજે મારા ૨૫ વર્ષના હોસ્ટેલ જીવનના પ્રસંગોનું નિરીક્ષણ કરું છું. ત્યારે મને દેખાય છે કે પહેલા પ્રસંગ ઉપરથી મળેલી શીખે મને ભૂલોથી કેમ બચવું તેંનો રાહ દેખાડ્યો. આ સમજને કારણે હજારો છોકરીઓને અન્યાય ન થાય તે માટે હું જાગૃત રહેતી અને છોકરીઓ પણ વર્તનમાં સચ્ચાઇ લાવવા પ્રયત્ન કરતી.

આમ, યુવાન વર્ગની યુવતીઓ સાથે મારી જિંદગીની સફર સદાને માટે અખંડ આનંદ બની ગઈ.

તારીખ : ૧૯-૮-૨૦૧૩

લેખિકા : ઉર્મિલા એસ. ધોળકિયા
વોર્ડન (ગૃહમાતા) સરોજિની નાયડુ હોલ,
લેડીઝ હોસ્ટેલ, એમ.એસ. યુનિવર્સિટી,
વડોદરા.

★★★★★

# અનુભવાત્મક પ્રસંગ - ૨

- ઉર્મિલાબેન સુરેન્દ્રભાઈ ધોળકિયા

હોસ્ટેલમાં 'સ્ટુડન્ટો' માટેની રાત અનોખી હોય છે. દરેકની રાત્રિયાત્રા વિવિધ પ્રકારની હોય છે. કોઇને વાંચવાની શરૂઆતમાં જ ઊંઘ આવે છે, કોઇને પરીક્ષાની ચિંતામાં ઊંઘ ઉડી જાય છે, કોઇ ચા પીને જાગે છે તો કોઇ ચા પીને ઊંઘી જાય છે. આમ, 'ચા' ની મહત્તા છે.

હું જયારે હોસ્ટેલમાં રાત્રિના રાઉન્ડમાં નીકળું છું ત્યારે કાન ખુલ્લા રાખું છું. બધી બહેનપણીઓ પોતાના ગ્રુપ સાથે એક રૂમમાં ભેગી થાય છે. દિવસનો થાક ઉતારતાં દિવસનાં શું શું બન્યું તેની રસભરી વાતો અને આનંદભર્યું હાસ્ય, આમાં મશગૂલ બની જાય છે. આવો અમૂલ્ય સમય તો આવા સ્થળે જ સંભવી શકે છે. આવા રમણીય વાતાવરણમાં એક રાતના એવી એક ઘટના બની ગઇ કે જે હજુ સુધી હું ભૂલી નથી. તે રાતના સાડા દશે હું સૂવા ગઇ, થોડીવારમાં જ નિદ્રાધીન થઇ ગઇ. આ સમયે મારા કાન ઉપર છોકરીઓની બૂમો સંભળાઈ. આ સાંભળતાં જ મારી આંખ ખુલી ગઇ અને હું ઘરના દરવાજા બહાર નીકળી અને જોયું કે છોકરીઓ ચોર-ચોરની બૂમો પાડતી દોડતી હતી. હું પણ તેઓની પાછળ દોડી ત્યાં જોયું કે બે છોકરીઓ ખૂબ ગભરાયેલી હતી અને બીજી છોકરીઓ તેઓને પકડીને તેના રૂમ તરફ જતી હતી. બન્ને છોકરીઓ મને જોઇને રોવા જેવી થઇ ગઇ. બન્ને છોકરીઓને બાથમાં લઇ લીધી અને સાંત્વના આપી. તેઓની રૂમમાં અમો ગયા. બન્નેને પાણી પાઈને શાંત કર્યા. મને

લાગ્યું કે એક બેન જે બનાવ બન્યો હતો તેની વાત કરવા માંગતી હતી. મને પણ તેના મોઢેથી વિગતો જાણવાની ઇંતેજારી હતી.

હોસ્ટેલની એક રૂમમાં આ બે છોકરીઓ રહે છે. બન્નેને એકબીજા સાથે સારી મૈત્રી છે. આવા સમયે મૈત્રી અને હૂંફ બહુજ જરૂરી છે. એક બેને પોતાની વિતકકથા શરૂ કરી :-

"રાતના સાડા દસ વાગ્યા પછી અમો બન્ને વાત કરતાં સૂઈ ગયા. મને ઝડપથી ઊંઘ આવી ગઇ. થોડીવાર પછી ઊંઘમાં જ મને એવો આભાસ થયો કે મારા ગળાની આસપાસ કોઇનો હાથ ફરી રહ્યો છે, હું તરત જ ઝબકીને જાગી ગઇ, અને મેં એક માણસને મારા પલંગ પાસે ઊભેલો જોયો. હું થોડી ગભરાઇ ગઇ, પણ મેં તરત જ પેલા માણસનો હાથ પકડી લીધો. આ કામ એટલું ઝડપથી થયું કે પેલો માણસ ખૂબ જ ગભરાઇ ગયો અને પોતાનો હાથ ઝટકો મારીને છોડાવીને દરવાજા તરફ ભાગ્યો. આ દરમ્યાન બીજી બેન પણ જાગી ગંઇ અને અમો બન્ને તેની પાછળ દોડ્યા. બીજી છોકરીઓએ આ જોયું અને તેઓ પણ અમારી પાછળ 'ચોર, ચોર' ની બૂમો પાડતા દોડ્યા, પણ અમો તે ચોરને પકડી શક્યા નહીં. તે મુખ્ય દરવાજાની બહાર નીકળીને તરત અદશ્ય થઇ ગયો."

બેને વાત આગળ વધારતાં કહ્યું કે મારું માનવું છે કે આ ચોર પ્લાન કરીને જ આવ્યો હતો. મને ઊંઘને આધીન જોઇને તે મારા ચેઈનને કોઇ હથિયારથી કટ કરીને ચોરી જવાની તેની નેમ હતી, પણ જ્યારે તે ચેઈનને કાઢવા ગયો ત્યારે ચેઈન થોડી ગળામાં ઘસાઈ અને આ કારણે જ હું જાગી ગઇ અને ચોર ચેઈન પડતો મૂકીને ભાગ્યો. આ માણસે પોતાનું આખું મોં કપડાથી ઢાંકી દીધું હતુ. ફક્ત તેની આંખો દેખાતી હતી તેથી

હું તેના ચહેરાને જોઇ ના શકી.

આ બધી વિગતો સાંભળીને મને થયું કે આ બેનની હિંમત ગજબની હતી. અંધારામાં પોતાના પલંગ પાસે કોઇ માણસને ઊભેલો જોવો અને ગભરાયા વગર હિંમતથી તેનો હાથ પકડી લેવો તે કેટલું મોટું સાહસ છે ! આવે સમયે ચોરનો સામનો કરવો એ મોટું સાહસ હતું. આ કારણે જ ચોર ચેઈનને પડતો મૂકીને ભાગ્યો અને આવી બહાદુરીને કારણે બેનને બદલે ચોર ડરી ગયો ને પોતાનું કામ પૂરું કર્યા વગર ભાગ્યો. જો બેન ડરી ગઇ હોત તો ચોર કદાચ તેનું ગળું દબાવીને ચેઈન કાઢી લેત પણ અચાનક આ બેને જેવો જોરથી હાથ પકડ્યો કે તરત તે ગભરાઇને સામે થવાને બદલે પોતાને બચાવવા ભાગ્યો.

આ વિગતો સાંભળીને સૌથી પહેલા તો મેં તે બેનને શાબાશી આપી અને કહ્યું કે તે આજે સંજોગોનો સામનો કરીને સ્વ-રક્ષા પોતાના હાથે કરી ને અમો બધાને ઘણું શીખવી દીધું છે. હવે, હું જરૂર આ ઘટનાના જડમૂળમાં જઇને તેનો ઉકેલ લાવ્યા વગર છોડીશ નહીં. આ ઉકેલ લાવવા માટેની યોજનાઓ મારા મનમાં શરૂ થઇ ગઈ. મને લાગ્યું કે આ વાત જો વધારે સમય ફેલાશે તો તેનું પરિણામ ખરાબ આવશે તેથી બીજા દિવસે જ મેં કામ શરૂ કરી દીધું. મને લાગ્યું કે આ ચોરીની પાછળ કોઇ ગેંગ કામ કરી રહી છે, જેમાં કોઇ લીડરનું આ પ્લાનીંગ છે અને હોસ્ટેલની અંદરનો માણસ પણ આ કામમાં માહિતી આપીને મદદ કરતો લાગે છે; જેના વગર હોસ્ટેલની અંદર આવું કામ થઇ શકે નહીં. લીડર પાસે આ વિશે જરૂર માહિતી હોવી જોઇએ કે કયા રૂમમાં છોકરી રહે છે, જે હંમેશા ચેઈન પહેરે છે. આ છોકરી ઉપર તેની નજર હશે.

આ બધી માહિતી લીધા પછી જ તે લીડરે તેના માણસને રાતના ચેઈનની ચોરી કરવા મોકલ્યો હશે અને હોસ્ટેલની આસપાસ તેની ગેંગના માણસો આ ચોરને મદદ કરવા ગોઠવ્યા હશે. આ વિચારો આવતાં અચાનક મારા મગજમાં એક ઝબકારો થયો કે કદાચ આ બનાવ અને યુનિવર્સિટીનો સીક્યોરીટી ઓફિસર કે જેનો મને ભૂતકાળમાં કડવો અનુભવ મળી ચૂક્યો હતો તેનો આમાં કાંઈ સંબંધ હશે ? અને આ બનાવ પણ રાતના બન્યો હતો અને કોઈ વખત આ ઓફિસર રાતના હોસ્ટેલોમાં રાઉન્ડ મારવા આવતો હતો. આ સવાલે મને જરા જાગૃત કરી દીધી કે આ વહેમમાં કદાચ કાંઈ વજુદ હોય ! મને હવે લાગવા માંડ્યું કે હવે અમારી હોસ્ટેલના રાતના પટાવાળા પાસેથી આ બાબતની વધુ જાણકારી જરૂર મળશે. તેથી તેને મારા ઘરે બોલાવ્યો અને પૂછપરછ શરૂ કરી - મેં સવાલ કર્યો. 'તમે ચોરીના બનાવ વિષે શું જાણો છો?' જવાબમાં તેણે કહ્યું, 'હા બેન, મને બધી ખબર પડી છે.'

'ચોરી થઈ તે વખતે તમે ક્યાં હતા ?'

'બેન, તે સમયે હું બાથરૂમમાં હતો અને જેવી ચોર, ચોરની બૂમો સાંભળી કે હું તરત દોડીને બહાર આવ્યો.'

'તમો બાથરૂમમાં ગયા હતા ત્યારે મુખ્ય દરવાજો બંધ કરીને ગયા હતા ?' 'હા, બેન દરવાજો બંધ કરીને ગયો હતો અને ચાવી મારા પાસે હતી.'

'તો ચોર બહાર કેવી રીતે ભાગ્યો ?'

'બેન, એ જ મને સમજ નથી પડતી. મેં ઘણી તપાસ કરી પણ સમજ નથી પડતી.' 'આ બાબત તમોને કોઈ ઉપર શંકા છે ?' મેં પૂછ્યું.

'ના, બેન હું કાંઈપણ જાણતો નથી. મારા વરસોના અનુભવમાં આ પહેલો પ્રસંગ છે.' આમ તેણે વાતો કરી અને પોતાનો બચાવ કર્યો. આ ઉપરથી સ્પષ્ટ લાગતું હતું કે, તે જૂઠું બોલી રહ્યો છે. કેમકે મુખ્ય દરવાજાની ચાવી તેના પાસે હતી અને ચોર આ દરવાજા સિવાય કોઈ રીતે આવી કે ભાગી શકત નહીં. મને થયું કે હજુ થોડી વધુ તપાસ કરીને થોડા સબુત ભેગા કરું. પછી ફરી પટાવાળાને બોલાવું.

મેં ફરી તપાસ શરૂ કરી. અમારા એકજ કમ્પાઉન્ડમાં સામસામે ૩ લેડીઝ હોસ્ટેલ છે. બીજી હોસ્ટેલના રાતના પટાવાળાને એક પછી એક ખાનગીમાં મારે ઘેર બોલાવ્યા અને બધાને વિશ્વાસમાં લઈને પૂછપરછ શરૂ કરી. આ બધા પટાવાળાઓમાંથીં એક પટાવાળાએ મારા ઉપર વિશ્વાસ રાખીને જણાવ્યું કે 'ચોરીના બનાવની રાતે, રાત્રિના દશ વાગ્યા પછી યુનિવર્સિટીનો સિક્યોરીટી ઓફિસર હોસ્ટેલની બહાર તમારા રાતના પટાવાળા સાથે કાંઈક મસલત કરતો હતો. આ મેં નજરોનજર જોયું છે.' બસ, આ સત્ય હકીકતે મને એવું બળ આપ્યું કે જેના કારણે હું સફળતા મેળવી શકી. મને એમજ થયું કે ભગવાન આ રીતે મને મદદ કરી રહ્યો છે. મારો વહેમ સાચો પડશે એવું મને લાગવા માંડ્યું.

મેં ફરી અમારા પટાવાળાને ઘરે બોલાવ્યો અને તેને વિશ્વાસમાં લઈને બધી સત્ય હકીકત જણાવવા કહ્યું. મેં તેને કહ્યું, 'જો ભાઈ મને બધી ખબર પડી ગઈ છે, દરેક વાતની પાકી કડી મળી ગઇ છે. અને હવે તું કાંઇપણ ખોટું બોલીશ તો તું જાતે જ પકડાઇ જઇશ. જો તું સાચું બોલીશ તો આ વખતે હું તને જરૂર માફી અપાવીશ. આ વાતની ખાતરી રાખજે. અને કોઇપણ બહાના કાઢીને તું ખોટું બોલીશ તો ફસાતો જઇશ

અને વાત ખૂબ આગળ વધી જશે. પછી યુનિવર્સિટીમાં ખબર ફેલાઇ જતાં તારી નોકરી પણ તું ગુમાવીશ. કાંઇપણ છુપાવ્યા વગર સાચું બોલવા સિવાય તારા પાસે કોઇ ઉપાય નથી અને પોલિસની પકડમાંથી પણ તું બચી જઇશ.'

મારી આ વાતો ઉપર તેને વિશ્વાસ બેઠો અને જોરથી રડી પડ્યો. તેણે કહ્યું કે 'બેન, મને બચાવી લ્યો. જો મારી નોકરી જશે તો હું ઘરબાર બધું ગુમાવી બેસીશ અને રસ્તાનો ભિખારી બની જઇશ. તમો દયાળુ છો તેથી મને વિશ્વાસ છે કે તમો મને બચાવી લેશો. આજે હું તદ્દન સત્ય હકીકત તમારા પાસે રજૂ કરું છું અને તમોને વિશ્વાસપૂર્વક કહું છું કે આવું કામ ફરી કદી નહીં કરું.' તેણે વાતની સચ્ચાઇ બતાવતાં કહ્યું કે 'બેન, આટલા વરસો સુધી અમે હોસ્ટેલમાં પ્રામાણિકપણે વર્ત્યા છીએ, પણ આ સિક્યોરીટી ઓફિસર જ્યારથી આવ્યા છે ત્યારથી અમો બધા પટાવાળાઓ ખૂબ મુશ્કેલી અનુભવી રહ્યા છીએ. ઓફિસર એટલો બધો ખતરનાક છે કે તે ગમે ત્યારે કાંઇપણ કરી શકે છે. તેથી અમો બધા તેનાથી ખૂબ ડરીએ છીએ. તે તેની ગેંગ સાથે આવા કામો કરાવે છે. પણ કોઇ તેની સામે ડરના માર્યા બોલતું નથી. આજે તમોએ વિશ્વાસપૂર્વક વચન આપ્યું છે તેથી તમોને સાચી હકીકત જણાવું છું, જેથી યુનિવર્સિટીમાં રીપોર્ટ કરીને તમો તેના ઉપર પગલાં લેવડાવી શકશો.'

પટાવાળાએ તેના દિલની દર્દનાક કહાની સંભળાવીને ચોરીની રજેરજ હકીકત કહી કે આ કામના લીડર સીક્યોરીટી ઓફિસર છે. તેના પ્લાનીંગ પ્રમાણે તેણે ચારે તરફ ગેંગ ગોઠવી હતી અને ચોરને ચેઈનની ચોરી કરવા માટે મોકલ્યો હતો. મને કહ્યું હતું કે 'તારે દરવાજો ખુલ્લો

રાખવાનો છે, તેને તાળુ દેવાનું નથી અને આ સમય દરમ્યાન બાથરૂમમાં રહેવાનું છે. મારી ગેંગ શાંતિથી આ કામ પતાવી દેશે. કોઇને પણ ખબર નહીં પડે. તારે ગભરાવાની જરૂર નથી. કાંઇપણ થાય તો તારે મારું નામ લઇને છૂટી જવું. બધી જવાબદારી મારી છે. દશ-પંદર મિનિટમાં આ કામ પતી જશે. અને જો તું આ વાત નહીં માને તો તારી નોકરી તું ગુમાવીશ. તારું કુટુંબ દુઃખી થઇ જશે. બેન, આ વાતોથી હું એટલો બધો ડરી ગયો કે મારે તેની વાત માનવી જ પડી. તેના પ્લાન પ્રમાણે જો છોકરી જાગી ગઈ ન હોત તો તેનું કામ આસાનીથી પૂરું થઇ ગયું હોત અને કાનોકાન ખબર પણ ન પડત. આવી રીતે જ તે આવા કામો કરી રહ્યો છે.' મેં પટાવાળાને સત્ય હકીકત જણાવવા માટે આભાર માન્યો અને તારો વાળ પણ વાંકો નહીં થાય તેવો વિશ્વાસ આપ્યો. આમ, શાંતિ અને સહેલાઇથી આવા મોટા કોયડાનો અંત આવ્યો તે માટે પ્રભુનો અંતરથી પાડ માન્યો.

હવે મારે આ વાત યુનિવર્સિટીને સંપૂર્ણપણે અસરકારક બને તેવી રીતે પહોંચાડવાની હતી, જેથી કરીને યુદ્ધના ધોરણે આ કામ પાર પડે. આ ઘટનામાં સિક્યોરીટી ઓફિસર સબુત સાથે પકડાઇ ગયો હતો તે પણ એક મુખ્ય મુદ્દો હતો. હવે મારું મુખ્ય કામ એ હતું કે આ બનેલા બનાવની બધી હકીકત કે જેમાં યુનિવર્સિટીના સિક્યોરીટી ઓફિસર જેનો હોદ્દો વિદ્યાર્થિનીઓની રક્ષા કરવાનો હતો તે રક્ષક પોતે જ ભક્ષક બની ગયો હતો - તેનો રીપોર્ટ અમારા યુનિવર્સિટીના ચેરમેનને કરવાનો હતો. આ રીપોર્ટમાં આ વાત મારે પુરવાર કરવાની હતી, અને જણાવવાનું હતું કે આ ઓફિસર પોતાના હોદ્દાનો ઉપયોગ આ રીતે કરીને ભવિષ્યમાં

વિદ્યાર્થિની માટે કેટલી બધી મુસીબત ઉભી કરી શકે છે.

આ પ્રસંગના પહેલા એક પ્રસંગ મારી હોસ્ટેલમાં આ સિક્યોરીટી ઓફિસર સાથે બન્યો હતો તેના અનુસંધાનમાં મેં સ્પષ્ટ શબ્દોમાં અમારા ચેરમેનને જણાવ્યું કે હવે આ બાબતે યુદ્ધના ધોરણે પગલાં લેવાનો સમય આવી ગયો છે. મેં આ રીપોર્ટ ચેરમેનને પુરાવા સાથે મોકલ્યો, જેનું પરિણામ અદભુત આવ્યું. અમારા ચેરમેન આ બાબતની વિગતો જાણી ચોંકી ગયા અને તરત જ યુદ્ધના ધોરણે કામ શરૂ કરી દીધું. ઘણા ખાતાઓમાં તેઓએ આ ઓફિસર માટે ઝીણવટથી તપાસ કરી અને બધા તરફથી ખરાબ રીપોર્ટ મળ્યા, જેથી અમારો કેસ મજબૂત થઇ ગયો.

બધી તપાસ પૂરી થયા પછી અમારા ચેરમેનનો અમારી ઑફિસ પર જવાબ આવ્યો કે યુનિવર્સિટીની કમિટીએ સીક્યોરીટી ઓફિસરની હકાલપટ્ટીનો નિર્ણય લીધો છે. આવું કડક પગલું યુનિવર્સિટી માટે લેવું અઘરું હતું. તો પણ તે લેવાયું એ અમારા માટે ગૌરવની વાત હતી. આને કારણે વિદ્યાર્થિની ઉપરનું ભવિષ્યનું જોખમ દૂર થઇ ગયું અને આ બનાવથી વિદ્યાર્થિનીઓમાં જાગૃતિ પણ આવી ગઇ. મને એ વાતે આનંદ થાય છે કે સરોજિની નાયડુ હોસ્ટેલની એક બેનના સાહસ અને હિંમતથી વિદ્યાર્થિનીઓનું ભવિષ્ય આવા ઓફિસરના જોખમી કામથી સુરક્ષિત બની ગયું. આ સફળતાના ખરા હકદાર તો તે બેન જ છે. હોસ્ટેલમાં કેમ્પસમાં રહેતા બધા વિદ્યાર્થિનીઓને આ પ્રસંગ પ્રેરણા આપી શકે છે.

આ પ્રસંગ પછી પણ વાત પૂરી નથી થતી. લોભ અને લાલચ લોકોને કેટલી હદ સુધી નીચા પાડી શકે છે, તેનું દષ્ટાંત ફરી આપણા આ ઓફિસર અને તેની ગેંગે પૂરું કરી બતાવ્યું.

એક દિવસ સવારે એક લોકલ છાપું મારા માટે મહત્ત્વના સમાચાર લઈને આવ્યું. પહેલા પાને જ સૌથી "મોટા સમાચાર" મારા માટે એ હતા કે યુનિવર્સિટીમાં અગાઉ કામ કરતા હતા તે સીક્યોરીટી ઓફિસર તેની ગેંગ સાથે અમુક સ્થળેથી રાતના ચોરી કરતા રંગે હાથ પકડાયા આ સમાચારે અમોએ જે કામ કર્યું હતું તે કેટલું બધું મહત્વનું અને સમયસરનું હતું તે પુરવાર કરી દીધું.

તારીખ : ૧૯-૮-૨૦૧૩

લેખિકા : ઉર્મિલા એસ. ધોળકિયા
વોર્ડન (ગૃહમાતા) સરોજિની નાયડુ હોલ,
લેડીઝ હોસ્ટેલ, એમ.એસ. યુનિવર્સિટી,
વડોદરા.

★★★★★

# અનુભવાત્મક પ્રસંગ - ૩

**- ઉર્મિલાબેન સુરેન્દ્રભાઈ ધોળકિયા**

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટી (મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી) વિશ્વમાં પ્રસિદ્ધ છે. આ યુનિવર્સિટીનું માધ્યમ અંગ્રેજી હોવાથી દુનિયાભરમાંથી વિદ્યાર્થીઓ અહીં ભણવા આવે છે. દરેક વિષયની ફેકલ્ટીથી આ યુનિવર્સિટી સજ્જ છે તે ગૌરવની વાત છે. બીજી ખાસ વાત એ છે કે દેશ-વિદેશમાંથી ભણવા આવતા વિદ્યાર્થીઓને રહેવા માટેની હોસ્ટેલો પણ અહીંના જેટલી કોઇ દેશમાં નથી. વિદ્યાર્થિનીઓની ચાર (લેડીઝ હોસ્ટેલ) અને વિદ્યાર્થીની ૧૩ (બોયઝ હોસ્ટેલ) - જેની પ્રત્યેક હોસ્ટેલમાં લગભગ ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ રહે છે. આમ, એક જ કેમ્પસમાં હજારો વિદ્યાર્થીઓ પોતાના દેશની વિવિધતા લઇને આવે છે.

આવું અદ્‌ભુત કાર્ય કરવાનો જશ વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડના અગાધ જ્ઞાન-પ્રેમને ફાળે જાય છે. આ યુનિવર્સિટીની સરોજિની નાયડુ હોસ્ટેલમાં મને ગૃહમાતાના કામ માટે નિયુક્ત કરવામાં આવી. વિદ્યાનગરીના વાતાવરણમાં રહેવાનો મને અમૂલ્ય લાભ મળ્યો અને વિદ્યાર્થિનીઓ દ્વારા દેશ-વિદેશની વિવિધતાનું દર્શન થઇ ગયું. એનો મને ખૂબ આનંદ છે.

અમારી સરોજિની દેવી હોસ્ટેલમાં આફ્રિકામાં વસતા ગુજરાતી પરિવારની છોકરીઓનું પ્રમાણ સારું એવું છે. આ છોકરીઓને કારણે એક નાના આફ્રિકાએ જન્મ લીધો છે, જેમાં છોકરીઓએ એક નાનું મંડળ બનાવી લીધું છે; જેમાં રાતના ફુરસદના સમયમાં બહેનો ભેગી થાય છે

અને ગપાટાના ગોલગપ્પા ઉડાવે છે. હાસ્યના આ ફુવારાની મસ્તી જોવાની મઝા આવે છે. હું પણ કોઇ સમયે આ આનંદમાં ભાગીદાર બનવા સામેલ થઇ જઉં છું. આ ઉંમરની આ મુક્તદશા એ પણ એક અમૂલ્ય તક છે. આવો આનંદ માણતી આ છોકરીઓને જોઇને મને ખૂબ જ આનંદ થાય છે. આમ, છોકરીઓ સાથે હળવા મળવાની તક મળે છે અને ઘણી વખત તેઓ વિના સંકોચે મારા રૂમમાં આવીને નાના-મોટા 'પ્રોબ્લેમ' હોય તો તેનું નિરાકરણ કરી જાય છે. આવી રીતે પરિવારની લાગણી પણ સંતોષાય છે.

જીવનમાં પ્રસંગો બને છે તેમ હોસ્ટેલમાં પણ પ્રસંગો બની જાય છે. ફરી પાછા એક પ્રસંગની વાત રંજૂ કરું છું.

બપોરના જમ્યા પછી હું આરામ કરવા વિચારતી હતી ત્યાં દરવાજે ટકોરા પડ્યા. મેં બારણું ખોલ્યું ત્યાં મારા ફ્લેટ પાસેની લોબીમાં રહેતી સુનીતા તેની બહેનપણીઓ સાથે ઉદાસ ચહેરે ઉભી હતી. મને લાગ્યું કે જરૂર કાંઇક, અણગમતો બનાવ બની ગયો છે', તેથી મેં બેનોને રૂમમાં બોલાવી અને શું વાત બની છે તે જાણવા પ્રયત્ન કર્યો. વાતની શરૂઆત કરતાં જ સુનીતા રડી પડી.

ત્યારબાદ જરા શાંત થઇ ત્યારે તેણે વાત શરૂ કરી, "આન્ટી, આજે મારી એક ફ્રેન્ડ બહારગામથી આવવાની હતી. તેને તેડવા મારે સ્ટેશન જવું હતું તેથી હું ઉતાવળે નાહવા ગઇ અને મેં મારી સોનાની ચેઈન અને બંગડી ઉતારીને બાથરૂમમાં એક તરફ બારી પર મૂક્યા. કોઇ વખત હું દાગીના પહેરું છું ત્યારે આમ જ નહાતી વખતે ઉતારીને બાથરૂમમાં મૂકું છું અને નાહીને તરત પહેરી લઉં છુ. પણ આજે મને

સ્ટેશને જવાનું ટેન્શન હતું. તેથી ઉતાવળમાં હું દાગીના પહેરવાનું ભૂલી ગઇ અને દાગીના બાથરૂમમાં જ રહી ગયા. હું મારી બહેનપણી સાથે સ્ટેશન જવા નીકળી પડી. થોડીવાર પછી સ્ટેશન જતા રસ્તામાં મને દાગીના યાદ આવ્યા. હું ખૂબ જ ગભરાઇ ગઇ. મેં મારી બહેનપણીને સ્ટેશને મોકલી અને હું તરત જ હોસ્ટેલ પર પાછી આવી, સીધી બાથરૂમમાં ગઇ પરંતુ અફસોસ ત્યાં દાગીના નહોતા. હું ખૂબ જ ગભરાઇ ગઇ. બાજુની બાથરૂમમાં તપાસ કરી, આજુબાજુની રૂમોમાં રહેતી છોકરીઓમાં પૂછતાછ કરી પણ બધાએ કહ્યું કે આ બાબતની અમોને કાંઇ જ ખબર નથી. મારી બહેનપણીઓએ પણ તપાસ કરી પણ બધા તરફથી નકાર ના સમાચાર મળ્યા, તેથી હતાશ થઇને તમારી પાસે આવ્યા. તમોને આ બાબતનો અનુભવ છે તેથી સારું પરિણામ આવશે એવી આશા છે.'

સુનીતાની વાત સાંભળીને મને ખૂબ દુ:ખ થયું. મેં તેઓને સાત્વના આપીને આનો ઉકેલ જરૂર આવશે એવી આશા દર્શાવી. મારી હાજરીમાં આવા બનાવો બન્યા છે અને તેના ઉપર કરેલી મહેનતે સારા પરિણામ આપ્યા છે, ભગવાન કૃપાએ આમાં પણ આપણે સફળ થઇશું. આમ સમજાવીને સુનીતાને શાન્ત કરી.

સુનીતાના ગયા પછી મારું મન ચકડોળે ચડી ગયું. આ બાબતે ક્યાં અને કેવી રીતે તપાસ કરવી, ક્યાંથી માહિતી મેળવવી ? આવું કામ કોણ કરી શકે ? વિચારોનો બોજો વધતો ગયો. અમુક સિનિયર વિદ્યાર્થિનીઓ ડાહી અને વિશ્વાસ મૂકી શકાય તેવી હતી. આ છોકરીઓ હોસ્ટેલમાં ઘણો સમય થયા રહેતી હતી. તેથી અમુક છોકરીઓને શું ટેવ હોય છે વગેરેની માહિતી હતી. આ બાબતમાં ઝીણવટથી તપાસ કરવાનું

કામ તેઓને સોંપ્યું. આમ, ચારે તરફ આ કામ શરૂ કરી દીધું. પરંતુ પરિણામ દેખાતું નહોતું.

ત્રણ દિવસ થવા આવ્યા હતા. પણ આશાના કિરણો દેખાતા નહોતા. હું દરરોજ રાત્રે સુનીતાના રૂમમાં જતી હતી. બધી છોકરીઓ સુનીતાને આ શોકમાંથી બહાર લાવવા પ્રયત્ન કરતી હતી. બધા આ ઉદાસીનતાને દૂર કરવા એક જ આશ્વાસન આપતા હતા કે સુનીતા, તું શ્રદ્ધા રાખજે કે તારા નસીબમાંથી આ તારી ચીજ કોઇ લઇ શકવાનું નથી. નસીબમાં હશે તો સામેથી તારા પાસે જરૂર આવશે. આ શીખ સિવાય અમારા પાસે બીજો કોઇ ઉપાય નહોતો.

સુનીતા કહેતી હતી કે મારી મમ્મીએ પ્રેમથી મારા માટે આ દાગીનાની ડિઝાઇન તૈયાર કરાવી હતી. આ વાત મારાથી ભૂલાતી નથી. હું આ વાત મમ્મીને કેવી રીતે જણાવીશ ? આવે સમયે પોતાની મા બહુ યાદ આવે એ સ્વાભાવિક છે. આ બધી વાતો સાંભળીને ભારે હૃદયે હું મારા ફ્લેટમાં આવી. મનમાં વારંવાર 'પોઝીટીવ' વિચારો ટકોરા મારતા હતા પણ કોઇ ઉકેલ દેખાતો નહોતો. આવી સ્થિતિમાં સોફા પર જરાક આડી પડી કે તરત દરવાજાનો બેલ વાગ્યો. મનમાં ચમકારો થયો કે આ ભગવાન ઉપર રાખેલી શ્રદ્ધાનો જવાબ કદાચ હોઇ શકે !

આશાભર્યા હૃદયે મેં દરવાજો ખોલ્યો. મારી સામે જ સુનીતાના રૂમથી થોડે દૂર રહેતી મનિષા ઊભેલી દેખાઇ. તેના ચહેરા ઉપર આનંદની લહેર મને દેખાઇ, મારા અંતરમાં સુનીતાનો હસતો ચહેરો દેખાયો. મનિષાએ વાત શરૂ કરતા કહ્યું, 'આન્ટી માફ કરજો, જરા મોડી પડી છું.

પણ તમારા માટે એક ખુશખબર લાવી છું.' આ સાંભળતા જ મારું હૈયું નાચી ઉઠ્યું. મનમાં હરખ છવાઇ ગયો. હવે મનિષાની વાત મનિષાના મુખેથી સાંભળીએ. વાતની શરૂઆત કરતાં મનિષાએ કહ્યું કે આન્ટી, ચોરીની વાત સાંભળી મને ખૂબ જ દુઃખ થયું હતું. સુનીતાનું દુઃખ અને તેની વ્યથા મેં નજરોનજર જોઇ છે. મેં ત્યારે જ મનમાં નક્કી કરી લીધું હતું કે હું આ બાબતમાં ખૂબ જ કોશિશ કરીને સુનીતાના દાગીના શોધવા તનતોડ પ્રયત્ન કરીશ. મેં આ બાબતે પૂછપરછ શરૂ કરી દીધી અને એક માસ્ટર પ્લાન તૈયાર કર્યો. સૌથી પહેલા હું સુનીતાને મળી, તેની બહેનપણીઓ સાથે વાત કરી. સુનીતા કેટલા વાગે નાહવા ગઇ હતી ? જ્યારે તેને દાગીના યાદ આવ્યા અને ફરી બાથરૂમમાં ક્યારે ગઇ ? સુનીતાને કોઇ ઉપર વહેમ છે? વગેરે વિસ્તારપૂર્વક માહિતી મેળવી. તેની બહેનપણીઓએ કહ્યું કે અમોએ પણ આ બાબતે ખૂબ જ તપાસ કરી પરંતુ કોઇ માહિતી મળી નહીં. આન્ટીને પણ દરરોજ મળીએ છીએ. આજે જ આન્ટીએ કહ્યું છે કે તેઓ વિચારે છે કે હવે પોલીસનો સંપર્ક કરીને આ બાબતની જાણકારી આપવી. પરંતુ તેઓને ચિંતા છે કે પોલિસ પાસે જવાથી હોસ્ટેલમાં છોકરીઓ ઉપર કેવી અસર પડશે ? મામલો ચગડોળે તો નહીં ચઢે ને ? આવા વિચારમાં તેઓ થોડી રાહ જોવા માગે છે.

આ સાંભળી હું ખરેખર ખૂબ જ ગભરાઇ ગઇ અને મારી ખાસ બહેનપણી છે તેને વાત કરી અને અમોએ નક્કી કર્યુ કે બધી રૂમોમાં જે બાઇઓ કામ કરે છે તેને જો વિશ્વાસમાં લઇએ તો કાંઇક માહિતી મળી શકશે. આ માટે અમોને જે બાઇઓ પર વિશ્વાસ હતો અને જેઓ સૌથી જૂની બાઇઓ હતી તેને રૂમમાં બોલાવીને ઝીણવટથી પૂછપરછ શરૂ

કરી. અમે તેઓને ખાતરી આપી કે આ વાતની માહિતી કોઇને પણ જણાવવામાં નહીં આવે અને આન્ટી જો આ મામલો પોલિસને સોંપશે તો બાઈઓને પણ તકલીફ ભોગવવી પડશે. કારણ કે આ બાબતમાં પોલિસો પણ ખોટા આક્ષેપો ઠોકી બેસાડવા પ્રખ્યાત છે.

બાઈઓ પણ આ સાંભળી ગભરાઇ ગઇ અને તેઓએ બે-ત્રણ બેનોના નામો લીધા અને કહ્યું કે અમો કોઇ ખાતરી નથી આપતા કારણકે અમોએ નજરે જોયું નથી. તેથી આ બાબતમાં અમો પડવા નથી માગતા. આમ, અમોએ આ વાત ઉપર આગળ વધવાનો પ્લાન બનાવ્યો. આ પ્લાન પ્રમાણે સૌથી પહેલાં હેમા નામની છોકરીને મળવાનું મેં નક્કી કર્યું. અમારી લોબીમાં જ હેમા રહેતી હતી તેથી તેના રૂમ પાસેથી આવતા-જતા, 'કેમ છો ? શું ચાલે છે ?' આમ વ્યવહાર પૂરતો બોલવાનો સંબંધ હતો, તેથી સંકોચ રાખ્યા વગર હેમા જ્યારે રૂમમાં એકલી હતી ત્યારે તેને હું મળવા ગઇ. મને જોઇને હેમા ગભરાઇ ગઇ. તેના મોં ઉપર ઝાંખપ આવી ગઇ અને મુંઝાયેલી હોય એવું મને લાગ્યું. મેં આડી-અવળી વાતો કરીને વાતાવરણને જરા હળવું બનવા દીધું અને હેમાને મારી વાત સાંભળવા તૈયાર થાય તેટલો સમય આપ્યો. વાતવાતમાં 'હમણાં હોસ્ટેલમાં મુખ્ય શું ચાલી રહ્યું છે ?' તે મુદ્દા પર અમો બન્ને આવ્યા. આમ વાત કરતા મને મારા મનની વાત કરવાની તક મળી ગઇ.

મેં કમર કસી અને હેમાને કહ્યું કે હમણાં જે ચોરીનો બનાવ બની ગયો છે, તેણે ઘણું જ ગંભીર રૂપ લીધું છે. આ બાબતે આન્ટી ખૂબ જ સ્ટ્રીક બની ગયા છે અને એવું પણ સાંભળ્યું છે કે પોલિસખાતામાં આન્ટીની ઓળખાણ છે તેથી આ કિસ્સો પોલિસને સોંપવા વિચારી રહ્યા છે, જે

હોસ્ટેલ માટે ખૂબજ ચિંતાજનક છે. હોસ્ટેલમાં છોકરીઓની અને તેના રૂમની તપાસ થાય તો આબરૂના કાંકરા થઇ જાય અને જો પોલિસને તપાસ કરતાં કોઇ છોકરી પર વહેમ આવ્યો તો તે છોકરી ખૂબ જ મુશ્કેલીમાં આવી જાય. મેં જ્યારથી આ સાંભળ્યું છે ત્યારથી મારી તો ઊંઘ ઉડી ગઇ છે.

ધીરે ધીરે આ વાક્પ્રહાર અસર કરતો હોય એવું લાગ્યું. આ જોઇને મેં બીજો પાસો ફેક્યો. મેં કહ્યું કે આન્ટીને એવું કહેતા પણ સાંભળ્યું છે કે જો કોઇ છોકરી આ બાબતે આન્ટીને મળીને તેના મનની વાત કરશે તો આન્ટી શાંતિપૂર્વક, પ્રેમથી તેની આ વાતને સુલજાવી દેશે. કાનોકાન કોઇને ખબર પણ નહીં પડે. આન્ટીને આવા અનુભવો અગાઉ થયા પણ છે. અને છોકરીને માફી મળી પણ છે. હું આ બાબત જાણું છું તેથી બધાને આ વાત કરું છું, કોઇનું પણ ભલું થાય એવી મારી ઇચ્છા છે. આ સાંભળીને હેમા રડી પડી. તે ડરી ગઇ કે જો તપાસ કરવામાં આવશે તો તે દાગીનાને ક્યાં સંતાડશે ? તે એકલી શું કરી શકશે ? આવી ગભરામણ શરૂ થઇ ગઇ. મારા ઉપર તેને વિશ્વાસ આવ્યો કે હું છોકરીઓનું ભલું ઇચ્છીને તેને મદદ કરું છું. આ ખાતરી થતા તેને બધી સત્ય હકીકત મને જણાવી દીધી.

તેણે જ જણાવ્યું કે લોભ અને લાલચમાં ફસાઇને તેણે આ કામ કરી લીધું છે, પણ હવે તેને ડર લાગે છે કે આ ચોરીના મામલામાં તે ફસાઇ જશે અને તેનું આખું 'કેરીયર' ખતમ થઇ જશે માટે હવે શું કરવું ? તે માટે મારી સલાહ અને મદદ લેવા માટે તેણે મને વિનંતી કરી. મેં તેને શાંત પાડી અને સમજાવ્યું કે તું જરાપણ ચિંતા ના કર. તેં આજે સ્વીકારી લીધું છે તે સારામાં સારો ઉપાય છે. આન્ટી તને ચોક્કસ માફી આપીને

આ તકલીફમાંથી ઉગારી લેશે. આની તું ખાતરી રાખજે.

હેમા ગળગળી થઇને કહેવા લાગી કે હા મનિષા, મને તારા ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે કે તું મને આ ઉપાધિમાંથી જરૂર બહાર કાઢીશ. મેં કહ્યું કે હેમા તું હમણાં જ આન્ટી પાસે જા અને સત્ય હકીકત તેમને જણાવી દે અને બધા દાગીના તેમને સોંપી દે. તારો પ્રોબ્લેમ હમણાં જ 'સોલ્વ' થઇ જશે અને આન્ટી આ વિષે એક શબ્દ પણ બીજાને કહેશે નહીં અને પ્રેમથી તને હૂંફ આપશે. પરંતુ હેમા એટલી બધી ગભરાઇ ગઇ હતી કે, આન્ટી, તે તમોને મળવા આવવા મનને તૈયાર ના કરી શકી. તેણે હિંમત ગુમાવી દીધી હતી. તેણે મને કહ્યું કે, મનિષા, હું બધા દાગીના હમણાં જ તને આપી દઉં છું. તું આન્ટીને મારા વતી આ આપી દેજે અને બધું સમજાવી દેજે. આ દાગીના સહીસ્લામત તેમને સુપરત કરજે અને આવતીકાલે મારું મન શાંત થઇ જશે ત્યારે હું સામે ચાલીને આન્ટીને મળી આવીશ અને માફી માગી લઇશ.

મને પણ થયું કે હેમાની આ ઇચ્છા છે તો મને કાંઇ વાંધો નથી અને દાગીના સહીસલામત મળી જતા હતા તો આ તકને પણ ગુમાવવી ના જોઇએ. આમ, આન્ટી તમારા ઉપરનો ભારે બોજો પણ ઉતરી જતો હતો તેથી મેં દાગીના લઇ લીધા અને સીધી તમારા પાસે આવી છું. તમોને આ સુપરત કરીને હું હેમાના રૂમમાં જઇને તેને આ સારા સમાચાર આપીશ, જેથી તેને શાંતિ મળે અને રાત્રે નિરાંતે સૂઈ શકે.

હું તો આ દૃશ્ય જોઇને, દાગીનાને સહીસલામત જોઇને, આ સત્ય છે કે સપનું છે તે સમજી જ ના શકી. મને લાગ્યું કે મનિષાનું રૂપ લઇને સાક્ષાત્ લક્ષ્મીદેવી મારા ઘરે પધાર્યા છે અને સુનીતાનું સૌભાગ્ય

તેને પહોંચાડવાનું કામ મને સોંપી રહ્યા છે. આ પળની કિંમત મારા માટે અમૂલ્ય હતી. મને આ દશ્યમાં ભગવાનના દર્શન થયા. આવું કઠિન કામ ફક્ત પાંચ દિવસમાં જ સરળતાથી સંપૂર્ણપણે સફળ બની જાય તે ભગવાનની કૃપા વગર કેમ બની શકે ? બસ, હવે એ સમય આવી ગયો છે કે જ્યારે સુનીતા અને તેની બહેનપણીના ચહેરા ઉપર આનંદની વર્ષાના વરસતા ધોધ જોવાનો !

આ પળને માણવા માટે હું ઝડપથી સુનીતાના રૂમ તરફ ઉપડી. સુનીતાના રૂમમાં કરુણા અને નિરાશા છવાઇ ગયા હતા. બધી બહેનપણીઓ તેને આનંદમાં લાવવા મથી રહી હતી. આ વખતે હું પહોંચી ગઇ. મારા ચહેરા પર જ બધાની નજર હતી. મેં આનંદપૂર્વક ઘંટનાદ કર્યો કે બધા મને મીઠું મોં કરાવો અને બધાને મીઠાઇ વહેંચો. બધી છોકરીઓ મને ભેટી પડી. મેં હાથમાં સુનીતાને દેવા માટે દાગીના તૈયાર જ રાખ્યા હતા. વાતાવારણમાં વસંત ખીલી ગઇ, અને ઝાડ ઉપર પાંદડાઓ નૃત્ય કરે તેમ છોકરીઓ નાચવા લાગી. આ અદ્‌ભુત દશ્ય હજુપણ મનમાંથી ખસતું નથી. વારંવાર એ કથન યાદ આવે છે કે આપણા નસીબમાંથી કોઇ તલ માત્ર પણ લઇ શકતું નથી. આપણા પર દુઃખ આવે છે ત્યારે મન શ્રદ્ધા ગુમાવે છે. પણ જે સાચું છે તે સાચું છે જ ! માટે ગમે તેવી વિપત્તિઓ આવે તો પણ મનને અડગ રાખવું એ ધર્મનો નિયમ છે. આ શ્રદ્ધાનું બીજ આપણે શાંતિથી સહન કરવાની શક્તિ આપે છે. આ પણ કેવો ચમત્કાર ! જે વસ્તુને શોધવા અનહદ પ્રયાસો કર્યા તે ચીજ "મુકરર" થયેલી પળમાં સામે ચાલીને આવી. આ એક સત્ય હકીકત છે.

સુનીતાને આ દાગીના કેમ મળ્યા ? તે વિષે જાણવાની જિજ્ઞાસા હતી પણ આ સંજોગોમાં ખાસ કરીને હેમા માટે મારે મૌન રાખવું ખૂબ જ જરૂરી હતું. તેથી મેં સુનીતાને સમજાવી દીધું કે તું હમણાં આવા કોઇ વિચાર ના કર, ફક્ત દાગીના મળ્યાનો ભરપૂર આનંદ માણ. ઘણી ચિંતાઓ પછી આ આનંદની ઘડી આવી છે. તેથી તું તેની મજા લૂંટ.

બસ, હવે છેલ્લી વાત. જે કહ્યા વગર આ પ્રસંગ અધૂરો રહેશે. આ આખા બનાવમાં સચોટ અને અંતરના શુદ્ધભાવથી જે કામ થયું છે તેનો શ્રેય મનીષાને ફાળે જાય છે. તેના નામ પ્રમાણે (મનીષા) તેના મનની અભિલાષા પૂરી થઇ. તેના સ્વભાવની સચ્ચાઇ અને નિઃસ્વાર્થભાવે હેમાના હૃદયનું પરિવર્તન કર્યુ. અને હેમાએ તરતજ નિર્ણય લઇને મનીષા ઉપર વિશ્વાસ રાખીને બધા દાગીના સુપરત કરી દીધાં. મેં મનીષાને શાબાશી આપતા કહ્યું કે મનીષા, તે આપણી હોસ્ટેલને આજે ગૌરવનું ઘરેણું પહેરાવ્યું.

તારીખ : ૧૯-૮-૨૦૧૩

લેખિકા : ઉર્મિલા એસ. ધોળકિયા
વોર્ડન (ગૃહમાતા) સરોજિની નાયડુ હોલ,
લેડીઝ હોસ્ટેલ, એમ.એસ. યુનિવર્સિટી,
વડોદરા.

★★★★★

# અનુભવાત્મક પ્રસંગ - ૪

**- ઉર્મિલાબેન સુરેન્દ્રભાઈ ધોળકિયા**

એમ.એસ. યુનિવર્સિટી, વડોદરાનું હોસ્ટેલ કેમ્પસ ઘણું વિશાળ છે. લગભગ વીસેક હોસ્ટેલ આ કેમ્પસમાં છે. દરેક હોસ્ટેલમાં ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ રહે છે. તેથી ઘણી વખત ફૂડની ક્વોલીટી અને ફૂડનું "મેસ બીલ" માં પ્રોબ્લેમ થવાની શક્યતા રહે છે.

થોડા સમય પહેલા અમદાવાદમાં આ 'પ્રોબ્લેમ' ને કારણે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાં હડતાલ પડાવી હતી અને મામલો ગંભીર બની ગયો હતો. આ ફૂડની સંપૂર્ણ જવાબદારી વોર્ડનની રહે છે.

મેં જ્યારે હોસ્ટેલનો ચાર્જ સંભાળ્યો ત્યારે આ બાબતે મને ચિંતા હતી તેથી મેં તરત જ હોસ્ટેલની બેનોની જે વર્કીંગ કમિટી હતી તેની મિટીંગ બોલાવી. આ મિટીંગમાં બેનોને મેં પહેલો પ્રશ્ન એ જ પૂછ્યો કે, "તમો તમારી તકલીફો જણાવો, જેના ઉપર આપણે વિસ્તારથી ચર્ચા કરીને તેને દૂર કરવાનો પ્રયત્ન કરીએ." બેનોએ તરત જણાવ્યું કે દર મહિને જે ફૂડનું "મેસ બીલ" છે તે વધતું જાય છે. આનું કારણ શું છે ? મેં કહ્યું કે જરૂર, આપણે, આ મુદ્દાને પહેલો લેશું અને ઊંડાણથી તપાસ કરીને ઉકેલ લાવીશું. તમને બધાને સંતોષ મળે તેવો પ્રયત્ન કરશું.

બીજે જ દિવસે મેં આ 'પ્રોબ્લેમ' પર કામ શરૂ કર્યું. ફૂડ અને "મેસ બીલ" વિશે જે કાર્યકર્તાઓ હતા તેને બધા ફૂડ વિશેના હિસાબના ચોપડાઓ સાથે મિટીંગમાં બોલાવ્યા. મિટીંગની શરૂઆતમાં જ મેં બધાને કહ્યું કે આજે આ કામ માટે આપણે પહેલી વખત મળીએ છીએ અને બધા

મળીને એક વચન જરૂર લઇએ કે આ રસોડાના ખર્ચમાં એક પાઇ પણ વેડફાવી ના જોઇએ અને પ્રામાણિકપણે કામ કરવું પડશે. આ બાબતે એક નાનો સરખો ગોટાળો પણ ચલાવી લેવામાં નહીં આવે. આ બાબતે તમારા ભૂતકાળમાં હું જવા માગતી નથી પણ હવે આ કડક નિયમ પાળવો જ પડશે.

આ બાબતે ઘણા નિયમો બનાવ્યા અને થોડી સીનીયર વિદ્યાર્થિનીઓને પણ જવાબદારીનું કામ સોંપ્યુ, જેથી છોકરીઓને પણ વિશ્વાસ બેસે કે જે ખર્ચ આવે છે તે બરાબર છે. આ મિટીંગની અસર બરાબર થઇ. ફૂડ બીલમાં 'ઘટાડો' થવાની શરૂઆત થઇ ગઇ. ફૂડના કાર્યના જે કાર્યકરો હતા તેમાંથી થોડાને આ ફેરફારો ગમ્યા નહીં એવું મને લાગ્યું. પણ છોકરીઓને સંતોષ થયો તેથી મને આનંદ થયો. ધીરેધીરે મેસબીલમાં સારા પ્રમાણમાં ઘટાડો નોંધાયો અને તે પણ ફૂડની ક્વોલીટીની ઉત્તમતા સાથે. હોસ્ટેલના કેમ્પસની બધી હોસ્ટેલો કરતા અમારું ફૂડબીલ દર મહિને ખૂબ જ ઓછું આવવા લાગ્યું. કેમ્પસમાં આ વિષે ચર્ચા પણ થવા લાગી.

અમારા હોસ્ટેલની "વર્કીંગ કમિટી" માં પણ આ વાત રજૂ થઇ. આ મિટીંગમાં દરેક હોસ્ટેલના વોર્ડનો અને પ્રોવાઇશ ચાન્શલર જે ચેરમેન છે તેની સાથે હોસ્ટેલમાં સુધારા કેમ કરવા વગેરે બાબતે ચર્ચા કરવા મિટીંગ બોલાવાય છે. આ મિટીંગમાં ચેરમેન ખાસ આ ફૂડબીલના ઘટાડાની વાત કરીને અભિનંદન આપ્યા અને બીજા વોર્ડનોને પણ આ રીત અજમાવવા ભલામણ કરી. આ સફળતાએ અમને બધાને ઘણું શીખવ્યું.

આપણે કોઈપણ કામ નવું શરૂ કરીએ તેની અસર તો થવાની જ, થોડી સારી, થોડી નરસી (સારી નહીં) આમ બન્ને રીતે થાય તે માટે તૈયારી રાખવી પડે. હવે આ રસોડાની કામગીરીમાં જે ફેરફારો થયા તેના પછીના વાતાવરણમાં કેવું વાવાઝોડું આવ્યું તેનો ચિતાર રજૂ કરું છું.

હોસ્ટેલની સવાર એટલે એક અદ્ભુત દશ્ય ! સવારમાં પ્રભાત ઉઘડતાં જ જેમ પક્ષીઓનો કલરવ શરૂ થઇ જાય છે, તેવી જ રીતે હોસ્ટેલના સવારના વાતાવરણમાં શોરબકોર શરૂ થઇ જાય છે. બાથરૂમ તરફ દોડતી બેનો, મોડા થઇ જવાની ફરિયાદ કરતી, કામવાળી બેનોને સૂચના આપતી, બ્રેકફાસ્ટને ન્યાય આપતી, પુરજોશમાં કામો આટોપતી હોય છે. આમ, સવારથી જ પોતાની જવાબદારીનું શિક્ષણ તેઓ મેળવી લે છે. આ પણ એક હોસ્ટેલની દેન છે.

આવા પ્રભાતિયા ગાતી એક સવારે મારા કાન ઉપર થોડા ભેદી અવાજો સંભળાયા. પટાવાળાબેન છોકરીઓને સૂચના આપતા હતા કે આજે જમવાનું નહીં મળે. રસોડામાં હડતાળ છે. મારા કાન ઊભા થઇ ગયા. હું આ શું સાંભળું છું ? મારા હુકમથી જે રસોડાનો કાર્ય-વ્યવહાર ચાલે છે તે જ રસોડાને તાળાં ! અને જેની મને તલમાત્ર પણ ખબર નહીં!

મેં રસોડા ભણી દોટ મૂકી. રસોડાનું દશ્ય જોઇને હું ચોંકી ગઇ, જ્યાં દાળ-ભાત-શાક ઉકળતા હોય તેવા મોટા ચૂલાઓ ઠંડાગાર પડ્યા હતા. મુખ્ય મહારાજ અને મેસમાં કામ કરવાવાળા સ્ટાફનું નામનિશાન નહોતું. તપાસ કરતા ખબર પડી કે મહારાજની સૂચનાથી દરેક સ્ટાફ હડતાળ ઉપર ઉતરી ગયો છે. મને નવાઇ લાગી કે આ કેવી હડતાળ ?

નહીં કોઇ માંગણી કે વાટાઘાટ! નહીં કોઇ સૂચના અને સીધું આવું ઉતાવળિયું પગલું ! ૩૦૦ છોકરીઓનો જમવાનો સવાલ ! મને તો એ ચિંતા થઇ ગઇ કે આજે બાર વાગ્યે જે છોકરીઓ જમીને કૉલેજ જાય છે તેનું શું થશે ?

મેં તરત ફૂડકમિટીની બેનોને બોલાવી અને આ મુશ્કેલી તે કેવી રીતે પાર કરવી તેની ચર્ચા કરી. અમોને એવું લાગ્યું કે આ હડતાળની પાછળ કોઇ અમારી ઑફિસના કાર્યકર્તાનું રાજકરણ કામ કરી રહ્યું છે. કારણ કે નવી સુપરવાઇઝરની કમિટી નીમાઇ પછી તે લોકોની પાછલે બારણેથી આવતી કમાણી કદાચ બંધ.થઇ ગઇ હોય તેથી સીધા સાદા રસોડાના સ્ટાફને ખોટા પાઠ પઢાવી ને તેઓએ પોતાના હથિયાર બનાવ્યા હોય.

મારી ફૂડ કમિટીની બેનો સાથે ચર્ચા થયા બાદ અમોએ અમારું કામ શરૂ કર્યું. અમોએ જોયું કે મહારાજ અને બીજો સ્ટાફ રસોડાની પાછળના મેદાનમાં ભૂખ્યો, ચા પીધા વગર શાંતિથી બેઠો હતો. મેં મહારાજને મારી ઑફિસમાં બોલાવ્યા, અને હડતાળનું કારણ પૂછ્યું. મહારાજે જવાબમાં કહ્યું કે બેન, મોંઘવારી વધી ગઇ છે તેથી અમોને પગાર ઓછો પડે છે. પગાર વધારી આપો તો કામ પર ચડશું.

મેં પૂછ્યું, 'તમોએ આ માટે 'માંગણી' મૂકી હતી ?'

તેઓનો જવાબ સીધો હતો - 'ના'.

'તો પછી અમોને જણાવ્યા વગર તમો કેમ હડતાળ ઉપર ઉતરી ગયા ?' મેં તેઓને સમજાવ્યું કે નવી કમિટી બન્યા બાદ તમારો પગાર અને સગવડ બન્નેમાં વધારો કર્યો હતો અને તમોએ પણ સંતોષ વ્યક્ત

કર્યો હતો તો આજે ઓચિંતાનું આવું પગલું અમોને જણાવ્યા વગર કેમ ભર્યું ?

મારા આ પ્રશ્નનો જવાબ તેઓ આપી શક્યા નહીં. તેથી મેં તેઓને સ્પષ્ટ કહ્યું કે અમારી કમિટીની મિટીંગ બોલાવ્યા પછી જ પગારવધારાની સમસ્યાનો નિકાલ થઇ શકશે.

હવે અમારે છોકરીઓનું જમવાનું શું કરવું ? તેથી મેં નિર્ણય કરી લીધો કે આ બાબતે 'યુદ્ધના ધોરણે' કામ કરવું પડશે. તેથી હોસ્ટેલની બધી છોકરીઓને મુખ્ય હોલમાં એકત્રિત કરવા ઘંટ વગાડ્યો. છોકરીઓ ઘંટનાદ સાંભળતાં તરતજ આવી ગઇ. મેં છોકરીઓને હડતાલ વિશેની બધી પરિસ્થિતિ સમજાવી અને કહ્યું કે કોઇપણ બાબતની સૂચના અને માગણી વગર મહારાજ અને આખો સ્ટાફ હડતાલ પર ઉતરી ગયો છે. મને લાગે છે કે તેઓ આપણને ડરાવવા માગે છે. તેઓ માને છે કે અમારા વગર હોસ્ટેલને ચાલશે નહીં અને અમારી માગણી સ્વીકારવી જ પડશે. હવે આપણે નિર્ણય લેવાનો છે કે આ લોકોની સામે આપણે ઝૂકવું છે કે અડગ બનીને લડવું છે ? તમારા બધાનો જે મત હોય તે મને જણાવો. છોકરીઓના સમૂહે તરત જુસ્સાપૂર્વક જવાબ આપ્યો કે 'નહીં ઝૂકેંગે, નહીં ઝુકેંગે' મેં કહ્યું કે હું તમારી સાથે જ છું. તો ચાલો આપણે આ નારાને સાર્થક કરવા હમણાંથી જ કામમાં ઝૂકી પડીએ.

બધી છોકરીઓએ તરત જ સ્વયં-પાક બનાવવાની યોજના તૈયાર કરી લીધી. યોજના પ્રમાણે કામ કરવા માટે ગ્રુપ બનાવી લીધા અને કામની વહેંચણી કરી દીધી. રસોડાનું કામ, દાળ-શાક-અનાજ કાઢવા, લોટ બાંધવો, રોટલી વણવા, શેકવા વગેરે તમામ કામમાં ગ્રુપની છોકરીઓ

ફટાફટ કામે લાગી ગઇ. ચૂલા પેટાવવા વગેરેનું કામ અમારા કેન્ટીનના માણસોએ સંભાળી લીધું. આમ, ધમાધમ રસોડું શરૂ થઇ ગયું.

આખા રસોડામાં સંગીતમય વાતાવરણ છવાઇ ગયું. હાસ્યની છોળો ચારે તરફ પથરાઇ ગઇ. સમૂહમાં કામ કરવાની મઝાનો આનંદ અનેરો હોય છે. સ્વતંત્રપણે સૌને પોતાની કળા બતાવવાની તક મળી હતી તેથી બધા ઉત્સાહમાં ઝૂમતા હતા. આ દૃશ્ય જોઇને લાગ્યું હતું કે ખરો આનંદ-મેળો આજે જામ્યો છે. છોકરીઓની કામ કરવાની ધગશ જોઇને મારો આનંદ સમાતો નહોતો. ખરેખર, ખૂબીની વાત તો એ છે કે બાર વાગ્યા પહેલા જ ટેબલ ઉપર થાળી, વાટકા, ચમચી વિગેરે ગોઠવાઇ ગયા અને જમવાનું પીરસવા એક ગ્રુપ તૈયાર બની ગયું. છોકરીઓએ મને જમવાના હાજરી-પત્રકમાં કામ સોપ્યું હતું. તેથી બધી છોકરીઓની હાજરી પૂરવાની મને ખૂબ જ મઝા આવી.

બરાબર બાર વાગ્યે જમવાનું શરૂ થઇ ગયું અને રોજના સમયે જમીને છોકરીઓ કૉલેજ પણ પહોંચી ગઇ. છોકરીઓ માટે આમ હિંમતથી સામનો કરવાનો પ્રથમ અનુભવ હતો અને આવું કઠિન કામ પણ તેઓએ કોઇપણ તકલીફ જણાવ્યા વગર હોંશથી હસતા હસતા કર્યુ અને વિજય પ્રાપ્ત કર્યો તે હોસ્ટેલ માટે ગૌરવ લેવા જેવું હતું. હવે મુખ્ય મુદ્દાની વાત - બીજી તરફ મહારાજ અને સ્ટાફ - જે સવારથી ભૂખ્યા, ચા પીધા વગર ઝાડની નીચે બેઠા હતા. તેઓનું મગજ ઠેકાણે આવી ગયું.

બીજાની ચઢામણી ક્યાં સુધી ટકે ? આ હવાને નીકળતા વાર નથી લાગતી. તેમાં પણ સાદા અને ભોળા માણસને રાજકારણ પચી શકતું નથી એના પુરાવા રૂપ મહારાજ મારા પાસે આવ્યા અને હાથ

જોડીને માફી માગી કે બેન, અમારા બધાની ભૂલ થઇ ગઇ છે અને અમે કામ ઉપર ચડવા તૈયાર છીએ. મેં અને છોકરીઓએ પ્રેમથી આખા સ્ટાફને કહ્યું કે અમો તમારું સ્વાગત કરીએ છીએ અને હવે આજે તમો બધા ટેબલ ઉપર જમવા બેસો અને પ્રેમથી અમોએ બનાવેલી રસોઇ અમે પીરસશું તે તમો જમો તો અમોને ખૂબજ આનંદ થશે. દરરોજ તો તમો અમોને પ્રેમથી જમાડો છો. તો આજે અમોને પણ આવી તક આપો. મહારાજ અને આખો સ્ટાફ ખૂબજ શરમાઇ ગયા અને કહેવા લાગ્યા કે ના બેનો, મહેરબાની કરીને અમોને શરમાવશો નહીં - આ પ્રેમપૂર્વકના શબ્દો બોલીને બધા રસોડામાં દોડી ગયા.

આમ, સરોજિનીદેવી હોસ્ટેલની અંદર જે નાનું હિંદુસ્તાન વસે છે તેને આજે આ દૃષ્ટાંત રજૂ કરીને પુરવાર કરી દીધું કે બધા ભેદ-ભાવ ભૂલીને, ખભે ખભા મિલાવીને રાજકારણને વચમાં લાવ્યા વગર સાથે મળીને કામ કરશું તો વિજયને વરશું. આમ, અન્યાય સામે ઝૂકવું નહીં એવો અનુભવ - પાઠ બેનોએ આ હોસ્ટેલની પાઠશાળામાં શીખી લીધો.

આ પ્રસંગે ૩૦૦ કન્યાઓના હૃદયમાં એકતાનો ઝંડો રોપી દીધો અને હોસ્ટેલની 'જય' બોલાવી.

તારીખ : ૧૯-૮-૨૦૧૩

લેખિકા : ઉર્મિલા એસ. ધોળકિયા
વોર્ડન (ગૃહમાતા) સરોજિની નાયડુ હોલ,
લેડીઝ હોસ્ટેલ, એમ.એસ. યુનિવર્સિટી,
વડોદરા.

★★★★★

# અનુભવાત્મક પ્રસંગ - ૫

**- ઉર્મિલાબેન સુરેન્દ્રભાઈ ધોળકિયા**

આજે જયારે પણ હોસ્ટેલની વિદ્યાર્થિની પ્રસન્નાને યાદ કરું છું, ત્યારે મન પ્રફુલ્લ બની જાય છે. તેનામાં નામ જેવા ગુણ છે. ઘણાં વર્ષો પછી પ્રસન્નાને યાદ કરી.

પ્રસન્ના એટલે હસતું ખીલતું પુષ્પ ! તેની આંખોની મસ્તી જોઇએ તો આપણું દુઃખ ભૂલી જઇએ, વાતોડી એવી કે આપણે સમય ભૂલી જઇએ. હોસ્ટેલમાં બધાની સાથે એવી ભળી ગઇ કે જાણે દૂધમાં સાકર! આવી પ્રસન્ના મારા હોસ્ટેલની વિદ્યાર્થિની હતી.

પ્રસન્ના હોમસાયન્સની સ્ટુડન્ટ હતી. ભણવામાં હોશિયાર હતી. આવા મધુર સ્વભાવની પ્રસન્નાને યાદ કરું છું ત્યારે તેના હોસ્ટેલના જીવનનો એક પ્રસંગ યાદ આવી જાય છે. ક્યારેક ઓચિંતાની મુશ્કેલી ટપકી પડે છે અને ચિંતાનો વિષય બની જાય છે. આજે આવી થોડી ક્ષણોને વાગોળું છું.

પ્રસન્ના હોસ્ટેલમાં આવતાની સાથે છવાઇ ગઇ. મને પણ તેના હસમુખા સ્વભાવે આકર્ષી લીધી. તેનામાં નામ તેવા ગુણ હતા. એક દિવસ પ્રસન્નાએ મને જણાવ્યું, "આન્ટી, મારી સગાઇ થોડા સમય પહેલા થઇ, અને મારા 'ફીયાન્શ' પી.એચ.ડી. નું ભણવા અમેરિકા ગયા છે. તેઓ ભણવામાં ખૂબ હોશિયાર છે અને મને પણ ભણવામાં પ્રોત્સાહિત કરે છે. તેમની ઇચ્છા છે કે હું અહીંથી એમ.એસ.સી. ની ડીગ્રી પ્રાપ્ત કરું, જે અમારા બન્નેનું સપનું છે. મારા સાસુ-સસરા વડોદરાની

નજીક જ રહે છે અને તેમનું આ એક જ સંતાન છે. મારા ઉપર તેઓને ખૂબ જ પ્રેમ છે અને મને ભણાવવા માટે તેઓ ખૂબ પ્રેરણા આપે છે." હું આ સાંભળી ખુશ થઈ. આવું સંસ્કારી સાસરું મળવું તે પણ નસીબની દેન છે. આથી ઉત્તમ બીજું શું હોઇ શકે ?

થોડા સમય પછી પ્રસન્ના પોતાના સાસુ-સસરાને લઇને મારે ઘરે આવી હતી. તેઓ પણ કહેતા હતા કે પ્રસન્ના જેવી આનંદી દીકરી અમોને મળી ગઇ તેથી અમો ખૂબ જ ખુશ છીએ. આમ, તેઓ બધા પોતાની પ્રવૃત્તિ સાથે આનંદમાં સમય વીતાવી રહ્યા હતા. આવા શાંતિથી સરકતા સમયમાં એક સંકટનું એવું વાવાઝોડું આવી ગયું કે જેની કલ્પના પણ હું ના કરી શકું. આ તે કોઇ અશુભ કર્મનો ઉદય જ કહી શકાય. અચાનક આવી પડેલા સંકટની 'નજીવી' બાબતે એવી ઉગ્ર પરિસ્થિતિ પેદા કરી કે તેને કેમ સુલઝાવવી તે એક કોયડો બની ગયો; જેની વિગતો રજૂ કરું છું. એક બપોરે મારા પટાવાળાએ આવીને મને કહ્યું કે, "બેન પ્રસન્નાના સાસુ-સસરા તમોને મળવા માગે છે." મેં તેઓને મારા ઘરમાં બોલાવ્યા. તે લોકોના ચહેરા ઉપરની શોકછાયા જોઇ મને ચિંતા થઇ.

મેં થોડી સામાન્ય વાતો, કેમ છો ? શું ચાલે છે ? વગેરે દ્વારા પરિસ્થિતને થોડી હળવી કરી. તે લોકોએ કહ્યું, "અમારા માટે થોડી મુશ્કેલી ઊભી થઇ છે, તેથી તમારા પાસે દોડી આવ્યા છીએ. અમોને ખાતરી છે કે તમો જરૂર આ બાબતનો ઉપાય શોધી કાઢશો. અમે જાણીએ છીએ કે તમોને પ્રસન્ના ઉપર ખૂબ પ્રેમ છે અને તે પણ તમોને મા સમાન માને છે." મે કહ્યું, "તમારી વાત સાચી છે, પ્રસન્ના મારી દીકરી છે.મને તેના ઉપર ખૂબજ માન છે. તેને કાંઇ પણ તકલીફ થઇ હોય તો હું તેનો

ઉકેલ લાવવા તનતોડ પ્રયત્ન કરીશ. તમો જરાપણ ચિંતા કરતા નહીં. દરેક સમસ્યાનો ઉપાય હોય છે." આ સાંભળી તેઓ શાંત બન્યા અને પોતાના મનની વ્યથાની કહાની શરૂ કરી.

તેઓએ મને જણાવ્યું કે થોડા સમયથી પ્રસન્ના તેની કૉલેજના ક્લાસમાં હાજરી નથી આપતી. આનું કારણ એવું બન્યું કે પ્રસન્ના અને તેના ટીચર મેડમ વચ્ચે ચાલુ ક્લાસમાં અભ્યાસની કોઇ બાબતમાં મતભેદ પડી ગયો અને વાતવાતમાં આ અણબનાવે ક્લાસમાં જ એવું ઉગ્ર રૂપ લીધું કે મામલો ગંભીર બની ગયો. થોડી બોલાચાલી થતાં મેડમ એવા ગુસ્સે થઇ ગયા કે ક્લાસની બધી છોકરીઓ વચ્ચે પ્રસન્નાનું અપમાન કરીને ક્લાસમાંથી તેને 'ગેટ આઉટ' નું ફરમાન સંભળાવી દીધું. મેડમના આવા અપમાનભર્યા વર્તાવને કારણે તેના મન ઉપર ખૂબજ આઘાત લાગ્યો અને તે ક્લાસ છોડીને રૂમ ઉપર આવીને ખૂબજ રડી, અને મનોમન નક્કી કરી લીધું કે હવે કાલથી હું આ મેડમના ક્લાસમાં ક્યારેય પણ ભણવા નહીં જઉં, અને ભણવાનું બંધ કરી દઇશ. પ્રસન્નાના સ્વમાનને ખૂબજ ઠેસ લાગી હતી તેથી થોડું ડીપ્રેશન આવી ગયું.

આ આખા બનાવની વિગતો તેણે મારા દીકરાને વિસ્તારથી જણાવી અને તે આ મેડમ પાસે ભણવા કૉલેજ નથી જવાની એવું ચોખ્ખું જણાવી દીધું. પ્રસન્નાનો પત્ર વાંચીને મારો દીકરો ખૂબ જ ચિંતામાં પડી ગયો અને તેને પ્રસન્નાનું મન શાંત પાડે તેવી સમજવાળો પત્ર લખ્યો પણ પ્રસન્ના શાંત થઇ શકે એવી સ્થિતિમાં નહોતી. તેના મન ઉપર આઘાતની અસર ઓછી થઇ નહોતી. મનમાં તર્ક-વિતર્કોના વિચારોએ તેને 'અપસેટ' બનાવી દીધી હતી. આવા વિચારોના વમળમાં ફસાઇને

તેણે તેના ફિયાન્સને ફરી પત્ર લખીને જણાવ્યું કે હું હમણાં આગળ ભણવા નથી માગતી. તેથી તમારું ભણેલી પત્નીનું હું સપનું હું સાકાર નહીં કરી શકું એનું મને ખૂબ જ દુ:ખ છે પણ આનો ઉપાય છે. તમારું સપનું જરૂર પૂરું થશે. હું માનું છું કે આ સંબંધથી આપણે છૂટા થઈને કોઈ હોશિયાર ભણેલી બીજી છોકરી સાથે ફરી તમો સંબંધ નવો બાંધી શકો છો. તમોને જેમ યોગ્ય લાગે તેવું સ્વતંત્રપણે કરશો તો મને ખુશી થશે. મારી આમાં પૂરી સંમતિ છે.

પ્રસન્નાનો આ પત્ર વાંચીને મારો દીકરો ગભરાઈ ગયો, તે પ્રસન્નાને હૃદયપૂર્વક ચાહતો હતો. મારો દીકરો બહુ જ સમજુ છે અને આ સંબંધ આવા કારણસર તોડે એ તો તદ્દન અશક્ય છે. એ સમજે છે કે પ્રસન્ના હજુ આઘાતમાંથી બહાર નથી આવી તેથી આવા વિચારોના ભંવરમાં મુંઝાઈ રહી છે અને આવા દર્દનો એક જ ઈલાજ છે-સમય. થોડા સમય બાદ જરૂર તેનું મન શાંત અને સ્થિર થશે. ગુસ્સો ઉતરી જશે અને ગાડી પાટા ઉપર ચઢી જશે. તેને પૂરી ખાતરી હતી કે પ્રસન્ના, ડાહી અને સમજુ છે. તે બીજાનું દુ:ખ જોઈ શકતી નથી એવી લાગણીવાળી છે.

આ બાબત પર વિચાર કરીને મારા દીકરાએ અમોને લખ્યું કે તમો જરાપણ ચિંતા કરતા નહીં. સમય આવ્યે આ વાદળો ખસી જશે, જેની મને પૂરી ખાતરી છે. ફક્ત તમો એક કામ તરત જ કરજો. હોસ્ટેલના વોર્ડન ઉર્મિલાબેનને મળજો અને આ બધી વાતો કરજો. ઉર્મિલાબેન અને પ્રસન્ના વચ્ચે સારો સંબંધ છે તેથી જરૂર સારું પરિણામ આવશે. આ પત્ર વાંચીને અમો તરતજ તમોને મળવા આવ્યા છીએ. અમોને આશા છે કે તમારા સહકારથી આ ગૂંચ ઉકેલાઈ જશે.

હું આ વાત સાંભળીને ચોંકી ગઇ. પ્રસન્ના સાથે આવું બની શકે તે માન્યામાં નહોતું આવતું. પ્રસન્નાનો સ્વભાવ હું જાણતી હતી તેથી મને ખૂબજ નવાઇ લાગી પણ જીવનમાં ક્યારેક આવી જાતના બનાવો બની જાય છે તે વાસ્તવિકતાને સ્વીકારવી જ રહી.

મેં પ્રસન્નાના સાસુ - સસરાને સાંત્વના આપી અને સમજાવ્યું કે તમો જરાપણ ચિંતા કરતા નહીં. પ્રસન્નાની મેડમ સાથે મારો સારો સંબંધ છે અને પ્રસન્ના પણ સમજુ અને સંસ્કારી છે, તેને મારા ઉપર પ્રેમ છે. તેથી મને ખાતરી છે કે આ ગૂંચને ઉકેલી શકાશે. હું કાલથી જ આ સમસ્યાની પાછળ પડીને તેને સુલઝાવવાનું કામ શરૂ કરી દઇશ. તે લોકોને આશ્વાસન આપ્યું તેથી શાંતિથીં તેઓ વિદાય થયા.

પ્રસન્નાના મા-બાપની આ વ્યથાની કર્થા સાંભળીને મારું મન ખૂબ ઉદાસ થઇ ગયું. મારી નજર સમક્ષ પ્રસન્નાનો હસતો ચહેરો ખસતો નહોતો. પ્રસન્ના સાથે આવો બનાવ બને તે માનવા મારું મન તૈયાર થતું નહોતું. આટલું બધું બની ગયું અને તે કોઇને કહ્યાં વગર મનમાં મુંઝાયા કરતી હતી. મને પણ આ વાત જણાવી નહોતી તેથી મને થયું કે પ્રસન્નાએ આ વાતને ગંભીરતાથી લીધી છે. તેથી મારે સંભાળીને તે કામ કરવું પડશે. હું પ્રસન્નાના લેક્ચર મેડમને સારી રીતે ઓળખતી હતી અને તે પણ મારું માન રાખતી હતી, પરંતુ મેં તેના સ્ટુડન્ટ પ્રત્યેના વર્તાવ વિષે એવું સાંભળ્યું હતું કે તેને ગુસ્સો જલદી આવી જાય છે. તેથી અમુક સ્ટુડન્ટ તેને પસંદ કરતા નથી. આવી વાતો મારા કાને આવી હતી તેથી પ્રસન્ના અને મેડમ વચ્ચે કેમ સમાધાન કરાવવું તે મારા માટે એક કોયડો હતો. મને ખાતરી હતી કે પ્રયત્ન કરવાથી "પોઝીટીવ" પરિણામ જરૂર આવે

છે અને આ સમસ્યામાં તો ધીરજથી પ્રયત્ન કરવા સિવાય બીજો કોઈ રસ્તો જ નહોતો.

બીજે દિવસે મેં પ્રસન્નાની ખાસ બહેનપણીને મારે ઘેર બોલાવી અને પ્રસન્નાની સમસ્યા વિશે વિગતવાર જણાવવા કહ્યું. આ બહેનપણીએ જણાવ્યું કે પ્રસન્નાએ કૉલેજ જવાનું બંધ કરી દીધું છે અને રૂમમાં સૂનમૂન બનીને બેસી રહે છે અને વિચારો કર્યા કરે છે. આમ, હમણાં તેની માનસિક સ્થિતિ ડામાડોળ છે. હું તેને સમજાવવા ઘણો પ્રયત્ન કરું છું અને તમારા પાસે આવીને આ વાતનું સમાધાન કેમ થાય તે માટે ચર્ચા કરવાનું સમજાવું છું. પરંતુ તે તૈયાર નથી થતી તેને આ વાતનો ફેલાવો થાય તે ગમતું નથી. હમણાં તો તેની એક જ જીદ છે કે આ મેડમના ક્લાસમાં હું હવે જઈશ નહીં.

આ વાત જાણ્યા પછી મેં પ્રસન્નાને મારે ઘેર બોલાવી. તે મને મળવા આવી પણ ચહેરા ઉપર ઉદાસીનતા છવાઈ હતી. થોડી આડીઅવળી વાતો પછી હું મુદ્દા પર આવી. મેં કોલેજમાં કેમ જતી નથી તે સવાલથી શરૂઆત કરી. પ્રસન્નાએ પણ દિલ ખોલીને તેના મેડમ વિષેના બનાવની વાત કરી અને જણાવ્યું કે આન્ટી, હું આ મેડમના ક્લાસમાં નહીં જઉં. મેં તને શાંત પાડવા પ્રયત્ન કર્યો, જેથી સ્વાભાવિકપણે તે પોતાના મનની વાત કરી શકે. મારી ખાસ ઇચ્છા હતી કે તે એક વાત સમજે કે કોઈપણ પરિસ્થિતિ આવે તેનો સામનો કરવો જ જોઈએ. દરવાજો બંધ કરી દેવાને બદલે બીજા રસ્તાઓ શોધવા જોઈએ અને આ કામમાં મારો તને સંપૂર્ણ સહકાર છે. એવી ખાતરી આપતા મેં તેને કહ્યું કે તું આ બાબત ઉપર વિચાર કરીને નિર્ણય લે. કોઈપણ જાતનું દબાણ તારા મન

પર નહીં લેતી. તારે ઉતાવળમાં આવીને ભણવાનું છોડી દેવાની જરૂર નથી. મને એવું લાગે છે કે કારણવગર આ બનાવનો ભોગ તું બની રહી છે, જેના પરિણામે તારા કુટુંબીજનોને તકલીફ ભોગવવી પડશે.

હું જોઇ શકી કે પ્રસન્નાનું મન શાંત થતું હતું અને 'પોઝીટીવ' વિચારે ચડવા માંડી હતી. મારા મનમાં પણ આશાની કળીઓ ખીલવા માંડી હતી. આ જોઇને મેં પ્રસન્નાને કહ્યું કે, આ બાબતમાં એક 'પોઝીટીવ' પોઇન્ટ પણ છે, જેના ઉપર મને ખૂબ આશા છે અને તે એ છે કે તારા મેડમ સાથે મારા સંબંધો સારા છે. તેને મારા માટે માન પણ છે. તો આપણે આ સંબંધનો સારો લાભ લઇ શકીએ. આ બધા સંબંધો જોતાં મને લાગે છે કે એક વખત હું તારા મેડમને મળીને આ બાબતમાં તેનું શું માનવું છે તે જાણી લઉં, તો સમસ્યાને ઉકેલવામાં સરળતા પડશે. જો તારી ઇચ્છા હોય તો આ રસ્તો લઇએ.

આ વાતથી પ્રસન્નાનું મન હલકું થયું અને ચહેરા ઉપર થોડી શાંતિ દેખાઇ, પરંતુ હજુ પણ તેના મનમાં અપમાનનો ઘા ખૂંચતો હતો તેથી તેણે કહ્યું કે આન્ટી, તમારી સાથે વાતો કરીને મને આનંદ થયો. મને લાગે છે કે તમારી વાત સાચી છે, પરંતુ હું આ વિષય ઉપર થોડા વિચાર કરવા માગું છું. તેથી બે દિવસ પછી હું જરૂર તમોને મળવા આવીશ. હું પણ આ બાબતે ઉતાવળ કરીને તેના પર દબાણ લાવવા નહોતી માગતી તેથી અમો બન્ને આ વાત પર સંમત થયા, છૂટા પડતી વખતે તેણે મારો આભાર માન્યો અને વિદાય લીધી.

બીજા દિવસે હું પ્રસન્નાના મેડમને મળવા ગઇ. તેને મારા ઉપર લાગણી હતી. તેથી તેણે કહ્યું કે ઉર્મિલાબેન, તમો મને મળવા આવ્યા

તેથી મને ઘણો આનંદ થયો. અગાઉ પણ કોઇ સ્ટુડન્ટની આવી વાત હતી ત્યારે તેને હું મળી હતી તેથી આજે મારા મળવાનું કારણ તે સમજી ગઇ. મેડમના ચહેરા ઉપરથી મને એવું લાગ્યું કે તેનો ગુસ્સો પણ શાંત થઇ ગયો છે, અને આવી વાતોનો ફેલાવો થાય તે સારું નહીં એવું તેને લાગવા માંડ્યું છે. આશાની આ લીલી ઝીંડીને મેં વધાવી. મેં મેડમને કહ્યું કે તમે અને પ્રસન્ના બન્ને મારી દીકરીઓ છો એ મારા માટે ગૌરવ લેવા જેવું છે તેથી બન્ને દીકરીઓ વચ્ચે સમાધાનનો પુલ બંધાય તેવી મારી ઇચ્છા છે. મેડમે પણ તરત જવાબ આપ્યો કે હું આ જાણું છું અને આપણે જરૂર આ વાતનો ઉકેલ લાવીને જ છોડશું. આ સાંભળી મારા મનમાં આનંદ છવાઇ ગયો.

હવે આ કોયડો કેમ ઉકેલવો તેની ચર્ચા શરૂ થઇ. મેડમે કહ્યું કે મને પ્રસન્નાની વર્તણૂંક ઉપર જરાપણ દુઃખ નથી. હું જાણું છું કે તે સમજુ છે અને ભણવામાં હોશિયાર છે: પરંતુ ક્યારેક ઓચિંતાનો કોઇ પ્રસંગ એવો બની જાય છે કે આપણે ધાર્યુ ન હોય તેવું બની જાય છે. પરંતુ હુ ખરેખર ઇચ્છું છું કે પ્રસન્ના ભણવામાં ખૂબ આગળ વધે. આ માટે તમે અને હું બન્ને મળીને પ્રસન્નાનું ભણવાનું ચાલુ કરાવી દેશું.

હવે આ કામ કેવી રીતે શરૂ કરવું તેના માટે મેડમે કહ્યું કે એક રસ્તો છે, જેના દ્વારા આપણું કામ સફળ થશે. આ કામ માટે તમારે પ્રસન્નાને એક વખત મારા ક્લાસમાં આવવા માટે સમજાવવી પડશે. મને ખબર છે તે થોડી ડરી ગઇ છે પણ એક વખત ક્લાસમાં આવશે પછી હું મારી રીતે તેનું પ્રેમથી સ્વાગત કરીને બધુ નોર્મલ બનાવી દઇશ. મને પણ લાગ્યું કે આ રસ્તે બન્ને પક્ષ-ગુરુ અને શિષ્યની ગૌરવતા જળવાય

છે. તેથી હું મેડમની આ વાત સાથે સંમત થઇ અને બધુ સારું થઇ જશે એવી આશા સાથે અમો છૂટા પડ્યા.

હવે મારા માટે સૌથી મોટો સવાલ એ હતો કે પ્રસન્ના આ રસ્તાને સ્વીકારશે ? તેનું 'સ્વમાન' આમાં બાધા તો નહીં નાખે ને ! પ્રસન્નાને આ બાબત કેવી રીતે તૈયાર કરવી ? આ પ્રશ્નોએ મારી એક રાતની ઊંઘ હરી લીધી. પણ ભગવાન ઉપરની 'આસ્થા' અદ્‌ભુત છે. ખરી શાંતિ તો એ જ આપે છે.

બીજે દિવસે પ્રસન્ના મને મળવા આવી. તેનો ચહેરો જોઇને મને થયું કે તેનું મન શાંત થયું છે અને હવે તે નિર્ણય લઇ શકે એવી સ્થિતિમાં છે. તેણે સામેથી કહ્યું કે આન્ટી, મને તમારી વાત સાચી લાગે છે. મને ભણવામાં ખૂબ રસ છે અને મારા ફીયાન્સી પણ આ જ ઇચ્છે છે. મેં તરત જ તેની વાતને વધાવતા કહ્યું કે બસ, ત્યારે 'કરો કંકુના' ચાલો જે રસ્તો સાચો છે તેને જ પકડીએ. આમ તેની હોંશને વધારીને હું તેના મેડમને મળી હતી અને હકારાત્મક જે વાત થઇ હતી તે વિસ્તારથી તેને કહી. મેં તેને કહ્યું કે મને એક વાતની ખુશી છે કે તારા મેડમ શાંત બનીને સંપૂર્ણ સહકાર આપી રહ્યા છે. તેની ઇચ્છા છે કે તું ભણવામાં હોશિયાર છો. તેથી તું ખૂબ આગળ વધ. તેઓ ઇચ્છે છે કે વહેલી તકે તું ક્લાસમાં આવીને ભણવાનું શરૂ કરી દે અને ક્લાસમાં તને આવકાર આપવા માટે તેઓ રાહ જોઇ રહ્યા છે, તેથી તું તારા ક્લાસમાં જઇને દરવાજામાં પ્રવેશ કર. તારા મેડમ તને પ્રેમથી આવકાર આપી અંદર લઇ જશે.

આ સાંભળીને પ્રસન્ના થોડી તંગ થઇ ગઇ. તેના મનમાં પ્રશ્ન ઉઠ્યો કે મને દરવાજા ઉપર જોઇને મેડમ ફરી ગુસ્સે થઇ જશે તો ? ફરી બધી છોકરીઓ સામે મારું અપમાન કરશે તો મારું કેટલું ખરાબ લાગશે. આવી શંકાએ તેના મન પર કબજો લઇ લીધો. મેં તેને સમજાવી કે આ વાત તારા મનમાંથી કાઢી નાખ. તું મારા પર વિશ્વાસ રાખ કે હવે આવું કાંઇપણ નહીં બને પણ પ્રસન્ના એટલી બધી ડરી ગઇ હતી કે આ વાત માનવા તૈયાર નહોતી. પ્રસન્નાનો મૂડ જોઇને હું પણ ડરી ગઇ. મને થયું કે આ સફળતાના શિખરને જીતવું મુશ્કેલ છે. અને જો બન્ને પાર્ટી પોતાની જીદને થોડી ઢીલ નહીં આપે તો સુધરતો મામલો ફરી બગડી જશે. આવી નાજુક સ્થિતિમાંથી કેમ રસ્તો કાઢવો, તે મોટી ચિંતા બની ગઇ.

આ તૂટતા તારને જોડવા હું મથી રહી હતી. છેવટે, મેં પ્રસન્નાને સવાલ પૂછ્યો કે હવે આમાંથી રસ્તો કેમ કાઢવો ? તારા મનમાં કોઇ ઉપાય હોય તો બતાવ. થોડો વિચાર કરીને પ્રસન્નાએ કહ્યું કે આન્ટી, મને એકલા જતાં બહુ ડર લાગે છે તેથી તમે સાથે ચાલો તો જવામાં મને વાંધો નથી. હું પ્રસન્નાના મનની સ્થિતિ સમજતી હતી પણ મને એવું લાગ્યું કે મારા જવાથી મને જોઇને મેડમને માનહાનિ જેવું લાગશે તો ? અણીના સમયે મામલો બગડી જશે તો ? આમ બંન્ને પક્ષનું માન સાચવવું મુશ્કેલ હતું, અંને આ તકને પણ જવા દેવી નહોતી તેથી મેં વિચાર્યું કે હું પ્રસન્ના સાથે જઇશ, પરંતુ તેની ઘણી પાછળ રહીશ, જેથી કોઇને શક ન આવે કે હું પ્રસન્નાની સાથે છું.

મને સંપૂર્ણ ખાતરી હતી કે જેવી પ્રસન્ના દરવાજામાં દેખાશે કે તરત જ મેડમ તેને અંદર બોલાવી લેશે અને હું ખૂબ પાછળ રહીને કોઇ

ખૂણાની આડમાં ઊભી રહી જઇશ, જેથી મેડમ મને જોઇ શકે નહીં. આમ બંન્ને પક્ષના મિલન વખતે હું પીક્ચરમાં હોઇશ જ નહીં. આ પ્લાન મેં બનાવી લીધા પછી પ્રસન્નાને મેં કહ્યું "ઓ.કે. પ્રસન્ના હું તારા સાથે આવીશ." મારા હકારનો જવાબ સાંભળીને પ્રસન્ના ખુશ ખુશ થઇ ગઇ. મનમાંથી ડર પણ નીકળી ગયો, અને હિંમત આવી ગઇ.

આમ, ચિંતાનું સમાધાન થતાં અમો બન્ને ઉપડ્યા કૉલેજ તરફ. હું પાછળ હતી પણ મેં જોયું કે પ્રસન્નાના પગમાં જોર આવી ગયું હતું. મેડમને મેં પ્રસન્નાના આવવાના સમાચાર જણાવી દીધા હતા. તેથી તેઓ પણ સ્વાગત કરવા તૈયાર હતા. પ્રસન્ના પોતાના 'ઓરીજીનલ' સ્વભાવમાં આવી ગઇ હતી અને હોંશમાં, પાછળ જોયા વગર આગળ વધતી ક્લાસના દરવાજા પાસે પહોંચી ગઇ. જેવી પ્રસન્ના દરવાજા પાસે પહોંચી કે તરત જ મેડમ ખુરશી ઉપરથી ઉઠીને દરવાજા ઉપર ઉભેલી પ્રસન્નાને "વેલકમ" કહીને ભેટી પડ્યા. પ્રસન્ના પણ ખુશ થઇને મેડમને ભેટી પડી. આ દશ્યને દૂરથી જોઇને મારી આંખમાં હરખના આંસુ આવી ગયા. પ્રસન્નાનું ખૂબ ભણીને તે પોતાના ફીયાન્સના સ્વપ્ન પૂરું કરવાના કોડને સજીવન થતાં જોઇ, તેના સાસુ-સસરાના આનંદથી મલકાતા ચહેરા મારી સમક્ષ ખડા થઇ ગયા.

બીજે દિવસે સવારના પ્રસન્ના તેના સાસુ-સસરા સાથે મારા ઘરમાં આવી. તેનું આનંદથી હસતું મુખ જોઇ તેના સાસુ-સસરા મને અભિનંદન આપતાં ભેટી પડ્યા. મીઠાઇનો ડબ્બો મને આપતાં તેઓએ આશીર્વાદના અમીછાંટણા મારા ઉપર વરસાવ્યા. પ્રસન્નાના મુખ ઉપર ભણવાનું સપનું જરૂર પૂરું થશે, એવો દૃઢ નિશ્ચય ઝળહળતો હતો.

આજે પ્રસન્નાનો આ યાદગાર પ્રસંગ યાદ આવતા મારા મનમાં થોડા પ્રસંગને અનુરૂપ વિચારો આવી ગયા, જે જણાવ્યા વગર આ પ્રસંગ અધૂરો છે એવું મને લાગે છે.

"મન એટલે અસ્થિર પારો." ક્ષણમાત્રમાં તે ક્યાંથી ક્યાં પહોંચી જાય છે. આવા મનને વશ કરવું અઘરું છે. આવું મન જલદી ઉતાવળિયું પગલું ભરી લેવા તૈયાર થાય છે. આવા અણીના સમયે ક્યાંકથી જો "સાચી સમજનું" કિરણ દેખાય અને ધીરજની રામબાણ પડીકી હાથે ચડી જાય તો ઘણા અનર્થો થતાં અટકી જાય છે. આજે ઝડપથી દોડતા યુગમાં ધૈર્ય અને શાંતિ દ્વારા ઘણા અશુભ બનાવોથી બચી શકાય છે. આ પ્રસંગ આ વાતનો પુરાવો છે.

★★★★★

# ફૂલ ખીલે છે ગુલશનમાં

"ગુલ ખીલતે હૈં ગુલશન મેં" ફૂલોના સ્વભાવમાં છે ખીલવું અને ફોરમને ફેલાવવું. આ ફૂલોનું સૌંદર્ય છે. આવા પરાગ-પુષ્પો જગતને સુંદરતાથી ભરી દે છે. આ ફૂલો ભગવાનનું સર્જન છે, તો માનવી પણ ભગવાનનું સર્જન છે અને ભગવાને છૂટે હાથે બન્નેને ભરપૂર આપ્યું છે, ઓછું-વત્તું નહીં પણ સરખું, સરખા ભાગે ! તો ફૂલો જેવી મહેક માનવી પણ પ્રસરાવી શકે છે. આત્માનું અમૃત ઠાલવી શકે છે અને નજરના પ્રેમથી દરેકને વશ કરી શકે છે. સવાલ મારો એ છે કે આજે દુનિયામાંથી આવું કુદરતનું નજરાણું માનવીના જગતમાંથી ઓસરતું કેમ જાય છે ? માનવી ક્યાં થાપ ખાઈ ગયો ? માનવીની કુદરત સાથેની જુગલબંધીમાં કેમ ગાબડું પડી ગયું ? વહેતી ગંગાની "માનવતા" ની નદીઓ કયા પ્રદેશમાં ગુંગળાઈ ગઈ ? પ્રેમના ઝરણાંઓ તાલ અને લય ક્યાં ચૂકી ગયા ? આવા પ્રશ્નો ઊઠે છે પણ સમાધાન નથી મળતું. જવાબો ખોળવા મથું છું.

આવા વિચારોના વમળમાં વહેતાં, એક સત્ય-કથા નજરે ચડી ગઈ. આ કથાના પાત્રોને કુદરતની દેન સાથે સરખાવવાનું મન થઈ ગયું. મનમાં ઉઠતા સવાલ જવાબ કંઈક અંશે આ કથાના પાત્રો આપી શકશે એમ લાગવા માંડ્યું.

કથાની ઉંમર લગભગ સો વરસ જેટલી કહી શકાય. કથાના પાત્રો આજે સદેહે નથી પણ તેઓના સ્વભાવની મીઠાશ અમર બની ગઈ છે. આજે પણ આ વાત સુગંધ પ્રસરાવી રહી છે. એક સંયુક્ત

કુટુંબનો પરિવારપ્રેમ સંબંધોના તાણાવાણામાં ગુંથાઈને કેવું સ્નેહભર્યું સર્જન કરે છે તેનું ચિત્ર આ કથામાં પ્રાપ્ત થાય છે. સંસારમાં ઉઠતા પ્રશ્નો, ધર્મસંકટો અને સંઘર્ષોમાં પણ સમજની કેડી દ્વારા સાચો રસ્તો કેમ ખોળી શકાય છે તેનું રહસ્ય આ કથાના પાત્રો સમજાવી જાય છે. આવું સત્ય મેં અનુભવ્યું તેથી લખવાની હિંમત કરી બેઠી.

આ કથાના સમયને આપણે 'જૂનો જમાનો' કહી શકીએ. આ જમાનાના માણસોનું જીવન સીધું સાદું હતું. ધીરજભરી શાંતિ અને સમજના કારણે સમસ્યાઓના ઉકેલ તેઓ જલદી લાવી દેતા. સંયુક્ત કુટુંબમાં ઘરનાં સભ્યો એકબીજાની હૂંફમાં જીવતા હતા. વહેંચીને લેવા અને દેવાની ભાવના તેઓમાં જીવંત હતી. કુટુંબ પ્રત્યેની ફરજ, સંબંધોનું માન જાળવવું આવી બાબતો અગ્રસ્થાને હતી. હું અને મારું વર્ચસ્વને બદલે "આમ જ જીવાય" એવી સમજ હતી, જેને કારણે ભોળપણ ટકી રહ્યું હતું. આ ભાવથી રંગાયેલ જીવનની વાતો વાગોળવી મને ગમે છે અને આ મુદ્દાએ જ આ કથા લખવાની પ્રેરણા આપી છે.

કરમચંદભાઈનો જન્મ ગરીબ પરિવારમાં થયો. તેમના પિતા મહેનતુ અને પ્રામાણિક હતા, પરંતુ ભણેલા ન હોવાથી પગારની આવક એટલી નજીવી હતી કે પરિવારના નવ સભ્યોને બે ટંક પેટ પૂરતું ખાવાના પણ સાંસા હતા. આ અસહ્ય મુશ્કેલીનો સામનો કરવા માતુશ્રી ઈન્દ્રાબાઈએ કમર કસી. તેઓ શાંત, સમજુ અને સુશીલ હતા. કોઈ પાસે હાથ લંબાવી સ્વાભિમાન ગુમાવવા કરતાં પોતાના પગ ઉપર ઉભા રહી તેનો સામનો કરવાની તેમનામાં હિંમત હતી. આજુબાજુના લોકોના ઘરનાં દળણાં

દળી ઘરની જરૂરિયાતને પૂરી કરવા તેઓએ કઠિન પરિશ્રમ કર્યો. તેઓની સૂઝને કારણે આવા કપરા સમયમાં તેઓએ પાંચ દીકરીઓને કરિયાવર સહિત સાસરે વળાવી. બે દીકરાઓને સ્કૂલમાં મૂકી ભણાવ્યા. આ માટે તેઓએ દેવું કર્યું અને મહિને થોડી બચત કરી દેવું ચુકવતા ગયા.

કરમચંદભાઈ અને તેમના મોટાભાઈ ડોસાભાઈએ મા-બાપની આ કારમી ગરીબાઈની થપાટને ઊંડાણપૂર્વક અનુભવી હતી. આ અસહ્ય દુ:ખમાં રીબાતાં લાચાર મા-બાપને લોકો કેવી હલકી દૃષ્ટિથી જોતાં તે આ બન્ને દીકરાઓએ નજરોનજર નિહાળ્યું હતું. મા-બાપની સહનશીલતાએ બન્ને ભાઈઓને જીવનના પાઠ શીખવી દીધા હતા. તેઓએ નિશ્ચય કર્યો કે જલદી કમાઈને મા-બાપને આ સ્થિતિમાંથી ઉગારી લેવા. તેઓના જીવનમાં સુખના સૂરજનું અજવાળું પાથરી દેવું અને પ્રેમથી સેવા કરી તેમની દરેક ઇચ્છાને સંતોષથી ભરી દેવી; અને બન્યું પણ એવું જ! હૃદયના ઊંડાણની પ્રાર્થના ભગવાને સાંભળી. આ ભાઈઓને પરિશ્રમ અને પ્રામાણિકતાના ગુણો વારસામાં જ મળ્યા હતા. આ સાથે સોનામાં સુગંધ ભળે એમ લક્ષ્મીદેવીની કૃપા પણ તેઓ પર ચોતરફથી વરસી. દિવસે-દિવસે ધંધામાં વૃદ્ધિ થતી ગઈ અને ઘરમાં જાહોજલાલી છવાઈ ગઈ. બન્ને ભાઈઓની તીવ્ર ઇચ્છા હતી કે માતા-પિતાને સમૃદ્ધિના શિખર ઉપર બેસાડવા. તેમના પ્રત્યેનું ઋણ ચુકવવાની ઉતાવળ તેઓને હતી. તેથી તરત જ મોટર, બંગલો, નોકર-ચાકર, મહારાજની ફોજ ઘરમાં ઊભી કરી દીધી. સુખની વચ્ચે એક જ દુ:ખ ભાઈઓને કોરી ખાતું હતું કે

પિતા આ સુખ માણવા ભાગ્યશાળી ન બની શક્યા. ગરીબાઈની વચ્ચે તેઓએ છેલ્લો શ્વાસ લીધો હતો. કુદરતની ઇચ્છા પાસે બધા લાચાર હતા.

માતુશ્રી ઈન્દ્રાબાઈના નાનામાં નાની ઇચ્છા પૂરી કરવા બન્ને ભાઈઓ તત્પર રહેતા અને મા નું હસતું મુખ જોઈ સંતોષનો શ્વાસ લેતા. પહેલાં પુત્ર ડોસાભાઈના લગ્નપ્રસંગે માતુશ્રીએ પોતાની બધી ઇચ્છા પૂરી કરી અને ધામધૂમથી લગ્ન માણ્યા. ડોસાભાઈના પરિવારમાં સંતાનનો જન્મ થતાં દાદીમાના હરખનો પાર ના રહ્યો. કુટુંબવેલો વધતો ગયો. બે પૌત્ર અને ચાર પૌત્રીના કિલકિલાટ વચ્ચે દાદીમા ખોવાઈ ગયા.

કરમચંદભાઈ માટે પણ સારા સંસ્કારી કુટુંબની કન્યા માતુશ્રીએ શોધી કાઢી. ધામધૂમથી શરણાઈના સૂરો સાથે લગ્ન લેવાયા. આખી જ્ઞાતિને પોતાના ઘરઆંગણે જમાડી માતુશ્રીએ પોતાની ઇચ્છા પૂરી કરી.

બન્ને ભાઇઓની વહુઓ શાંત અને સમજુ હતી. સાસુ અને વહુઓ વચ્ચે મા-દીકરી જેવો સંબંધ હતો. ઘરના બધા બાળકો પણ કુટુંબ અને વડીલોની આમન્યા જાળવતા હતા. આવા એક મોટા સંયુક્ત પરિવારના ઈન્દ્રાબાઈ મોભી બની ગયા. બસ, હવે ઈન્દ્રાબાઈની એક જ તીવ્ર ઇચ્છા હતી કે કરમચંદભાઈના કુટુંબમાં પગલાનો પાડનાર જલદી આવે. આ શુભપ્રસંગની તેઓ રાહ જોતા હતા. કરમચંદભાઈ અને તેમના વહુ માણેકબેન પણ દાદીમાની હોંશ જલદી પૂરી થાય તેવું ઇચ્છતા હતા.

સમય આગળ વધતો ગયો. કરમચંદભાઇના લગ્નને ચારેક વર્ષ

થયા પણ જેની રાહ જોવાતી હતી તે પળના કોઈ ચિહ્ન દેખાતા નહોતાં. તેથી કોઇ સ્પેશીયલ ડોક્ટરની સલાહ લેવાનું નક્કી કર્યું. ડોક્ટરે કરમચંદભાઇ અને માણેકબેનની શારીરિક તપાસ કરી. છેવટે ડોક્ટરના રીપોર્ટ પરથી જાણવા મળ્યું કે માણેકબેનના શરીરમાં કોઇ ક્ષતિ હોવાના કારણે તેઓ આ જન્મ માતૃત્વ પામી શકે એમ નથી. આ સમાચારથી પરિવારના બધા સભ્યોને ખૂબ જ આઘાત લાગ્યો. માણેકબેન પ્રત્યે બધાને બહુજ પ્રેમ હતો, તેમના સ્વભાવની મીઠાશે બધાના મન હરી લીધા હતા. ઇશ્વરની દયા આ કુટુંબ પર પૂરી હતી પણ એક શેર માટીની ખોટ રહી ગઇ. માણેકબેનને પણ બાળકો ખૂબ જ વહાલા હતા અને "ખોળાનો ખૂંદનાર" તેમનું સ્વપ્ન હતું પણ કુદરતની ઇચ્છા પાસે શું ચાલે ? બધાએ આ તરફથી મન વાળી લીધું. આ પરિસ્થિતિને સ્વીકારવા સિવાય કોઇ ઉપાય નહોતો.

આવા કપરા સમયે આ 'ધર્મસંકટ' ને ટાળવા માણેકબાએ પહેલ કરી. તેઓએ સાસુ તથા પતિ પાસે મનની વાત મૂકી કે બાળક વિનાનું સૂનું ઘર ફરીથી કિલકિલાટમય થઇ શકે છે. તો શા માટે આવી ખુશાલી ઘરમાં ના લાવવી ? તેઓ માનતા હતા કે બાળકો તો ઇશ્વરની દેન છે તો આવા સંતાનોથી ઘર ને શા માટે વંચિત રાખવું ? તેમની ઇચ્છા હતી કે આ ઘરમાં બાળકો આવશે તો તેઓ પણ માતૃત્વનું સુખ પામી શકશે. તેઓને વિશ્વાસ હતો કે આ ઘરે હરએક પ્રસંગે ઘરના સભ્યોનું માન ન્યાયપૂર્વક જળવાશે. તેઓનો આ વિશ્વાસ દિલની અમીરાઇનું ઊંડાણ બતાવે છે.

આવા ઉમદા અને શ્રદ્ધાળુ ભાવથી તેઓએ પતિ અને સાસુ પાસે પોતાના મનની વાત મૂકી કે ઘરમાં પગલી પાડનારનાં પગલાં પડે તે માટે પતિએ બીજા લગ્નનો સ્વીકાર કરવો જોઇએ. આવી અઘરી વાત આમ રાજીખુશીથી સ્વીકારી લે તે દિલ કેટલું સરળ અને સમભાવી હશે ! કરમચંદભાઇ આ વાત સાંભળી ગળગળા થઇ ગયા. તેમનું હૃદય આ વાતને સ્વીકૃતિ આપવા તૈયાર નહોતુ. કરમચંદભાઇની ચિંતા એ હતી કે આ લગ્નને કારણે માણેકબેનના ભવિષ્યના સુખ, શાંતિને હાનિ પહોંચી શકે છે. માણેકબેનના સુખના ભોગે કોઇપણ બાંધછોડ કરવા તેઓ તૈયાર નહોતા, અને આ વાતને માનવા માણેકબેન તૈયાર નહોતા તેથી માણેકબેને સાસુનો સાથ લઇને વાત આગળ વધારી. છેવટે કરમચંદભાઇને સ્વીકૃતિ આપવી પડી. ઘરનું વાતાવરણ શાંતિમય રહે, કોઇને પણ માનહાનિ કે અન્યાય ના થાય તેની જવાબદારી દાદીમાએ પોતાના શિરે લીધી. આમ, આ ધર્મસંકટનો પ્રશ્ન ઉકેલાઇ ગયો.

ઈન્દ્રાબાઈની ચકોર આંખ અને અનુભવે ખાનદાન કુટુંબની સારી સુશીલ કન્યા શોધી કાઢી. સાદાઇપૂર્વક કરમચંદભાઇના બીજા લગ્ન લેવાઇ ગયા. માણેકબેને નવી વહુ ગુલાબબેનને શુભેચ્છા આપીને ઘરમાં સ્વાગત કર્યું. કરમચંદભાઇની પણ જવાબદારી ખૂબ વધી ગઇ. તેઓએ ઘરનું અને કુટુંબના દરેક સભ્યનું ખાનપાન સારી રીતે સચવાય તેની તકેદારી રાખવામાં ધ્યાન આપ્યું. ઘરમાં આવતી દરેક વસ્તુ બન્ને વહુ માટે એકસરખી આવતી હોઇ ઊંચનીચ કે મારા-તારાનો પ્રશ્ન કોઇના મનમાં ઉપસ્થિત થતો નહીં. સહુ પોતપોતાની મરજીપૂર્વક રહી શકતા. ઘરમાં મહારાજ,

નોકર-ચાકર વગેરે હોતા કામનો બોજો ખાસ નહોતો. સંયુક્ત કુટુંબની સુખ-પ્રસાદી સહુ ભોગવતા હતા. મનની ઉદારતાં અને સૌજન્યતા જીવનને સુખદ બનાવવા કેટલા જરૂરી છે તેની ઝલક અહીં મળી શકે છે. કરમચંદભાઇના સંતાનોને રમાડવાની ઇચ્છા પણ ભગવાને પૂરી કરી.

ઈન્દ્રાબાઈ વૃદ્ધાવસ્થાના ઉંબરે આવી પહોંચ્યા. પોતાના પૌત્ર અને પૌત્રીનું મુખ જોવાની તેમની ઇચ્છા ભગવાને પૂરી કરી. બન્ને દીકરાઓ માનો આ ઉછાળા મારતો ઉમળકો જોઇને ખૂબજ હરખાતા હતા. મા એ અસહ્ય દુઃખમાં સંતાનોને કેમ ઉછેર્યા હતા તેની વાતો બન્ને દીકરાઓ પોતાના સંતાનો પાસે કરતા. તેઓ માનતા કે આવી જાત અનુભવની વાતો સંતાનોને જીવનમાં સારે માર્ગે દોરશે. ઈન્દ્રાબાઈને દીકરાઓ તથા વહુઓ તરફથી ભરપૂર પ્રેમ મળ્યો. આવી સુંદર લીલીછમ કુટુંબ વાડીને ભોગવતાં તેઓએ છેલ્લો શ્વાસ લીધો.

દીકરાઓ તથા કુટુંબીજનો માટે આ વિયોગ અસહ્ય હતો. મા ના દર્શન દ્વારા જ તેઓનો દિવસ ઉગતો અને આથમતો. મા ની વિદાયથી તેઓના જીવનમાં સૂનકાર વ્યાપી ગયો. બન્ને દીકરાએ નક્કી કર્યું કે કોઇ સારા અને ઉમદા કાર્યો દ્વારા માતા-પિતાની યાદને સદા માટે અમર બનાવી દેવી. આ કાર્યો કરવા માટે તેઓએ સારી એવી રકમ રોકી એક ટ્રસ્ટ ઊભું કર્યું. આ ટ્રસ્ટ દ્વારા ઘણા કાર્યો લોકો માટે કર્યા. દરેક કાર્યમાં તેઓએ તન, મન અને ધન લગાવી દીધા. આ કાર્યોની જ્વલંત જ્યોત આજે પણ તેઓના શહેરના પાદરે પ્રકાશ ફેલાવી રહી છે, અને આ પ્રકાશ દ્વારા સમાજના લોકોમાં સ્ત્રી કેળવણી અને જ્ઞાન-વિજ્ઞાન પ્રાપ્ત

થાય તે માટે તેઓએ પોતાના માતુશ્રીના નામની કન્યાઓ માટેની ઈન્દ્રાબાઈ ગર્લ્સ સ્કુલ શરૂ કરી, જેમાં આજ સુધીમાં અગણિત કન્યાઓએ શિક્ષણ લીધું છે. પહેલા ધોરણથી S.S.C. (મેટ્રીક) સુધીનું શિક્ષણ આપતી આ સ્કુલ આજે બધા અપ ટુ ડેટ સાધનોથી પરિપૂર્ણ છે, જેવાં કે ટેનીસ કોર્ટ, ભવ્ય લાયબ્રેરી, સ્ટેજ વગેરે આ સ્કુલમાં સંપૂર્ણપણે મફત શિક્ષણ અપાય છે. આખા કચ્છ જિલ્લામાં કન્યાઓ માટેની આ પ્રથમ સ્કુલ છે.

આ સ્કુલની સામે જ એક સુંદર ભવ્ય ઇમારત શોભી રહી છે. આ છે, પિતાના નામને અમર કરતી એક સુંદર ધર્મશાળા. આ વિશાળ ધર્મશાળા ચારે તરફથી ખુલ્લા વાતાવરણમાં દરેક વટેમાર્ગુનું પ્રેમથી સન્માન કરી, આશ્રય આપે છે. અહીં કોઈપણ જ્ઞાતિના લોકો રહી શકે છે. દરેક વટેમાર્ગુ "રૈન બસેરા" કરે છે અને શહેરના લોકો થોડા દિવસ હવાફેર માટે રહેવા આવે છે. લગભગ ૮૦ વર્ષ પહેલાં બંધાયેલી આ ધર્મશાળા આજે પણ વ્યવસ્થા અને સ્વચ્છતાથી સુસજ્જ છે.

શહેરની અંદર માતુશ્રીને શ્રદ્ધાંજલી અર્પતી એક સીવણશાળા ચાલે છે, જેમાં આજ સુધી માં હજારો કન્યાઓ સીવણકામ શીખી પોતાના પગ ઉપર ઊભી રહી છે.

આ બધી સંસ્થાઓ આજે પણ એટલા સારા વહીવટ હેઠળ ચાલે છે કે લોકો હોંશે હોંશે આ સંસ્થાનો લાભ લે છે. બન્ને બંધુઓની ઉમદા ભાવના અને સખત પરિશ્રમ આ સંસ્થા સાથે સંકળાયેલા છે. અને તેના ફળ રૂપે આજ સુધી કોઇ રાજનીતિ કે ખટપટ વગર બધી સંસ્થાઓ પ્રગતિ કરી રહી છે.

માત-પિતાના આશીર્વાદથી કરમચંદભાઇના ગૃહસંસારની વાડી ખીલતી ગઇ. તેઓનું ઘર અગીયાર સંતાનો થી ભરાઇ ગયું. બધા સંતાનોએ જન્મતાવેંત બંન્ને માતાઓનો 'સમાન પ્રેમ' અનુભવ્યો. ગુલાબબેન બાળઉછેરમાં ખૂબ વ્યસ્ત રહેતા ત્યારે માણેકબેનને બાળકોની સાથે રહેવાનો અને તેનો ઉછેર કરવાનો સમય સારી પેઠે મળતો. વહેલી સવારના તેઓ બાળકોને 'જાગ મુઝ વાલા બાળ' ની કવિતા ગાઇને ઉઠાડતાં. રાતના બાળવાર્તાના રસમાં ડૂબાડી સુવરાવી દેતાં. બાળકો આવા સંસ્કાર અને સ્નેહ વચ્ચે મોટા થઇ રહ્યા હતા.

બન્ને ભાઇઓનો બહોળો પરિવાર સાથે જ રહેતો હતો. મોટાભાઇના સાત સંતાનો અને કરમચંદભાઇના અગીયાર ! આમ, બાળકોની ફોજનું ઘરમાં રાજ હતું. રાતના વડીલો અને બાળકો ભેગા થઇને ખૂબ મોજ મસ્તી માણતાં. એકબીજાની મશ્કરી કરવામાં અને ચીડવવામાં તેઓને ખૂબ આનંદ આવતો. તેમાં પણ વધુ આનંદ બાળકોને માણેકબાને ચીડવવામાં આવતો. કરમચંદભાઇનો મોટો દીકરા પ્રાણજીવન ઠાવકાઇથી માણેકબાને પૂછતો, 'મોટી માં પાડોશમાં રહેતા મેનાબેન કેવા સારા છે. તમારું કેટલું બધું માન રાખે છે, તોયે તમોને કેમ તેમની સાથે ફાવતું નથી.' હાજરજવાબી માણેકબા પણ કાંઇ ઓછા ઉતરે એવા નહોતા. પ્રાણજીવનને લહેકાથી જવાબ આપતા તેઓ કહેતા કે "બહુ ડાહ્યો થા મા, મેનાબેન કેટલાં પાણીમાં છે એ મને ખબર છે, પોતાને બહુ સમજે છે, પણ તેનામાં હીંગનોય સાર નથી."

આવી નિર્દોષ મીઠી મશ્કરીઓ બધાની વિનોદવૃત્તિને સતેજ કરતી, જેમાં નાના મોટાનો ભેદ ભૂલાઇ જતો. આવી મહેફિલ પૂરી થવાનાં ટાણે માણેકબા હંમેશાં એક નાની પણ અદ્ભુત વાત કહેતા કે, "હવે બસ,આવી, બધી નકામી વાતોને માચીશની પેટીમાં પૂરી દો." આમ, વાતવાતમાં આવી વાતોનું મૂલ્ય કાંઇ નથી એમ સમજાવી દેતા. આવા મુક્ત વાતાવરણથી ભરેલી આ મઝાની વિદ્યાપીઠ હતી.

ઘણી વખત માણેકબા અને ગુલાબબેન વચ્ચે નાની નાની બાબતે તે ચકમક ઝરી જતી. માનવનું મન સદા એક સરખું નથી રહેતું, તેમાં ઉતાર-ચઢાવ આવ્યાં કરે છે. વાસણો ભેગાં થાય એટલે ખખડે, એ પ્રમાણે અહીંયા પણ થોડા સમય માટે કોઈવખત યુદ્ધના મોરચા ખડા થઇ જતા, તે વખતે બાળકોંને આ વાતમાં ખૂબ રસ પડતો અને તેઓ મજાકમાં પોતાની રીતે બન્ને પક્ષને ઉશ્કેરવા-આગમાં ઘી ને હોમવાનું કામ કરતા. આ નાનકડા યુદ્ધની ખાસ વિશેષતા એ હતી કે આ પ્રસંગમાં બન્ને વહુઓ થોડીવાર માટે મનનો ઉભરો ઠાલવી લેતાં પણ પાછા તરત હળવા બનીને હળીમળીને સ્વસ્થ થઇ જતાં. બન્ને વહુઓના સ્વભાવમાં કડવાશનું નામનિશાન ન હોતું તેથી તરત જ પાછા હસીને વાતો કરવામાં પરોવાઇ જતા. છેવટે આવી ઘટના ઉપર પૂર્ણવિરામ મૂકતાં ગુલાબબેન હસીને કહેતા કે "ભૂલં તો થઇ જાય, બધાથી ભૂલ થાય, પણ તેથી કાંઇ ભૂલની ગાંઠને બાંધી થોડી રખાય ? એ તો એમજ હોય, આમ જ બધું ચાલે." આવી વાતો રૂડા સ્વભાવવાળા લોકોના મનમાં જ આવી શકે !

આવા સ્વભાવની અમીરાઇ જોતાં એક પ્રસંગ યાદ આવી જાય

છે. એક દિવસ ગુલાબચંદ જે ગુલાબબેનનું પાંચમું સંતાન હતું તેના કાનમાં દુઃખાવો શરૂ થયો. ગુલાબબેને જેવા તેલના ટીંપા કાનમાં નાખ્યા કે ગુલાબચંદે જોરથી ચીસ પાડી. આ ચીસ સાંભળી ને માણેકબા દોડી આવ્યા. તેઓએ જોયું કે તેલ ગરમ હોવાનાં કારણે ગુલાબચંદે ચીસ પાડી છે. એટલે તેમના ગુસ્સાનો પારો એકદમ ચઢી ગયો. ગુલાબચંદને ઝટ પોતાના કાંખમાં લઇ લીધો અને ગુલાબબેનને ગરમાગરમ સંભળાવતાં બોલ્યાં કે કાંઇ ભાન છે કે નહીં ? દીકરાને બહેરો બનાવી દેવો છે ? ગુલાબબેનની આંખો ભરાઇ આવી પણ તેઓ એક શબ્દ પણ સામો બોલ્યા નહીં. તેઓએ માની લીધું કે ભૂલ તો મારી જ છે. તેથી મૌન રહ્યા. આવી સ્વીકૃતિ દ્વારા મન ઉપર સંયમ રાખવો એ બહુ અઘરું છે. પણ બન્ને વહુઓના મનમાં ધ્યેય એક જ હતું - સંતાનનું સુખ - આ ભાવનાએ બન્નેના મનમાં સમભાવની લાગણી ઉત્પન્ન કરી હતી. તેથી બીજી વાતો ગૌણ બની જતી. સહનશીલતાની આ કઠિન કસોટી હતી.

આ પ્રસંગે મને મારી સમસ્યાઓનું નિરાકરણ કરવામાં પ્રેરણા આપી છે. મને સમજાય છે કે કુદરત સાથે નિકટતા કેળવતાં "સાચા" રસ્તાની સૂઝ ધીરે ધીરે મળતી જાય છે. મનમાં સતત એવો ભાસ થાય છે કે કુદરતી ગુણોને જીવનમાં વણી લેવા સિવાય બીજો કોઇ ઉપાય નથી. બીજાના ગુણદોષ જોવાને બદલે પોતે સુધરી જવું, એ પ્રથમ ફરજ છે.

હવે છેલ્લી વાત ! કહેવત છે કે 'જેવું જીવન તેવું મરણ' આ વાત કેટલી બધી સત્ય છે. તેનો સાક્ષાત્ પુરાવો માણેકબાના મૃત્યુ પ્રસંગે-જોવા મળ્યો.

એક દિવસ વહેલી સવારનાં માણેકબા ઉઠ્યાં, ભગવાનના મંદિરે જવા માટે ચોખા, બદામ વિગેરેની પ્રસાદી મંદિરમાં ધરાવવા માટે તૈયાર કરી એક થેલીમાં મૂકી, અને એક કલાક માટે ભગવાનનું ધ્યાન કરવા સામાયિકમાં બેઠા. આ સામાયિક જૈન ધર્મમાં એક ધ્યાનની વિધિ છે; જેમાં બેસતી વખતે એક કલાક, એક મુનિની માફક, સંસારથી મુક્ત રહેવા માટેના ખાસ પરચખાણ લેવામાં આવે છે. મતલબ કે આ સમયે તે સાધુની જેમ જળકમળવત્ બની જાય છે.

માણેકબેન હજુ સામાયિકના ધ્યાનમાં હતા ત્યાં જ તે આસન ઉપર અચાનક બેભાન બની ગયા. કુટુંબીજનો બધા ગભરાઇ ગયા અને તેમને પાણી પીવડાવવાની કોશિશ કરી ત્યારે બેભાન અવસ્થામાં અચાનક જાગૃત થઇને ફક્ત એટલું બોલ્યાં કે “મેં પરચખાણ (પ્રતિજ્ઞા) લીધા છે. તેથી મને પાણી પાશો નહીં.” આ એ જ સમય હતો કે જ્યારે માણેકબાનો આત્મા ભગવાન માટેની પ્રસાદી તૈયાર કરીને પરચખાણની સાથે, મુનિ અવસ્થામાં ભગવાન પાસે જઇ રહ્યો હતો! અને એ જ સમયે ડ્રાઇવર ગેરેજમાંથી માણેકબાને મંદિરે પહોંચાવડવા માટે કાર કાઢી રહ્યો હતો.

અંતિમ ક્ષણનું આવું પ્રભુમિલન અદ્ભુત હતું.

- ઉર્મિલા ધોળકિયા.

★★★★★

# સત્ય ઘટના પર આધારિત જીવન - ત્રિઅંકી નાટક

[**નોંધ :** આ સત્ય હકીકત છે. આ ત્રિઅંકીમાં આવતા બેન મહારાષ્ટ્રીયન છે અને હાલ મુંબઈમાં રહે છે. પોતાને મોઢે તેઓએ આ વિતક-કથા મને કહી છે. આ દર્દનાક વાત સાંભળીને મારાથી લખ્યા વગર ના રહી શકાયું. તો હવે સાંભળો મારા શબ્દોમાં મહારાષ્ટ્રીયન બેનની કરુણ કથાની સાચી કહાની.]

જીવનમાં વસંત છે તો પાનખર પણ છે. સુખ દુ:ખના રંગબેરંગી રંગોની આ મિશ્રિતધારા છે, જે વહેતી જાય છે. આવી ધારામાં વહેતી હું, આજે વહી ગયેલા પાણીની આરપાર જોઈ રહી છું. વર્તમાનના તખ્તા ઉપરથી ભૂતકાળનો પડદો ખસેડું છું.

**પ્રથમ અંક :** બાળપણનાં દશ્યોની હારમાળા શરૂ થાય છે. બાળપણ જીવનની એક સુખદ દશા છે. ના કોઈ ચિંતા કે ઉપાધિ - ફક્ત કૂદાકૂદ અને સંતાકૂકડી રમતું મન, જાણે ફિકર વગરની ફકીરી ! - આવું અમૂલ્ય બાળપણ મારા જીવનમાં આવ્યું. પરંતુ હું કમનસીબે બાળક ના બની શકી. મારા ભાગે આવ્યું જવાબદારીભર્યું બાળપણ.

અમારું મધ્યમવર્ગનું કુટુંબ, નાનું ઘર બાળકોથી ઉભરાતું. હું સૌથી મોટી અને "દીકરી" એટલે નાના ભાંડરડાઓને સાચવવા, માને ઘરકામમાં મદદ કરાવવી - આવી જવાબદારીઓનો ટોપલો મને-કમને પણ હું જાતે જ ઓઢી લેતી. 'દીકરીઓ ડાહી હોય છે' - આ કહેવતને હું જાણે સાર્થક કરતી. ક્યારેક શેરીના છોકરાઓને સંતાકૂકડી કે પાંચીકા રમતાં હું જોતી ત્યારે હડી કાઢીને રમવા દોડી જઉં, વરસાદમાં ભીંજાઉં,

ઝાડો પરથી હનુમાન જેવા કૂદકાઓ મારું - આવી ઇચ્છાઓથી મન ઉભરાઇ જતું, પરંતુ પગમાં મોટીબેનની જવાબદારીની બેડી મૌજૂદ હતી. આવી પરિસ્થિતિમાં પણ નિશાળનો સમય મારે મન અમૂલ્ય હતો કારણકે આ સમય મારો પોતાનો હતો. બેનપણીઓ સાથે ખુલ્લા મને વાતો કરી હું હળવાશ અનુભવતી, બાળપણની મીઠાશ અનુભવતી. આવું બાળપણ મારી અજાણમાં ઝટપટ વીતી ગયું અને મુગ્ધાવસ્થા આવી પહોંચી. તનમનમાં તરંગો ઉભરાવા લાગ્યા. આંખોની દુનિયા બદલાવા લાગી. સ્ત્રી-પુરૂષ વચ્ચેનો ભેદ પરખાવા માંડ્યો. મનની આંખો છાનુંછાનું જોવા પ્રયત્ન કરતી. જે અમસ્તુ લાગતું હતું તે હવે મનગમતું લાગવા માંડ્યું. યૌવનની વસંત પોતાના વાયરામાં લપેટી રહી હતી. આવી મુગ્ધ અવસ્થામાં હું પ્રવેશ પામી ચૂકી હતી. પરંતુ મા-બાપને મારી આ ઉંમરમાં ઉભી થતી સમસ્યાઓને સમજવાની ક્યાં દરકાર હતી ? તેઓની આની સમજ પણ નહોતી. તેઓનું આ અજ્ઞાન વારસાગત હતું. આ બાબતનું જાતીયતાનું શિક્ષણ તેઓ પણ પામ્યા નહોતા.

દુઃખ તો એ વાતનું છે કે આવી વારસાગત અજ્ઞાનતા હજુ આજે પણ ચાલુ જ છે. શિક્ષણની દુનિયામાં આ વિષય મહત્ત્વનો નથી બની શક્યો. આજે હું મારા નિજી અનુભવથી કહી શકું છું કે આ વિષય વગરનું જ્ઞાન એકડા વગરનાં મીંડા જેવું છે. આ વિષ-ચક્રના ખપ્પરમાં આજે કેટલીયે કુંવારી કન્યાઓ રહેંસાઇ રહી છે. મારા મનમાં પણ આ ઉંમરે અનેક પ્રશ્નો થતાં. પરંતુ અફસોસ કે હું ક્યાંયથી સાચો ઉત્તર મેળવી શકતી નહીં. નિશાળમાં બેનપણીઓ ભેગી થઇને ચૂપચાપ આ સંબંધી વાતો કરતી અને એકબીજાને પોતાનું "અજ્ઞાન" પીરસતી. કેવી ભયજનક દશા !

હું આખો દિવસ ભાંડરડાઓને રમાડતી, ઉછેરતી પણ આ કેવી રીતે પેદા થયા તે વિષે વિચાર કરવાની પણ હિંમત નહોતી. મને એ જ પ્રશ્ન સતાવી રહ્યો છે કે આવી મૂંગેમોઢે ભોળપણમાં ઉછરતી આ અજ્ઞાન બાલિકાઓને કોણ શીખવશે કે તમારી ચારે તરફ ભૂખ્યાં વરૂ જેવા જે સંયોગો તમોને લલચાવી રહ્યા છે. તે હકીકતમાં શું છે ? તેનાં કેવા ભયંકર પરિણામો છે ? આની સાચી સમજ આવી કૂમળી કન્યાઓને કોણ આપશે ? આવી અણસમજુ કન્યાઓ ખીલતાં પહેલાં જ કરમાઇ જાય છે. આવી હાલતમાં સમાજમાં તેની કેવી દુર્દશા થાય છે ! અજ્ઞાનતાપૂર્વક તેઓ સગર્ભા બની જાય છે અથવા કોઇપણ રોગનો શિકાર બની જાય છે. આવો અતિશય કડવો અનુભવ હું પામી ચૂકી છું. આવી હાલતમાં મા-બાપ પણ હાથ ઝાલવા મજબૂર બની જાય છે અને છેવટે કૂવા વગેરેનો આશરો લેવો પડે છે. આવી અંતરની વ્યથા મેં અનુભવી છે.

**નાટકનો દ્વિતીય અંક શરૂ**.... મને અઢારમું વરસ ચાલતું હતુ. યૌવનની માદક ઋતુ ખીલી રહી હતી. મનમાં પ્રેમપંખીડા પાંખ ફફડાવતા હતા. અજાણપણે હું ક્યાંક ખેંચાતી જતી હતી. મારી નજરમાં એક સોહામણો યુવાન વસી ગયો હતો. એકમેકની નજરે હૈયા સુધીની સફર પૂરી કરી નાખી હતી. ઉંમરનો તકાદો પણ સાથ પુરાવતો હતો. મારો મનગમતો યુવાન સ્વભાવે સ્નેહાળ હતો. મારાથી ચારેક વર્ષ મોટો હતો. એટલે દુનિયાદારીની ખાસ સમજ નહોતી. અમો ખાનગીમાં મળતાં, વિશ્વાસ મેળવતાં અને સ્નેહ નીતરતો સંસાર માંડશું આવા સ્વપ્નોમાં રાચતાં.

વાત આગળ વધતી ગઇ. મનોમન લગ્ન-ગાંઠથી બંધાયા અને આવાં પાયા વિનાના ઘર ઉપર સંસારરૂપી ચણતર પણ શરૂ કરી દીધું. મા-બાપ અને સમાજના સૈનિકોથી બચીને ખાનગીમાં મળવું અઘરું હતું. પણ પ્રેમીઓને કોઇ પહોંચી શક્યું છે ? અમો અમારામાં મગ્ન થઇને બહારની દુનિયા ભૂલી ગયા. વખતે વેગ પકડ્યો અને સમય પોતાનું કામ કરતો ગયો. છેવટે સમયે જ સત્ય પ્રદર્શિત કર્યું. અમારા પ્રેમની નિશાનીઓ ધીરે ધીરે મારા દેહ ઉપર પાંગરતી ગઇ. મા ની નજર સાબદી બની ગઇ. મારી દરેક હિલચાલ ઉપર મા એ નજરનો પહેરો બેસાડી દીધો.

મારી કરુણતા એ હતી કે હું પોતે જ મારી આ પરિસ્થિતિથી અજાણ હતી. આ જ્ઞાનપોથીનો 'ક' પણ હું જાણતી નહોતી. માની પ્રશ્નોભરી આંખથી હું ગભરાઇ જતી. હું હવે માની વાતો સમજવા લાગી હતી. પરંતુ મને કલ્પના પણ નહોતી કે અમારો ગુપ્ત પ્રેમ આમ આટલો જલ્દી છતો થઇ જશે. આ પરિણામે મને કંપાવી દીધી. પહેલી વખત મને વાસ્તવિકતાનું દર્શન થયું. મા એ હવે લગામનો સંપૂર્ણ દોર હાથમાં લઇ લીધો. મને વિશ્વાસમાં લઇને રજેરજ હકીકત જાણી લીધી.

મા એ ઝીણવટથી મારા પ્રેમી યુવાનના કુટુંબની તપાસ શરૂ કરી. આ તપાસમાં અંતે તેને ખાતરી થઇ ગઇ કે આ તલમાં તેલ નથી. અમારું લગ્ન શક્ય નથી. કારણ સાફ હતું. છોકરાને કોઇ જ ડાઘ લાગ્યો ન હતો. તે લોકો શ્રીમંત હતા અને કુળ ઉંચું હતુ. ત્યાં અમારા જેવાનો ભાવ કોણ પૂછે ? અને મારા જ ગમાર અબુધ મનને ક્યાં ખબર હતી કે આવા કાચી વયના, મા-બાપના પાલતુ છોકરાઓ પોતે જ કેટલાં અસહાય હોય છે । જેનામાં પાઇ કમાવાની પણ તેવડ નથી તેના વચનોનો શું ભરોસો ? મારા આ જ્ઞાનચક્ષુ ઉઘડ્યા પણ ત્યારે તો બહુ જ મોડું થઇ ગયું

હતું. હવે મા એ નક્કી કરી લીધું કે જો આવી દશામાં સમય ગુમાવશું તો લોકો અને સમાજ મારી દીકરીનો સંસાર ઉજાડી નાખશે.

આ પરિસ્થિતિમાંથી સાંગોપાંગ પાર ઉતરવા માં એ લાંબો વિચાર કરી લીધો. માની અનુભવી બુદ્ધિએ રસ્તો શોધી કાઢ્યો. આજુબાજુના પાડોશીઓ અને સગાવ્હાલાઓમાં કાંઇ બહાનું કાઢી મા મને પુના પાસેના નાના ગામડામાં અજાણ્યા સ્થળે લઇ ગઇ. સમયસર મારી પ્રથમ દીકરીનો જન્મ થયો. આના પછીના તબક્કાનું મા એ પ્લાનિંગ કરી રાખ્યું હતુ. એક અનાથાશ્રમમાં મા એ બધી વ્યવસ્થા કરી લીધી હતી, તે પ્રમાણે અનાથાશ્રમના સંચાલકને બાળકની સોંપણી કરી અમો હેમખેમ પાછા મુંબઇ આવી ગયા. લોકોમાં થોડી ગુસપુસ થઇ, પણ મામલો થાળે પડી ગયો. લોકો ફરી બીજા કિસ્સાની પંચાતમાં 'બીઝી' થઇ ગયા.

મા ને હવે મારા જલદી લગ્ન લેવડાવવાના ગોઠવણની ચિંતા પેઠી. આ ગમખ્વાર બનાવે મારી કિંમત કોડીની કરી નાખી હતી. હવે જેવો પણ મુરતિયો મળે તેના ઉપર કળશ ઢોળવો. આમ, પસંદગીની બાબતમાં મા એ ઢીલ આપી દીધી હતી. મારા મનની વાત કે સ્થિતિ જાણવાની કોઇને જરૂરત જણાઇ નહોતી. સમાજે બનાવેલ કાયદાઓની બેડીમાં હું કેદ હતી. સંજોગોએ મને "જીવતી લાશ" જેવી બનાવી દીધી હતી. હું સમજી નહોતી શકતી કે મારા કયા ગુનાની આવી અસહ્ય સજા હું ભોગવી રહી છું ! શા માટે મારી ઇચ્છા જણાવવાનો હક ગુમાવી રહી છું ? ઘરની ચાર દીવાલ વચ્ચે હું મુંઝાયા કરતી.

આખરે મા એ ઝડપથી મારા લગ્ન લેવાઇ જાય તેવો મુરતિયો શોધી કાઢ્યો. વર-કન્યા નક્કી થઇ ગયા અને લગ્નનું મુહૂર્ત પણ જોવાઇ ગયું. આમ, તાબડતોબ કરવાનું પણ ખાસ કારણ હતું. બન્ને પક્ષના મા-

બાપ્રોને પોતાના સંતાનોની સમસ્યાનું સમાધાન કરવું હતું. મને એક પ્રશ્ન પણ પૂછવાની છૂટ નહોતી. ચૂપચાપ મૂંગે મોઢે લગ્ન-મંડપમાં બેસી જવાનું હતું. આવી દબાણભરી પરિસ્થિતિમાં હું સાસરિયાના ઘરે પોંખાણી. વર-પક્ષ દ્વારા આવા ઘડીયા લગ્ન કેમ જલદી લેવાયા, તેનો ભેદ લગ્નની પ્રથમ રાતે જ ખુલી ગયો.

મારી મા એ જેને મારા જીવનની સોંપણી કરી હતી તેવા મારા જીવનસાથીએ મધુરજનીની રાતે જ મને વધામણી આપતા હોય એમ કહ્યું કે આ લગ્ન મારી મરજી વિરુદ્ધ કરવામાં આવ્યા છે. તેથી પતિ-પત્ની તરીકે મને કંશી લેવા-દેવા નથી. મા-બાપે પોતાની ઇચ્છા પૂરી કરવા મારા સાથે જબરદસ્તી કરી છે. બાકી હું તો મનથી એક મને ગમતી કન્યાને વરી ચૂક્યો છું અને તેને જ પરણીશ મારો આ નિર્ણય અફર છે !! જોયો ને ! મારા જીવનના દ્વિતીય અંકનો આ કરુણ અંત ! શયનગૃહની આ ચાર દીવાલો વચ્ચે મારે કોના પાસે ન્યાય માગવો ? દિલની જગ્યાએ તો પથ્થર જડાઇ ગયા હતા, જે બોલી શકતા નહોતા. મારે તો સ્વામીના હુકમનો સ્વીકાર કરવાનો હતો. હિંમત જેવી શક્તિનો તો મને કશો અનુભવ જ ન હતો. આમ, હું સંજોગોનો શિકાર બની.

મારા પતિએ હવે મારે તેમને કેવી રીતે સાથ આપવો તેની રૂપરેખા સમજાવી. મારા પતિએ પહેલેથી જ આ બાબતનો પ્લાન બનાવી રાખ્યો હતો અને મારા સહકારથી તેમનું આ કામ સરળ બની જાય તેવી તેમની ગણતરી હતી. બધું હવે તેમની ઇચ્છા મુજબ થવા લાગ્યું. મારા એમની એ મુશ્કેલી હતી કે તેમની પ્રેમિકાના માતાપિતા આ લગ્નના સખત વિરોધી હતા તેથી કન્યાનું અપહરણ કરવા સિવાય કોઈ છૂટકો નહોતો. આના માટેની યોજના પણ તબક્કાવાર તૈયાર હતી. છેવટે આ યોજના

પ્રમાણે અમો અમારા હનીમુનના બહાને મુંબઇ આવ્યા. બીજા દિવસે જ પોતાની પ્રેમીકાને મળવા માટે જ સ્થળ બન્નેએ નક્કી કરી રાખ્યું હતુ ત્યાં પતિદેવ પહોંચી ગયા અને ઇન્તેજારમાં ઘડીઓ ગણવા લાગ્યાં, પણ નસીબે યારી ન આપી. કન્યાના દર્શન દુર્લભ બની ગયા.

દરરોજ સમયસર પતિદેવ મુલાકાત માટે પહોંચી જતાં. પરંતુ નિરાશા અને નિસાસા સાથે પાછા ફરતા. છેવટે આ 'આશા' ઠગારી નીવડી. સાચી હકીકત સામે આવી. તપાસ કરતાં ખબર પડી કે છોકરીના મા-બાપને આ ગુપ્ત મુલાકાતની ગંધ આવી જતાં ચૂપચાપ કોઇને કાનોકાન ખબર ના પડે તેવી રીતે દીકરીને મામાને ઘરે મોકલી દીધી હતી, જ્યાં મુરતિયા સહિત લગ્નની બધી તૈયારી કરી રાખી હતી, જેથી રાતોરાત લગ્ન લેવાઇ ગયા અને આમ, ફરી એક અસહાય બાલિકાનું લગ્નની વેદી પર બલિ દેવાઇ ગયું. આવો પ્રચંડ આઘાત મારા પતિ જીરવી ના શક્યા અને કોઇને પણ જણાવ્યા વગર ચૂપચાપ રેલ્વેના પાટા ઉપર નિરાંતનો દમ હંમેશાં માટે ખેંચી લીધો.

મારી સ્થિતિ ફરી પાછી સૂડી વચ્ચે સોપારી જેવી થઇ ગઇ. સસરા-પક્ષને હું ભારરૂપ લાગવા લાગી. તેથી તાબડતોબ મને મારા પિયરે તગેડી દીધી. સ્વાર્થને સીમા હોતી નથી તેનો મને તાદશ અનુભવ થયો. આવી નિરાધાર છોકરીને મા-બાપ વગર કોણ સંઘરે ?

આમ, ફરી પાછી હું 'સાપનો ભારો' બની ગઇ. મા ની ચિંતા મારા લગ્નનું સુદર્શન ચક્ર ફેરવતી ગઇ અને હું નિશાન બનતી ગઇ.

જીવનના પ્રથમ અંકે મને 'કુંવારી માતા' બનવાની ભેટ આપી, તો બીજા અંકે વિધવાનું બિરુદ આપ્યું. હવે ત્રીજો અંક કેવા આનંદ લાવશે તેની ચિંતામાં જ મને મારી પોતાની "ચિંતા" દેખાવા લાગી. માની

પ્રચંડ શોધે ફરી એક વરરાજા મારા માટે શોધી કાઢ્યો. મારી ઉંમર ચોવીસ પૂરા કરતી હતી. યૌવનની કળીઓ પુરબહારમાં ખીલી રહી હતી. મનની આશા કે પ્યાસ કદી ખૂટ્યાં છે ? મને પણ આ આશા હતી કે હવે મારો હાથ ઝાલવા કોઇ ફટડો જુવાન આવી પહોંચશે. પરંતુ અફસોસ ! મારી આશા સદા અધૂરી રહેવા જ સર્જાયેલી હતી...

આખરે લગ્નનો દિવસ ઉગ્યો - આંગણે ઢોલ પીટાયો - અને હાય, પીસ્તાલીશ વરસનો એક આધેડ વરરાજાના રૂપમાં ડેલીમાં ડોકાયો. ભયના માર્યા મારા રૂંવાડા ઉભા થઇ ગયા. ઢોલ એટલા જોરથી પીટાતો હતો કે આમાં મારી વેદનાની વાણી કોને સંભળાય ? ફરી સંસારની જાળમાં માછલીની જેમ હું ફસાઇ. લગ્નવિધિ શરૂ થઇ. વરારાજાની બાજુમાં જ તેમના જમણા હાથ જેવી આંખોના ડોળા દ્વારા પોતાની હકૂમત પ્રદર્શિત કરતી એક ચાલીશ વરસની બાઇ બેઠી હતી. માંડવામાં મને ખબર પડી કે આ બાઇ મારા પતિની પ્રથમ પત્ની છે. ખરા અર્થમાં મારી શોક્ય !

મને લાગ્યું કે સખત ચોકી-પહેરા સાથે હું સંસારના કેદખાને જઇ રહી છું. ડર તો એ વાતનો હતો કે આ જેલર જેવી લાગતી બાઇની સત્તાના ખુદ મારા પતિ પણ શિકાર હતા. યંત્રવત હું પારકા ઘરે ગઇ. આ સાસરાને મારું ઘર કેમ કહેવાય ? જે ઘરમાં મારા પતિની પત્ની મોજૂદ હતી તે ઘરને મારું પોતીકું કેમ કહી શકું ?

સાચી વાત વિસ્તારથી જાણવા મળી કે આ પતિ પત્ની વચ્ચે મીઠો સંબંધ હતો, પૈસો પણ સારો હતો. ફક્ત એક શેર માટીની ખોટ હતી અને સંતાનની આ ખાલી જગ્યા પૂરવા માટે મારા જીવનનો ભોગ દેવાયો હતો. મારું સ્થાન આ ઘરમાં ફક્ત 'છોકરાં જણવાનું મશીન'થી

વિશેષ કાંઈ નહોતું. નિઃસંતાન દંપતીને સંતાન જોઈતું હતું તે દેવાનું મારા ભાગે આવ્યું. આ ઈચ્છા પૂરી કરવા આ લગ્નનું પ્લાન મારી બુદ્ધિશાળી શોક્યે કરી રાખ્યું હતુ.

આ સંબંધે મારા ભાગે કડક કાયદાઓ પાળવાના હતા. જેવા કે મારે પતિ સાથેનો સંબંધ ફક્ત સંતાન પ્રાપ્ત થાય તેટલો જ રાખવાંનો , મતલબ કે મારા પતિ ફક્ત મારા સંતાનોના પિતા એટલો જ મારો હક ! આ ઉપરાંત સંતાનના જન્મ પછી તેના માતૃત્વની હકદાર હું નહીં. સંતાનોને લાડ લડાવવાં, ઉછેરવાં, મોટા કરવાં - આ બધા કુદરતી હકો પણ મારે સ્વેચ્છાપૂર્વક શોક્યને આપી દેવાના ! મારા પાળેલા પશુ જેવા પતિની આ આજ્ઞા હતી. મારી ઈચ્છા - અનિચ્છાનો પ્રશ્ન જ નહોતો. સંસારની લગામ શોક્યના મજબૂત હાથમાં હતી, અને મને આ બંદૂકની અણી જ નજર સમક્ષ દેખાતી હતી. આ જેલની ચાર દીવાલ વચ્ચે જ મારે જીવ્યે છૂટકો હતો. હવે તો પિયરમાં પણ સહકારની આશા નહોતી.

આવી પરિસ્થિતિમાં મારા સંસારનો દોર ચાલ્યો. હું ત્રણ સંતાનોની માતા બની, પણ મને એવું લાગતું કે મારા હાથમાં લાડવા આવતાવેંત ઝુંટાઈ જતા હતા. ખેડેલા ખેતરનો પાક પોતે જ લણી શકતી નહોતી. આમ, જિંદગીનું ચક્કર ચાલતું રહ્યું. જીવનનો સુવર્ણકાળ કે માણવા જેવી જે પળો હતી તે સમયના ચક્રમાં હોમાતી ગઈ. આમ, ‘વસંત’ વેરવિખેર થઈને પાનખરમાં ફેરવાઈ ગઈ.

આજે મારી ઉંમર પીસ્તાલીસની આસપાસ છે. જીવનના ત્રીજા અંકમાં પ્રવેશ પામી ચૂકી છું. મારા પતિનો સ્વર્ગવાસ થઈ ગયો છે. મારી શોક્ય પણ વૃદ્ધાવસ્થાને આરે આવી પહોંચી છે. જીવન જીવવાની સાથે અનુભવપાઠ પણ હું શીખતી ગઈ છું. આજે હિંમતે મારા જીવનમાં પ્રાણ

પૂર્યા છે. મને હવે મારામાં જ રહેલી શક્તિનું જ્ઞાન પ્રાપ્ત થયું છે. આ જ્ઞાન દ્વારા સમયસૂચકતા વાપરી સત્તાની લગામ સંપૂર્ણપણે મેં હાથમાં લઇ લીધી છે. સંતાનો મોટા થઇ ગયા છે. તેઓમાં પણ સમયસર સાચી પરિસ્થિતિની સમજનાં બીજ મેં રોપી દીધાં છે અને પ્રભુકૃપાએ મારી આ હિંમતનું સારું પરિણામ હું આજે ભોગવી રહી છું.

હિંમતની આવી અમૂલ્ય કિંમત જોઇને મને થાય છે કે આવી હિંમતનું સિંચન બાળપણથી જ જો મારા જીવનમાં સિંચાયું હોત તો જીવનની કેટલીયે દુઃખ અને મજબૂરી ભરેલી કપરી પળોમાંથી મુક્તિ સમયસર મળી ગઇ હોત. આશા છે કે આ કથા બીજાના જીવનમાં હિંમત અને પ્રેરણાના પ્રાણ પૂરે..

મારી દરેક માતા-પિતાને ખાસ વિનંતી છે કે ભલે દીકરાઓને રાણાજી, શિવાજી જેવા બનાવો પણ દીકરીઓને રાણી લક્ષ્મીબાઇ જેવી બનવા માટે હિંમત અને તાલીમ બાળપણથી જ આપજો. આજથી કેટલાંય વર્ષો પહેલાં નેપોલિયને આ વાંત કહી હતી કે

કહે નેપોલિયન દેશને કરવા આબાદ,
સરસ રીત તો એ જ છે દ્યો માતાને જ્ઞાન.

★★★★★



# શિક્ષણ જ સર્વસ્વ

કચ્છના પાટનગર ભૂજ શહેરના આંગણે વિશાળ ક્ષેત્રમાં સુશોભિત એવી "ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ" ભૂજ શહેરનું એક ગૌરવભર્યું, સરસ્વતી દેવીનું સ્થાનક છે. સમસ્ત કચ્છની બાળાઓ અહીંથી શિક્ષણ મેળવી જીવનને ઉજ્જવળ કરે છે. આ સ્કૂલના શિખર ઉપર ફરકે છે જ્ઞાનની ધજા અને ફરફરતી ધજામાં ગૂંથાયેલી છે, એવા બે બાંધવોની ગાથા, જેઓએ તન, મન અને ધનથી આ વિદ્યાની વાડીને સીચી છે.

આ બન્ને બંધુઓનું નામ છે - કરમચંદભાઈ અને ડોસાભાઈ. આ જ્ઞાનપીઠ બન્ને ભાઈઓનું જીવંત સ્વપ્ન છે. આ સ્વપ્ન કેવી રીતે સાકાર બન્યું તે માટે તેઓના જીવનનો ઈતિહાસ જાણવો જરૂરી છે. આ બન્ને ભાઈઓએ ગરીબીની ગોદમાં જન્મ લીધો. તેઓના પિતા લાલચંદભાઈ ખૂબ સરળ સ્વભાવના મહેનતુ અને પ્રામાણિક હતા. દિવસના દશ કલાક કાળી મજૂરી કરવા છતાંય તેમની કમાણી કુટુંબના સભ્યોના પેટનો ખાડો પૂરવા અશક્ત હતી. દરેક સભ્યનું અર્ધુ ખાલી રહેતું પેટ આનો પુરાવો હતો. મા બિચારી લોહાના દળણાં દળે અને જે થોડા પૈસા મળે તે એક પોટલીમાં "તાત્કાલિક ખાતા" પેટે સાચવી રાખે.

મા - બાપની આ કાળી મજૂરી જોઈ મોટાભાઈ ડોસાભાઈનું દિલ દ્રવી ઉઠ્યું. તેમની ઉંમર ખેલવા-કૂદવાની હતી પણ ઘરની હાલત જોઈ સમજુ ડોસાભાઈએ કુમળી વયમાં નિશાળનું ભણતર છોડી નોકરી કરવાનું સ્વીકારી લીધું અને નોકરી અર્થે તેઓ કચ્છથી દૂર એવા કોલકત્તા

શહેરમાં પહોંચી ગયા. પોતાના કામમાં થોડા અનુભવ મેળવી પોતાના નાનાભાઈ કરમચંદભાઈને પણ કોલકત્તા બોલાવી દીધો અને બન્ને ભાઈ ઘાંચીના બળદની જેમ કામમાં જોડાઈ ગયા.

ખંતથી કામ કરતાં બન્ને ભાઈઓના અનુભવનો આંક ઝડપથી વધવા માંડ્યો. મહેનત અને પ્રમાણિકતાથી વેપારીઓનો વિશ્વાસ મેળવી લીધો. બજારમાં આબરૂ અને ઈજ્જત વધવા માંડી. ધીરે-ધીરે વેપારના ક્ષેત્રમાં આગળ વધતા ગયા. લક્ષ્મીદેવીની કૃપા વરસતી રહી. જોતજોતામાં કમાણીનો આંક આસમાન તરફ વધવા લાગ્યો. એક બહુજ પ્રતિષ્ઠિત કંપનીએ બન્ને ભાંઈઓને કંપનીમાં પાર્ટનર બનાવી દીધા. ધનવાન બનવાની સાથે મા-બાપે રોપેલાં સંસ્કારના બીજો પણ વિકસતા ગયા. નમ્રતા અને સાદાઈને તેઓએ જીવનમાં અગ્રતા આપી.

ગરીબાઈના અનુભવોએ પણ સાચી દિશા બતાવી, પરિણામે બીજાની ગરીબાઈનું દુઃખ દૂર કરવાની ભાવનાએ જન્મ લીધો. ગરીબાઈના રોગને દૂર કરવાનું ઓસડ દાન છે. અને તે પણ જ્ઞાન દેવીને ચરણે આવા સદ્‌વિચારો અને સદ્‌ભાવથી સારાં કામો કરવાની પ્રેરણા મળી. તકને ઝડપી લઈને અમલમાં મૂકવાની મનમાં ગાંઠ વાળી અને પ્રતિજ્ઞા લીધી કે જે પણ કમાણી થાય તેનો દશાંશ ભાગ દાન દેવા માટે જુદો રાખવો. ગરીબીએ હજુ તેમનો સાથ છોડ્યો નહોતો. પણ દાન માટે બેંકમાં પૈસા જમા કરવાનો નિશ્ચય પાકો હતો. આ પૈસાનો સદુપયોગ કરવા વિચારો અને યોજનાઓની રૂપરેખા તેઓએ બનાવી લીધી અને શરૂ કર્યો તાત્કાલિક અમલ ! શુભમ્ શીઘ્રમની માફક.

સૌથી પહેલી યોજનામાં સ્થાન લીધું - સ્ત્રી શિક્ષણના ખાતાએ. આ યોજના હેઠળનું સૌથી પહેલું કાર્ય હતું બાળાઓ માટે સ્કૂલની સ્થાપના. આજથી લગભગ ૧૦૦ વર્ષ પહેલાંની આ વાત છે. એ જમાનામાં બાળાઓનું અક્ષરજ્ઞાન નહિવત્ જેવું હતું. કારણ કે ગામમાં કન્યાઓ માટે નિશાળનું નામનિશાન પણ નહોતું. સમાજના દરેક માતા-પિતામાં એવી માન્યતા હતી કે છોકરી ભણશે તો વંઠી જશે. મા-બાપની આબરૂ ઉપર પાણી ફેરવશે અને પરિણામે સમાજને નીચું જોવાનું થશે. તેથી સમાજને બચાવવા માટે સ્ત્રી શિક્ષણનો બહિષ્કાર કરવો જરૂરી છે. આવી માન્યતાઓએ સમાજમાં એવા ઊંડા મૂળિયા વાવ્યા હતા કે આ વાવડીને ચસકાવવા ધોળા દિવસે તારા જોવા પડે. અંધારાને ઉલેચવું પડે. આવા કપરાં કાર્યને પૂરું કરવાનું બીડું હિંમતથી ઝડપી, બન્ને ભાઈઓએ કમર કસીને કામના શ્રી ગણેશ કર્યા.

ગામની વચ્ચે એક ઘરના ઓરડામાં સ્કૂલ શરૂ કરવાનું નક્કી કર્યું, જેથી ગામની છોકરીઓને ઘર આંગણે જ નિશાળ મળી જાય. આ કામ માટે શિક્ષિકાબેનને શોધવું અને ભણાવવા માટે તૈયાર કરવા એ સૌથી વધુ કપરું કામ હતું. આ કામ માટે લક્ષ્મીબેન નામના એક બેનને સમજાવીને તૈયાર કર્યા. લક્ષ્મીબેનને સમાજના વિરોધનો ખૂબ ડર હતો અને બન્યું પણ એવું જ. લક્ષ્મીબેન જેવા સ્કૂલ આવવા માટે નીકળ્યા કે સમાજનું ટોળું ઈંટ અને પથ્થર સાથે રસ્તા વચ્ચે તેમને રોકવા હાજર થઈ ગયું. લક્ષ્મીબેને હિંમત કરીને તેઓને સમજાવીને સામનો કરવા બહુ પ્રયત્ન કર્યો પણ તેમનું શું ગજુ ? પથ્થરના ઘાએ તેમને પાછા વળવા મજબૂર કરી દીધા. હિંસાભર્યું ઝનૂન ઉગ્ર હતું.

આ પરિસ્થિતિ જોઈ બન્ને ભાઈઓને લાગ્યું કે, આ તો રેતીમાંથી તેલ કાઢવા જેવું છે. પણ પીછેહઠ કેમ કરાય? તેઓને પોતાના આત્મબળમાં વિશ્વાસ હતો. ધીરજ અને હિંમતને જીવનનું સૂત્ર બનાવ્યું હતું. છેવટે આ મુશ્કેલીમાંથી તેઓએ માર્ગ શોધી કાઢ્યો. ભાવનગરમાં તે સમયે ગિજુભાઈ બધેકા, જેઓ સમાજસુધારક અને સ્ત્રી શિક્ષણના પ્રખર હિમાયતી હતા. બન્ને ભાઈઓએ તેમની સાથે સંપર્ક સાધી પોતાની મુશ્કેલી વર્ણવી. ગિજુભાઈએ ઉકેલ આણ્યો. તેઓએ મનોરમાબેન નામની એક શિક્ષિકાબેન કે જેઓ સેવાભાવી, નીડર અને આદર્શવાદી હતા તેમને આ મુશ્કેલ કામ માટે પસંદ કર્યા.

મનોરમાબેને આ ચેલેંજ સ્વીકારી લીધી. ફરી પાછો એ જ દોર શરૂ થયો. એકતરફ રસ્તાની વચ્ચોવચ મનોરમાબેન અને બીજી તરફ રસ્તાને રોકતું સમાજનું ટોળું ઈંટ, પથ્થર સાથે. પરંતુ પરિસ્થિતિ થોડી બદલાઈ હતી. મનોરમાબેન મક્કમ અને લડી લેવાના મૂડમાં હતા. એક સૈનિકની જેમ ટોળાંની સામે ગર્જના કરી. "સામે આવો, કોની હિંમત છે મારવાની ?" એક સ્ત્રીનું આવું રૌદ્ર સ્વરૂપ જોઈને ટોળું જરા ગભરાઈ ગયું. હથિયાર હેઠા પડી ગયા. સ્વાભાવિક છે કે હિંમતભરી સચ્ચાઈની સામે મારવાવાળા ઢીલા પડી જાય છે. અને આવું જ કાંઈક બન્યું.

મારામારી તો અટકી પણ આગ ભભૂકી ભીંતો ઉપર - પોતાના વિરોધને દર્શાવવા રાતોરાત ગામની બધી ભીંતો બિભત્સ સૂત્રોથી ચિતરાઈ ગઈ. સમાજે સૂત્રો લખ્યા. 'જાગો, સમાજપ્રેમીઓ, આપણા સમાજની લાજ લુંટાઈ રહી છે, બહિષ્કાર કરો' અને છેવટે મનોરમાબેનને લગતા ગંદા લખાણો, જેને અહીં સ્થાન આપવામાં આ કલમ પણ શરમ

અનુભવે છે. આ ગંદી પ્રવૃત્તિ થોડો સમય ચાલી પણ પંકચર પડેલા ટાયરમાં હવા કેટલો સમય ટકી રહે ? છેવટે વિજય તો સત્યનો જ થાય છે. ભૂજ શહેરમાં છેવટે સ્ત્રી-શિક્ષણના દ્વાર ખૂલ્યા. ધીરે-ધીરે સમાજના સભ્યોની ગેરસમજ દૂર થતી ગઈ. ભણતરની જરૂરિયાત સમજાતી ગઈ - બે છોકરીઓની હાજરીથી શરૂ થયેલી કન્યાશાળામાં કન્યાઓની સંખ્યા વધતી ગઈ. આમ ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલનો જન્મ થઈ ગયો.

સમયની સાથે અને સંખ્યાની સાથે ક્રમશઃ વર્ગો વધતા ગયા અને મેટ્રીક સુધી પહોંચી ગયા. જ્યાં અક્ષરજ્ઞાન પણ શૂન્યવત્ હતું ત્યાં છોકરીઓ મેટ્રીકની ડિગ્રીઓ મેળવવા લાગી. આ પ્રણ એક ચમત્કાર જ ને ! આજ સુધીમાં આ સ્કૂલમાંથી અસંખ્ય છોકરીઓએ શિક્ષણનું દાન મેળવ્યું છે અને વરસો સુધી આ પરંપરા ચાલુ રહેશે. બંને ભાઈઓની આ માન્યતા ફળી કે "મહેનતનાં ફળ મીઠાં છે." "જો કૂવામાં હોય તો હવાડામાં જરૂર આવે." આજે આ સ્કૂલ આધુનિક સાધનોથી સજ્જ છે. સુંદર લાયબ્રેરી, ટેનિસ કોર્ટ અને મુક્ત વાતાવરણમાં બાળાઓનો વિકાસ થઈ રહ્યો છે. સ્કૂલના આંગણામાં પ્રવેશતાં જ નજરે પડે છે, જાજરમાન મુદ્રાથી શોભિત માતુશ્રી ઈન્દ્રાબાઈનો ફોટો. આ ફોટો જોતાં બંધુઓ કહે છે કે અમારી બે માતાઓ છે અને તે પણ સગી. એકનું નામ છે - ઈન્દ્રાબાઈ, વાત્સલ્યની દેવી અને બીજું નામ છે - ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, જ્ઞાનની દેવી, સરસ્વતી દેવી.

સમયની ગતિ સાથે આ જ્ઞાનકૂચ આગળ વધતી ગઈ. હાઈસ્કૂલ અને મેટ્રીક પછી આવ્યો કોલેજનો વારો. મેટ્રીકના શિક્ષણ પછી વિદ્યાર્થીઓને કોલેજનું શિક્ષણ લેવા કચ્છની બહાર જવું પડતું હતું.

મોટાભાગનાં વિદ્યાર્થીઓ પાસે ટ્રેનનું ભાડું ચુકવવા જેટલા પણ પૈસા નહોતા. મા-બાપોની આ મુશ્કેલી દૂર કરવા બંને ભાઈઓએ ભૂજમાં કોલેજની સ્થાપના કરવા માટે કમર કસી અને ભૂજની પ્રથમ કોલેજ - લાલન કોલેજના નામે શરૂ થઈ ગઈ. ભૂજ શહેરના આંગણે જ્ઞાનની ગંગા વહેતી થઈ ગઈ જેના દ્વારા વિદ્યાર્થીઓના જીવનમાં હરિયાળી આવી ગઈ. આવાં સદ્‌કાર્યોની કૂચ હજુ ચાલુ જ હતી. દાનનો પ્રવાહ અવિરત ગતિએ વહેતો ગયો. ફરી એક ઉત્તમ યોજના અસ્તિત્વમાં આવી.

ભૂજ ગામના પાદરે બંને ભાઈઓએ પોતાના પિતાશ્રીને પ્રેમભરી અંજલિ આપવા એક ભવ્ય ધર્મશાળા બનાવવાની યોજના અમલમાં મૂકી. આ ધર્મશાળાને પિતાશ્રીનું નામ આપ્યું - "લાલચંદ થાવર મહાજન વાડી." આ મહાજનવાડીએ આજ સુધીમાં કેટલાંય પરિવારો અને મુસાફરોને મીઠો પોરો ખાવા સગવડ કરી આપી છે. ભૂજ શહેરના ગરીબ પરિવારોને તો ઘરના આંગણે આ હવાફેરનું સ્થળ મળી ગયું છે. આ મહાજન પક્ષની ખાસ સગવડ એ છે કે તેની સ્વચ્છતા અને મકાનની જાળવણી ઉપર ખૂબ ધ્યાન આપવામાં આવે છે. આ માટે કડક નિયમો બનાવ્યા છે અને પૈસાની પૂરતી વ્યવસ્થા ચાલુ રહે તે માટે ધ્યાન અપાય છે. બન્ને ભાઈઓની આવી ઝીણવટભરી દીર્ઘ દૃષ્ટિ હતી, જેને કારણે આજ પણ તેઓનું દરેક કાર્ય એક ફૂલવાડીની માફક મહેકે છે.

હવેની યોજનાએ સુકાન ફેરવ્યું. સ્વાસ્થ્ય અને હૉસ્પિટલ તરફ આજથી ૭૦ વર્ષ પહેલાં લોકોને બાળકના પ્રસવ વિષેની મેડીકલ સારવારનું જ્ઞાન જરાપણ નહોતું. સમાજમાં એવી માન્યતા પ્રચલિત હતી કે "જેની મા મરી ગઈ હોય તેવી જ સ્ત્રીઓ 'સુવાવડ' માટે હૉસ્પિટલમાં જાય."

મતલબ કે "પ્રેસ્ટીજ" નો સવાલ હતો. સમાજના આવા અજ્ઞાનને દૂર કરવા અને દેશની પ્રસુતા બેનો સુયાણી કે દાયણના હાથનો શિકાર ના બને તે માટે ભૂજની હૉસ્પિટલમાં "પ્રસૂતિ વિભાગ" શરૂ કર્યો. આ કામ પાર પાડવું અઘરું હતું. અને શરૂઆતમાં મુશ્કેલીઓ પણ આવી પણ અનુભવી બંધુઓને પડકાર ઝીલવાની કરામત કોઠે પડી ગઈ હતી. પ્રસૂતિવિભાગનું કામ હોશિયાર અને અનુભવી લેડી ડૉક્ટરના હાથમાં સોંપ્યું અને આ વિભાગને આધુનિક સાધનોથી સજ્જ કર્યું. આવી હૉસ્પિટલની સારવારને કારણે ઘણી માતાઓના જાન બચી શક્યા. સમયસર ઓપરેશન થવાના કારણે ઘણા બાળકોને પણ બચાવી શકાયા. આવા ઉત્તમ કાર્ય પછી આવી નવી યોજના - જેનું નામ છે, સીવણશાળા.

જો બહેનો પોતાનો ફુરસદનો સમય કપડાંની સીલાઈ શીખવામાં ગાળે તો આ હુન્નર દ્વારા તેઓ પોતાનાં પગ ઉપર ઊભી રહીને ઘેર બેઠે કમાણી કરી શકે. સીવણશાળા માટેનો આ મુખ્ય ધ્યેય હતો. આ કાર્ય દ્વારા બહેનોનો આત્મવિશ્વાસ વધે અને સમાજની ઉન્નતિ થઈ શકે, જે ખૂબ જ જરૂરી હતું. આવો વિચાર આવતાં જ એક બેન, જેઓએ આ કામમાં ડિગ્રી મેળવી હતી તેમને નિયુક્ત કર્યા અને હાથ અને પગથી ચાલે તેવાં મશીનો ખરીદી લીધા. સીવણશાળામાં બહેનોની હાજરી ઝડપથી વધતી ગઈ. આ કામમાં બહેનોને ખૂબ રસ પડ્યો અને શાળાનો વિકાસ થતો ગયો. પોતાના પગ ઉપર ઊભા રહી બેનોએ ઘર બેઠે કમાણી શરૂ કરી.

આમ, આ યોજનાઓની હારમાળા વિકસતી ગઈ. આ સમય દરમ્યાન દુઃખદ ઘટના એ બની કે મોટાભાઈ ડોસાભાઈનો સ્વર્ગવાસ

થઈ ગયો. કરમચંદભાઈની જવાબદારી વધી ગઈ.

શિક્ષણ, સ્વાસ્થ્ય અને સીવણકલા પછી કરમચંદભાઈની નજર સામે આવીને ઊભા, ગરીબોના "ભૂખ્યા પેટ". પોતાના બાળપણમાં આ દુઃખનો સાક્ષાત્કાર તેમને થઈ જ ગયો હતો. ભૂખ્યા પેટની વેદના કેટલી ભયંકર હોય છે તેનો તો પ્રત્યક્ષ અનુભવ હતો. તેથી આ ક્ષેત્રમાં કાંઈક કરવા માટે તેમનું મન તડપી રહ્યું હતું. પરિણામે એકદિવસ સવારમાં ફરવા જતી વખતે કરમચંદભાઈએ ભૂખને કારણે બેહાલ બનેલાં થોડાં ભાઈઓને પ્રેમથી ભોજનનું નિમંત્રણ આપી દીધું. તેમના ઘરની પાછળ મોટી જગ્યા હતી. ત્યાં રસોડું ચાલુ કરી દીધું. ભોજન બનાવતી બાઈઓને બોલાવી દાળ, ભાત, રોટલા, શાક, છાશ વગેરે તૈયાર કરાવ્યું.

બરાબર બાર વાગ્યે નિયંત્રિત મહેમાનો હાજર થઈ ગયા. આમાં વૃદ્ધો, ભૂખથી બેવડ વળેલાં ગરીબો અને માગવાવાળાઓનો સમાવેશ થતો હતા. પતરાવળી સાથે પંગત ગોઠવાઈ ગઈ. બધાં પ્રેમથી ભરપૂર પેટ જમ્યાં, અને અંતરથી આશીર્વાદ આપતાં બોલ્યાં કે "આજે ખાલી પેટ ભરાયું." બસ પછી તો આ ક્રમ શરૂ થઈ ગયો. હવાની જેમ ખબર ફેલાઈ ગઈ. જમવાવાળાઓની સંખ્યા વધતી ગઈ. આ દેશમાં ભૂખ્યાઓની ક્યાં અછત છે ? તેમાં પણ "પ્રેમથી કોઈ જમાડે" એના જેવો કયો આનંદ છે ? કરમચંદભાઈને મન આ અમૂલ્ય પળ હતી.

તેમની ઇચ્છા હતી કે આ મંગલમય જમણવાર સદા માટે ચાલ્યા કરે તેથી તેઓએ આ ભોજન શાળાને "જનતા સસ્તું ભોજનાલય" નામ આપીને રજીસ્ટર્ડ કરાવી લીધી. એક ટ્રસ્ટની રચના કરી અને સારી એવી રકમ ડિપોઝીટ કરી, જેના વ્યાજમાંથી આ કાર્ય હંમેશાં ચાલતું રહે. આ

સંસ્થા લોકોમાં ખૂબ પ્રિય થઈ ગઈ. લોકો પોતાના ઘરે લગ્ન, જન્મદિન કે કોઈપણ શુભ પ્રસંગ હોય તેની ઉજવણી આ સંસ્થાના લોકોને જમાડીને ઉજવતાં. આમ લોકો તરફથી દાનનો પ્રવાહ આવતો શરૂ થઈ ગયો. આજ સુધી અસંખ્ય લોકોએ આ ભોજનશાળાનો લાભ ઉઠાવ્યો છે. કેટલાં લોકોના શરીરનું સ્વાસ્થ્ય તંદુરસ્ત બની ગયું છે. બીમારીઓ દૂર થઈ ગઈ છે અને બેકારો કામ કરતાં થઈ ગયા છે. મતલબ કે સૂકાતો છોડ ફરી લીલોછમ બની ગયો છે. કરમચંદભાઈને મન આ સંસ્થા તેમનું પ્રિય સંતાન છે, જેની કમાણી ભવોભવ મળતી રહેશે. આજે પણ આ સંસ્થામાં લોકો પ્રેમથી જમે છે.

એ જમાનામાં ભૂજમાં ક્યાંય કોઈને ઘેર પાણીનાં નળ નહોતાં અને જેમાંથી લોકો પાણી મેળવતાં તે કૂવાઓ પણ દૂર દૂર હતા. બંને ભાઈઓએ લોકોની આ મુશ્કેલી દૂર કરવા ઉપાય શોધી કાઢ્યો. પોતાનાં જ ઘરનાં કમ્પાઉન્ડમાં કૂવો ખોદાવી દીધો. ભગવાને મહેર કરી. કચ્છનાં રણને કારણે કૂવાઓમાં ખારું પાણી નીકળતું હતું. પણ આ કૂવામાં પ્રમાણમાં મીઠું પાણી નીકળ્યું. આ કૂવાએ ગામની વચમાં સ્થાન મેળવ્યું. તેથી લોકોમાં ખુશાલી છવાઈ ગઈ. આખો દિવસ છોકરીઓ અને સ્ત્રીઓનાં ટોળાં પાણીની હેલ માથે મુકીને મઝેથી વાતો કરતાં પાણી પોતાના ઘરમાં ઠાલવતા હતા. દરરોજ કરમચંદભાઈના ઘરને આંગણે લોકોનાં મેળાની રમઝટ ઝામતી હતી. એક બાજુ આ પાણીની લ્હાણી અને બીજી બાજુ મીઠી મધુરી છાશની લ્હાણી શરૂ કરવામાં આવી. બંને ભાઈઓની એવી ઇચ્છા હતી કે કોઈ સારી એવી પ્રવૃત્તિ શરૂ કરીએ જેથી જ્ઞાતિની બેનોના શુભ પગલાં સવારના પહોરમાં આપણા આંગણા શોભાવે. આ પુણ્યનું

કામ હતું. આવી શુભ ભાવનાનો જન્મ થતાં તેઓએ થોડી ભેંસ ખરીદી અને એક ભરવાડનું કુટુંબ રહી શકે તેવી ઓરડીઓની મકાનના પાછલા ભાગમાં વ્યવસ્થા કરી.

યોજના પ્રમાણે સવારના પહોરમાં છાશની કોઠીઓ ભરાઈને તૈયાર થઈ ગઈ, અને બેનોની ટોળીઓ છાશ લેવા હાજર થઈ ગઈ. છાશ આપવાનું કામ ઘરની દીકરીઓ કરતી હતી. આ જ્ઞાતિનું કામ હતું. તેથી બધી બેનો હોંશે હોંશે છાશ લેવા આવતી.

ભૂજના પાદર ઉપર ચારે તરફ ફેલાયેલી આવી શુભ પ્રવૃત્તિઓ ગુલદસ્તાની કલગી સમાન છે.

એકતરફ ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલના આંગણામાં કિલકિલાટ કરતી કન્યાઓનાં હાસ્ય-ઝરણાં વહી રહ્યા છે, તો બીજી બાજુ ખુલ્લી હવામાં શાંતિનો શ્વાસ લેતાં મુસાફરો "મહાજન વાડી" ને મુક્ત મને માણી રહ્યાં છે. આવું સુંદર "સ્મૃતિ સ્મારક" બંને ભાઈઓના માતા-પિતા પ્રત્યેના પ્રેમનું પ્રતીક છે. આવી સુંદર વાડીમાં મહાજન વાડીની સામે ઈન્દ્રાબાઈ પાર્કનો જન્મ થયો, જ્યાં આજે પણ લોકો મીઠી હવા અને ફૂલોની સુગંધ માણી રહ્યા છે.

બંને ભાઈઓ વચ્ચે પ્રેમની અદ્‌ભુત સમજ હતી. નાનાભાઈને મોટાબાંઈ પ્રત્યે "ગુરુ જેવી ભક્તિ" હતી. આવી આ રામ-લક્ષ્મણની જોડી હતી. કાદવના કમળની જેમ ગરીબાઈમાં ઊગ્યા અને ખીલ્યા. શ્રીમંતાઈ આવી પણ સાથે અહંકારને ના લાવી. સંયમની સાથે ચારિત્રનું પાલન કર્યું અને ગુણો દ્વારા જીવનમાં ફતેહની ધજા ફરકાવી. માતુશ્રી ઈન્દ્રાબાઈની તન, મન અને ધનથી સેવા કરી અને આંખની પાંપણ ઉપર

રાખ્યા. મા પણ સંતાનના આ સુખને પેટ ભરીને માણતાં પણ તેમનાં હૃદયને એક જ દુઃખ કોરી ખાતું હતું કે છોકરાના પિતાશ્રીએ "દુઃખની વચ્ચે જ આંખ મીંચી." પિતાજીના છેલ્લાં શબ્દો, પત્નીને સંબોધીને હતા કે, તું ચિંતા કરતી નહીં, બીજું તો કાંઈ આપી શકતો નથી. પણ આ "બે સિંહ" (ભાઈઓ) મૂકીને જાઉં છું, જે તારી રક્ષા કરશે અને આ ભવિષ્યવાણી સાચી પડી અને હવે છેલ્લે આવે છે ખાસ વાત.

બંને ભાઈઓએ વિચાર્યું કે જીવનમાં ઘણું મેળવ્યું. ગરીબી જોઈ, શ્રીમંતાઈ ભોગવી, કુટુંબની લીલીવાડીમાં આનંદ કર્યો. હવે આ બધી પ્રવૃત્તિઓમાંથી નિવૃત્તિ લઈ શાંતિથી સારા કામોમાં સમય વિતાવવો - એમ નક્કી કરી લીધું. તેઓની ઉંમર હજુ નાની હતી, ધીકતી કમાણી હતી, છોકરાઓને જીવનમાં 'સેટલ' કરવા વગેરે કામો હજુ બાકી હતા. પરંતુ "સમયનો તકાદો" તેમને મન અમૂલ્ય હતો. સંતોષથી મન ભરાઈ ગયું હતું. તેઓ માનતા હતા કે સંતાનોને વારસામાં 'એજ્યુકેશન' આપવું જરૂરી છે, જે તેઓ મેળવી શક્યા નહોતા. આ વાતનો ડંખ સાંપની જેમ તેમના મનમાં ભોંકાતો હતો. અને મનમાં નક્કી કર્યા પ્રમાણે સ્વીકારી લીધી સ્વેચ્છાએ નિવૃત્તિ, એ પ્રાર્થના સાથે કે..... ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈજા.

★★★★★

# હું રેડી છું

**શ્રીમતી ઉર્મિલા ધોળકિયા**

ભરત મારા ભાઈનો સૌથી નાનો દીકરો. સંયુક્ત કુટુંબમાં નાનો દીકરો. બધાનાં લાડ પામે છે, ખાસ કરીને દાદીમાનો તે 'લાડકો' હોય છે. હવે આ ભરતભાઈ મોટા થઈ ગયા છે અને દાદીમાનું લાડનું વ્યાજ પાછું આપે છે. આ મઝા છે સંયુક્ત કુટુંબની ! જેમાં દાદા-દાદી પરિવારની હૂંફમાં વૃદ્ધાવસ્થાને ભોગવે છે. મારાં મા એટલે ભરતના દાદી. હરવા-ફરવાનાં શોખીન પરંતુ વૃદ્ધાવસ્થાને કારણે હવે બહારગામ જવા માટે તેમની સ્પષ્ટ ના હોય છે, પણ ભરતભાઈ જે તેમનાં પ્રિય પ્રૌત્ર છે, તેઓને માથે એક ધૂન સવાર થઈ ગઈ કે મારે બાને મુંબઈથી કલકત્તા લઈ જવાં છે.

આ વાતની જાણ થતાં મેં માને પૂછ્યું, 'મા, કલકત્તા જવું છે ?'

'ના રે ના, હવે આ ઉંમરે જવાતું હશે ?' મા મક્કમ હતી.

'મા, ભરત તને લઈ જવાની તૈયારી કરી રહ્યો છે અને ટિકિટ પણ લઈ આવવાનો છે.' મેં જવાબ આપ્યો.

'ભરત તો સાવ ગાંડિયો છે, પણ ખૂબજ પ્રેમાળ છે.. પરંતુ મારામાં હવે જરાપણ શક્તિ નથી. ઉંમરનો તકાદો છે.'

ઘરના બધાં સભ્યોએ માની લીધું કે આ વખતે તો ભરતભાઈ હારી જવાનાં, પણ જેમ રામાયણનાં ભરતભાઈએ રાજ-સિંહાસન ઉપર રામનો જ અધિકાર રહેશે એવું વચન લઈને, પાળી બતાવ્યું હતું તેમ આ ભરતભાઈએ પણ માને પોતાની સાથે કલકત્તા જરૂર લઈ જશે એવું મનોમન વચન લઈ હતું. હવે જુઓ નીચેનો સંવાદ -

'કેમ બા, તૈયારી કરી લીધી છે ને ?' ભરતભાઈએ દાવ અજમાવ્યો.

'શાની ?' બા ચમક્યા.

'કોલકાત્તા જવાની.' ભરતભાઈ આગળ વધ્યા.

'જો ભરત, તું જીદ ના કરતો. મારી મુશ્કેલીનો પાર નથી. લાકડી લઈને ડોલતાં ડોલતાં ચાલવાનનું. વારંવાર બાથરૂમમાં જવાનું. આંખથી ઓછું દેખાય. બધી તકલીફ છે..' બાએ પરિસ્થિતિ સમજાવવાની કોશિશ કરી.

'બા ! તમોએ કહી છે, તેના કરતાં પણ વધુ તકલીફોનું લીસ્ટ મેં બનાવ્યું છે અને તેનું સમાધાન પણ કરી લીધું છે.' ભરતભાઈએ શાંતિથી જવાબ આપ્યો.

'અરે વાહ, સમાધાન ? કેવી રીતે કર્યું ?'

'જુઓ બા, તમો થાકી જશો તો તેડી લઈશ. બાથરૂમની પાસે જ સીટ છે. તમારી નાની બેગ સાથે 'બાથરૂમવાળો ડબ્બો' જેની તમોને બહુ ચિંતા છે, તે હું મારા ખભાની બેગમાં જ લઈ લેવાનો છું.' બા ચમકી ગયા અને પૂછી બેઠાં કે 'આ બધું ઉંચકતા તને શરમ નહીં આવે ?'

'બા, તમારા ગાંડિયાને તમારું કામ કરવામાં કદી શરમ આવી છે?'

બસ, બાનું મન જીતાઈ ગયું અને બા બોલી ઉઠ્યા. 'હું રેડી છું.'

ઘરનાં બધા સભ્યો ચકિત થઈ ગયાં. કોલકાત્તા પહોંચીને બાએ ભરતની પીઠ થાબડીને બોલી ઉઠ્યાં, 'વાહ બેટા ! દીકરા હો તો આવાં!' અને બાના આંખથી નીતરતાં આશીર્વાદો ભરતભાઈએ ખોબામાં ઝીલી લીધા.



# "દીકરીનો પ્રેમ"



(તા. ૨૩-૨-૭૩ શુક્રવાર રાતે ૭ વાગે)

## મા

મા મમતાની પૂતળી
એના પ્રેમનો નહિ પાર
સ્વાર્થી આ દુનિયામાં
મા જ મારો આધાર.
મા વિના જીવન સૂનું
માતા હોય તો ભર્યું ભર્યું
દુનિયા બદલે પણ નહીં બદલે
માતા છે અચળ
મા દીકરીને રક્ષે
જેમ ભારતને વિંધ્યાચળ.

- ઊર્વી, ઉંમર વર્ષ ૧૪

આ શાંત બપોરમાં મોટો શોર
તે છે મારી મમ્મીની ઘોર !

- ઊર્વી

# ભાઈ પ્રાણજીવનના જન્મ પ્રસંગે

હું એટલે, પ્રાણજીવનની નાની બેન ઉર્મિલા.

અમારું સંયુક્ત કુટુંબ, જ્યાં કુટુંબના બધા સભ્યો એકજ છત્ર નીચે રહે. માત-પિતાના હાથમાં ઘરની વ્યવસ્થાની લગામ રહે. બધા સભ્યો ઘરના મોવડીની આજ્ઞાનું પાલન કરે. ભાઈબહેનો સંગાથે રહે, લડે-ઝઘડે અને પાછા હળી-ભળી જાય. આવા કુટુંબમાં પ્રાણજીવનનો ઉછેર થયો.

પ્રાણજીવને કલકત્તામાં રહીને સંસાર-યાત્રા શરૂ કરી. જ્યાં ભાભી જેવા આદર્શ પત્ની, સંતાનોનું સુખદ આગમન સાથે કુટુંબની જવાબદારી. પોતાના પર ઉપર ઊભા રહીને આ ઘરને સારી રીતે ચલાવ્યું. લક્ષ્મીદેવીને મેળવતાં નીતિ-ધર્મની મર્યાદા ક્યારેપણ ઓળંગી નહીં. જીવનમાં આવતી મુશ્કેલીઓમાં કઠોર પરિશ્રમ કરી સ્વાભિમાન્ દ્વારા તેને પાર કરી. સમાજસેવાના કાર્યમાં, મિત્રમંડળમાં પરિચય વધારીને સુવાસ પ્રસરાવી. પ્રાણજીવનની ઉદારતાના કારણે તેમનું ઘર એક 'પરબ' જેવું બની ગયું હતું, જ્યાં મહેમાનો હોંશથી આવતા અને પ્રેમનો પ્રસાદ પામતા. આવા સ્નેહ-સ્વાગતમાં પાઠ ભજવી જાય છે સરળ મન અને નિઃસ્વાર્થ ભાવે દેવાની ભાવના ! આજે પણ લોકો આ મહેમાનગતિને ભૂલ્યા નથી. હવે થોડા યાદગાર પ્રસંગોને યાદ કરીએ :-

કલકત્તાના કચ્છી સંઘમાં પ્રાણજીવને દિલ દઈને કામ કર્યું. તેમનું શ્રેષ્ઠ કાર્ય એ હતું કે કચ્છી દશા અને વીસા બન્ને સંપ્રદાયમાં એકતા

જળવાઈ રહે તે માટે સ્નેહની સાંકળ સમાન બની ગયા. આવું કાર્ય પ્રામાણિકતા અને સાચી નિષ્ઠા વગર શક્ય નથી. આવા કાર્ય માટે કચ્છી સંઘે તેઓને માન-પત્ર આપી તેમની સેવાને "બે પક્ષોને જોડતી કડી" જેવો શિરપાવ આપી બીરદાવી.

જ્યારે પણ કોઈ બીજા માટે કામ કરવું હોય તો તાત્કાલિક નિર્ણય લેવો પડે છે. જો વિચાર કરવા માટે એક ક્ષણ પણ અટક્યા તો તક ચાલી જાય છે. આવી તકને પકડી લેવી એ પણ સ્વભાવનો એક ગુણ છે. આવી જ એક તક પ્રાણજીવનની પકડમાં આવી ગઈ. જે તકને તેને પ્રથમ ફરજ સમજી પકડી લીધી.

મારા પિતાજી (જેને અમો 'ભાઈ' કહીએ છીએ) ને ગળાનું કેન્સર છે એવું ડૉક્ટરે ઓચિંતાનું નિદાન કર્યું. આ માટે તરત જ મુંબઈની ટાટા હૉસ્પિટલ જવાનું ડૉક્ટરે કહ્યું. ભાઈના માટે આ આઘાત સહન કરવો ખૂબજ કઠિન હતો. થોડીવાર પછી ભાઈએ સ્વસ્થતા મેળવી અને તરત જ પ્રથમ વાક્ય બોલ્યા કે પ્રાણજીવનને બોલાવો. પ્રાણજીવન તરત ભાઈ પાસે આવ્યો. બધી વાત સાંભળીને તરત તેને કહ્યું કે ભાઈ હું તૈયાર છું. બની શકે તેટલા જલદી નીકળી જવું જોઈએ. આ વખતે પ્રાણજીવન તે પોતાના બિઝનેસ જેવા જરૂરી કામો, સંતાનોના કામો, અધૂરા રહેલા કાર્યો જે તેના વગર કોઈપણ પૂરા કરી શકે તેમ નહોતું - આમાંનું કાંઈ પણ તેને યાદ ના આવ્યું, આનો વિચાર સુદ્ધાં ના આવ્યો. અને ભાઈને પણ પોતાની આવી જીવન-મરણની ઘડીને ટાણે પ્રાણજીવન સિવાય કોઈ યાદ ના આવ્યું. આ કેવો અદ્‌ભુત વિશ્વાસ !

બીજે દિવસે ભાઈને વિદાય આપવા આખું કુટુંબ ભેગું થઈ ગયું

હતું. આ જવાની ઘડીએ મોટા બેન ગોદાવરીબેને કહ્યું કે, પ્રાણજીવન કાકાને સાજા કરીને જલદી પાછા લાવજે. પ્રાણજીવને જવાબ આપતાં કહ્યું કે તમો કોઈપણ ફિકર ના કરતા. મને ખાતરી છે કે ભાઈને જલદી સાજા કરાવીને ઘરે લઈ આવીશ. આ અવાજના રણકામાં વિશ્વાસ હતો, અને ખરેખર આવી જીવલેણ બીમારીમાંથી બચીને ભાઈ હેમખેમ ઘરે આવી ગયા. હૃદયના શુદ્ધ મનોભાવ ધાર્યું કામ પૂરું કરવાની શક્તિ આપે છે. આ સત્ય છે અને સદા સત્ય રહેશે. સાચા હૃદયના વિશ્વાસનો આવો જ પ્રસંગ પ્રાણજીવનના જીવનમાં બની ગયો, જેની ઝાંખી રજૂ કરું છું -

પ્રાણજીવનને કલકત્તામાં ઓચિંતાનો જીવલેણ 'હાર્ટએટેક' આવ્યો. અમો આખું કુટુંબ કલકત્તામાં ભેગું થઈ ગયું. પૂજ્ય મા અને જયાભાભીનું દુ:ખ જોઈ શકાતું નહોતું. હૉસ્પિટલના 'ઈમરજન્સી કેર' માં રાત-દિવસ ડૉક્ટરો સંભાળી લઈ રહ્યા હતા. થોડો સમય એવો આવી ગયો કે થોડી ક્ષણ હૃદયના ધબકારા બંધ થઈ ગયા. તે સમયે તેમના એક દોસ્તે છાતી દબાવીને 'આર્ટીફીશીયલ' ટ્રીટમેન્ટ શરૂ કરી. જયાભાભી પ્રાર્થના દ્વારા જાણે પ્રભુમંદિરમાં પહોંચી ગયા. તેમના ચહેરા ઉપરનું વિશ્વાસનું તેજ ચમકારા મારી કહી રહ્યું હતું કે આ દીવડાને કોઈ આંચ નહીં આવે. એક તરફ હવામાં ઓલવાતો દીવડો અને બીજી તરફ જયાભાભીની ભગવાન ઉપરની આસ્થા ! એવું લાગતું હતું કે શું સાવિત્રીની માફક પ્રભુ આ પ્રાર્થના સ્વીકારશે ? પરંતુ જેવી પ્રાણજીવનને એક સમયે આસ્થા હતી કે હું ભાઈને સાજા કરીને ઘરે જરૂર લઈ આવીશ. જેવા શુદ્ધ હૃદયથી આ ભાવના કરી હતી તેનું જ જાણે પ્રત્યક્ષ ફળ મળતું હોય તેમ આ ભયંકર બીમારીમાંથી પ્રાણજીવન સાંગોપાંગ પાર ઉતરી ગયો. શુભ

કાર્યનું ફળ શુભ મળે જ છે. તેનો આ સાક્ષાત્ પુરાવો છે. આખા કુટુંબને આ શુભ લ્હાવો મળતાં આનંદનો પાર ના રહ્યો.

પ્રાણજીવનની લાગણીઓ તો આપણે જોઈ, હવે તેમની હિંમત પણ એક નાના પ્રસંગથી જોઈ લઈએ.

પ્રાણજીવનની બેહેન ઉર્મિલા બીરલાપુર રહેતી હતી. બીરલાપુર કલકત્તાથી થોડું દૂર હતું. બીરલાપુર જવા માટે કલકત્તાથી બસ મળતી હતી. પણ અહીંની પબ્લીક બસ, જેમાં જામતી લોકોની ભીડ અને ઉશ્કેરાઈને થતી મારામારી, આવી આ બસની 'ક્રેડીટ' હતી. કલકત્તાની ઘણી બસોમાં લોકોની એટલી ભીડ થઈ જાય છે કે દૂરથી આવતી બસ જાણે લોકોનું ટોળું દોડીને આવતું હોય એવું દશ્ય બની જાય છે. પ્રાણજીવનની નાની દીકરી, જે હજુ આઠથી નવ ઉંમરની હતી તે ચંદ્રિકાએ સવાલ કર્યો કે બાપુજી, મને બીરલાપુર ફઈબાને ઘરે જવું છે તો લઈ જશો ? આ સવાલ સાંભળતા જ પ્રાણજીવનની અંદર હનુમાનની શક્તિ જાગ્રત થઈ ગઈ - તેને એવું લાગ્યું કે બાળકોએ નાનપણથી જ નીડર અને બહાદુર બનવું જોઈએ. બસ, તેણે ચંદ્રિકાને પૂછી લીધું કે હું તને બીરલાપુર જતી બસમાં બેસાડી દઉં તો તું એકલી બીરલાપુર જઈ શકીશ? ફઈબા તને બસ ઉપર તેડવા આવી જશે. ચંદ્રિકા પણ બાપની જ બેટી હતી. તેણે તરત જવાબ આપ્યો કે હા, હું જઈ શકીશ, એમાં ડરવા જેવું શું છે ? તરત નિર્ણય લેવાઈ ગયો, અને 'હિંમતે મર્દા તો મદદે ખુદા' ની જય બોલાવી ચંદ્રિકાબેન બસમાં ગોઠવાઈ ગયા. અને પ્રોગ્રામ પ્રમાણે સુરક્ષિત પહોંચી પણ ગયા.

બાપ બેટીની આ વિજયગાથાના ગુણગામ ગાતાં હું મારી આ કથા અહીં સંકેલું છું.

જયહિન્દ.

ભાઈ પ્રાણજીવનને ૮૫ માં વરસગાંઠના દિવસે ખૂબ ખૂબ વધાઈ અને તંદુરસ્તી સાથે આયુષ્યમાન અને એવી હાર્દિક શુભેચ્છા.

ઘરમાં પ્રાણજીવનની સગાઈની ચર્ચા ચાલુ થઈ ગઈ. પૂ. મા તથા પૂ. ભાઈ (પિતાજી) સુશીલ કન્યાની પસંદગી કરવામાં વ્યસ્ત હતા. આ કાર્ય માટે પ્રાણજીવનને માંડવી જવાનું થયું. માંડવીમાં પ્રાણજીવનને જયા ભાભી પ્રથમ દૃષ્ટિએ જ પસંદ પડી ગયા. અમો બધા ભાઈ બેન પૂ. મા અને પૂ. ભાઈ બધાંય પ્રાણજીવનના માંડવીથી પાછા આવવાની આતુરતાથી રાહ જોતા હતા. પ્રાણજીવનના મલકતા ચહેરાએ અમોને આશાભર્યો સંદેશ આપી દીધો હતો. અમારી પૂછપરછ શરૂ થઈ ગઈ કે કન્યા કેવી લાગી ? સ્પેશિયલ શું છે ? દેખાવ, સ્વભાવ ગુણ બધું કેવું છે ? આમ પ્રશ્નોના મારો ચલાવ્યો.

મને આ લખતાં ઘણો આનંદ થાય છે કે પ્રાણજીવને ફક્ત એક વાક્યમાં કન્યાનો પરિચય આપીને અમોને આનંદિત કરી દીધા. પ્રાણજીવને કહ્યું કે જયામાં કુટુંબ પ્રત્યેની લાગણી અને પ્રેમભાવ મને ખાસ દેખાયા, જેને કારણે આ પસંદગીને પ્રથમ સ્થાન આપ્યું. આ વાક્ય પ્રાણજીવનના પોતામાં કેવી કુટુંબ પ્રત્યેની ઉમદા લાગણી છે તેનાં દર્શન કરાવે છે. આવી જવાબદારીભરી સમજ પોતાના અંદરથી જ આવે છે અને આ વાતની અમો બધાંને સૌથી વધુ ખુશી છે કે જયા ભાભીએ પૂરા જીવનમાં પોતાના કાર્યથી આ પ્રાણજીવનના ભવિષ્યકથનને સિદ્ધ કરી બતાવ્યું, જેની સાક્ષી આખું કુટુંબ આજે પણ આપે છે. સાચો પ્રેમ સદા અમર રહે છે.

# સાચું સદાવ્રત

કિશનભાઈએ પોતાનું જીવન બહુ સરળ અને પ્રામાણિકતાથી વીતાવ્યું. તેઓએ જીવનમાં પરોપકારને પ્રથમ સ્થાન આપ્યું. પત્નીનો સ્વર્ગવાસ થઈ ગયા પછી સંતાનો પોતાના પરિવારમાં પરોવાઈ ગયા. આ બાબતે તેઓના મનમાં જરાપણ અસંતોષ નહોતો. પોતાના ઘરમાં તેઓ એકલાં જ રહેતા હતાં અને આ રીતે સ્વતંત્રપણે જીવવામાં તેમને આનંદ મળતો. પોતાનું જમવાનું પણ તેઓ જાતે જ બનાવતા. તેઓએ એક નિયમ રાખ્યો હતો કે મારે દરરોજ એક વ્યક્તિને પેટ ભરાય એટલું વધુ રાંધવું અને જમવાનું તેઓ દરરોજ જાતે જ જઈને કોઈપણ એક વ્યક્તિને આપતાં અને ભૂખ્યા પેટને ભોજન આપીને સંતોષ લેતાં. તેઓએ આ નિયમનું વરસો સુધી નિયમિતપણે પાલન કર્યું હતું.

એક દિવસ તેઓ જમવાનું આપવા ગયા ત્યારે એક મંદિરના ઓટલા ઉપર એક ખૂબ દુઃખી બેનને તેઓએ જોઈ. આ જોઈ તેમના મનમાં કરુણા ઉત્પન્ન થઈ અને બેનને દુઃખનું કારણ પૂછ્યું. કિશનભાઈની દયાનો ભાવ જોઈને બેને પોતાની વીતકકથા કિશનભાઈને સંભળાવતા કહ્યું કે તેમના વરને દારૂ પીવાની ઘણી ટેવ હતી અને દારૂના નશામાં પત્ની પાસે દારૂ પીવા પૈસા માગતો. આવી દશામાં ગરીબાઈની ભીંસ વધતી ગઈ. એક દિવસ ગુસ્સામાં આવીને પતિએ તેની પત્નીને મારઝૂડ કરીને ઘરમાંથી કાઢી મૂકી. બેનનું કુળ ખાનદાન હતું. તેથી શરમની મારી તે બે-ત્રણ દિવસ ભૂખી ઘરની બહાર બેસી રહી પણ પતિએ તેને

ઘરમાં આવવા ના દીધી. તેથી આ બેન પેટમાં ભૂખની લાય લઈને એક મંદિરના ઓટલે ભગવાનને સહારે આવીને બેઠી. હવે શું કરવું ? તે સૂઝતું નહોતું.

કિશનભાઈએ તેને પેટ ભરીને જમાડી અને મંદિરમાં એક ખૂણામાં રહેવાની વ્યવસ્થા કરાવી દીધી. બેન રોજ મંદિરને સાફસૂફ કરીને મંદિરમાં ભગવાનની પૂજા કરતા અને તેમનું આ કામ જોઈને વ્યવસ્થાપક પણ ખુશ હતા. દરરોજ બપોરના નિયમ પ્રમાણે કિશનભાઈ પ્રેમથી તેમનું જમવાનું લાવતા અને જમાડતા. આમ બધું બેનનું ગોઠવાઈ ગયું અને કિશનભાઈનો પણ નિત્યક્રમ બની ગયો. કોઈ વખત થોડા દિવસ કિશનભાઈથી બેનનું જમવાનું લઈને નહોતું જવાતું, ત્યારે આજુબાજુના ભક્તો બેનની જમવાની વ્યવસ્થા કરતા.

ઓચિંતાની કિશનભાઈની તબિયત વધારે બગડી ગઈ અને તેઓ પથારીવશ હોવાથી બેનને જમાડવા ના જઈ શક્યા. તેઓને આ વાતનું બહુ દુઃખ હતું પણ તેઓ સંજોગને કારણે અસહાય હતા. આ વાતને ત્રણ-ચાર દિવસ વીતી ગયા.

એક દિવસે સવારના કિશનભાઈએ જોયું કે થોડા માણસનું ટોળું તેમના ઘર તરફ મંદિરમાંથી આવતું હતું. કિશનભાઈ ઘરની બહાર આવ્યા એટલે ટોળામાં જે મુખી હતો તેણે કિશનભાઈને કહ્યું કે, મંદિરમાં જે બેન રહેતા હતા, તેમની તબિયત અચાનક બગડી, હાર્ટએટેક આવ્યો અને બેન અચાનક ગુજરી ગયા. કિશનભાઈ તરત જ મંદિરમાં આવ્યા, છેલ્લી ઘડીએ તેઓ બેનને મળી ના શક્યા તેનું તેમને ખૂબ દુઃખ થયું.

મંદિરના વ્યવસ્થાપકે કિશનભાઈની હાજરીમાં તે બેન જે સામાનનું પોટલું લઈને આવ્યા હતા તે ખોલ્યું. આ પોટલામાં એક નાનો બટવો હતો તે ખોલ્યો તો તેમાં સોનાની બે બંગડીઓ હતી અને સાથે એક કાગળ મળ્યો, જેમાં બેને લખ્યું હતું કે મારા મૃત્યુ પછી આ સોનાની બંગડીઓ કિશનભાઈને આપશો અને ક્રિયાકર્મ પણ તેઓની પાસે કરાવજો. આમ, આ બેન તેમની છેવટની પૂંજી જે તેને જીવની જેમ સાચવી હતી તે શ્રદ્ધાપૂર્વક કિશનભાઈને અર્પણ કરી ગયા.

આ રીતે તેઓએ પોતાનું વીલ બનાવીને વ્યવસ્થાપૂર્વક બંધ કર્યું હતું. આ જોઈને કિશનભાઈ ધ્રુસકે ધ્રુસકે રોઈ પડ્યા અને આ સોનાની બંગડીની સાટે તેઓએ પોતાના પૈસા મેળવી બેનના નામનું નાનું સ્મારક બનાવ્યું અને કોઈ ભૂખ્યું આવે તેને ખાવાની મદદ મળતી રહે તેવી વ્યવસ્થા ગોઠવી દીધી. આ બનાવ બાદ કિશનભાઈ દરરોજ મંદિરે જતાં અને બેનને યાદ કરી ભૂખ્યાને ભોજન આપતા. કિશનભાઈ અને બેનની વચ્ચે આમ નિઃસ્વાર્થ પ્રેમનો સેતુ સદા માટે બંધાઈ ગયો હતો. દરરોજ એક વ્યક્તિને પોતાના હાથનું બનાવેલ જમાડવાનું સદાવ્રતનું પુણ્ય કિશનભાઈ આ બેન પાસેથી પામી ગયા. આવા હૃદયના શુદ્ધભાવથી કરેલું કિશનભાઈનું આ કાર્ય ઘણાનાં જીવનમાં પ્રેરણા પ્રગટાવી શકે છે.

**- ઉર્મિલા ધોળકિયા**

**કોબા આશ્રમ, જિ. ગાંધીનગર.**

★★★★★

# સદ્ભાવ

ગુજરાતમાં મેઘરાજા એવા વરસ્યા કે નદી-નાળાં છલકાઈ ગયા અને ચારે તરફ પાણી ફરી વળ્યું, હજારો લોકોના ઘર આ પાણીમાં ડૂબી ગયા, ઝૂંપડાવાસીના ઝૂંપડા સાથે પોતાની ઘરવખરી પણ તણાઈ ગઈ. ચારે તરફ ભૂખમરો અને રોગચાળો છવાઈ ગયો. આવા સમયે હોસ્ટેલની બહેનો મારી પાસે આવી અને આ તકલીફમાં ગરીબોને મદદ કરવાની ભાવના પ્રદર્શિત કરી. હું પણ આ વિષય વિશે વિચારતી જ હતી, પરંતુ વિદ્યાર્થિની બહેનોએ સામેથી આવીને મને કહ્યું તે મને બહુ જ ગમ્યું. આ માટે તરત જ અમોએ કાર્ય શરૂ કરી દીધું. હું તથા કમિટીની મુખ્ય બે બહેનો આ કામ માટે ફંડ ભેગું કરવા નીકળી પડ્યા.

આ બાબતનો અનુભવ અમોને કોઈને નહોતો, પણ 'હિંમતે મર્દા તો મદદે ખુદા' ના નારાએ આ સમયે પ્રેરણા આપી. ભગવાન કૃપાએ કોઈ એવી સરસ ઘડીએ આ કામનું મંગલાચરણ થયું કે સામેથી સફળતાએ દર્શન દીધા. જેવા અમો અમારા ઓળખીતા નટરાજ સિનેમાના મેનેજર ઓઝા સાહેબ પાસે ગયા કે તરત જ ઓઝા સાહેબે અમારા કામની/ભાવનાની પ્રશંસા કરી અને તદ્દન નવું અને લોકપ્રિય પિક્ચર કે જેના પહેલા શોમાં થિયેટર ચિક્કાર ભરાઈ જાય અને રૂપિયાનો વરસાદ વરસે. આવું ધર્મેન્દ્ર અને હેમામાલિની જેમાં હીરો-હીરોઈન હતા, તે પિક્ચરનો પ્રથમ શો પ્રદર્શિત કરવા અમોને ફ્રી માં આપી દીધું. મતલબ કે, જેટલી કમાણી ફિલ્મ દ્વારા થાય તે બધી અમોને Donation માં આપી દીધી. હોસ્ટેલની છોકરીઓ તો ખુશ ખુશ થઈ ગઈ. આ બાબત ઓઝા

સાહેબનો ખૂબ જ આભાર માનીએ છીએ.

બસ અમોએ કામ શરૂ કરી દીધું. અમોએ ટિકિટ વેચવાથી માંડીને બધું કામ બધી બહેનોની મદદથી ખૂબ જ સરસ રીતે કર્યું. હવે પૈસા તો પુષ્કળ આવ્યા પણ આનો સદુપયોગ ક્યાં કરવો ? તે પણ મોટો સવાલ હતો, કારણ કે જેઓએ છૂટે હાથે પૈસાનું દાન દીધું એના તરફથી મોટી જવાબદારી અમારે નિભાવવાની હતી. તેથી કમિટીની બધી બહેનોએ મિટીંગ બોલાવી અને દરેક કામની વહેંચણી કરી દીધી.

હું તથા કમિટીની બહેનો વડોદરાના કમિશનર સાહેબને મળવા ગયા અને કયા ગામમાં વધુ તકલીફો છે અને જ્યાં લોકો ફસાઈ ગયા છે ત્યાં મદદ કેમ પહોંચાડવી ? તે બધાં માટે તેમનો પ્લાન જણાવવા કીધું. કમિશનર સાહેબ વિદ્યાર્થિનીઓની આવી કામ કરવાની ધગશ જોઈને ખૂબ ખુશ થયા અને અમુક ગામોમાં જીપ દ્વારા જવાનું અને કેવી રીતે લોકોમાં ચીજવસ્તુઓની વહેંચણી કરવી તે માટે આખો વ્યવસ્થિત પ્લાન બનાવી દીધો.

બસ પછી તો બધી બહેનોએ કમર કસી. એક મોટી કપડાંની બેગ બનાવી; જેમાં વાસણની તથા ઘરવખરીની બધી ચીજો, થોડા કપડાં, ખાવા માટે અનાજની કોથળીઓ જેમાં ઘઉં, દાળ, કઠોળ, ચોખા વગેરે અનાજ મૂક્યું અને આવા ઘણાં પેકેટો ૩૦૦ છોકરીઓની સહાયતાથી તૈયાર થઈ ગયા. આ પેકેટ માટે ખરીદી પણ બહેનોએ જાતે કરી. પેકીંગ પણ જાતે કર્યું. આ બધો માલ-સામાન જીપોમાં લઈને જ્યાં નદીઓમાં ખૂબ પૂર આવ્યા હતા, તે ગામડાઓમાં અમો પહોંચી ગયા અને લોકોને વ્યવસ્થિત લાઈનમાં બેસાડીને સારી રીતે પેકેટોની ફાળવણી કરી.

મને મનમાં થઈ ગયું કે જો આ દૃશ્ય છોકરીઓના માતા-પિતા નજરે જોત તો કેટલા ખુશ થાત અને ખૂબ ગર્વ અનુભવત. આ બધા દૃશ્યોને કેમેરામાં કેદ કરીને ખૂબ જ આનંદથી ગીતો ગાતી બધી બહેનો હોસ્ટેલમાં ઘરે પાછા આવ્યા. આ પ્રસંગે બધી બહેનોએ બીજા માટે શુભભાવથી કામ કરવાની પ્રેરણા આપી અને હોસ્ટેલમાં આવતાંવેંત બધી બહેનોએ કામ ખૂબ જ સરસ રીતે પાર પડ્યું તેનો જયજયકાર બોલાવી બધાના પેટમાં ભૂખના કુરકુરિયા બોલતા હતા તેથી ભોજનગૃહમાં દોડ્યાં - જ્યાં ખાસ જમવામાં મીઠાઈ ને ફરસાણની વાનગીઓ સહિત ગરમાગરમ ભોજન તૈયાર હતું. આ જોઈને બધી બહેનોનો થાક પલકમાં ઉતરી ગયો. આ જોઈને મને એવું જ લાગ્યું કે દરેકને સારું કામ કરવું ગમે છે અને આવી તક મળે તો બધા તેને વધાવી લે છે. જો આવા સુંદર અને લોકોપયોગી કામ એકવખત શરૂ થાય છે તો જેમ આ વૃક્ષને પોષણ મળે છે તો ફરી પાછા આ વટવૃક્ષ ઉપર મીઠાં ફળ કેમ આવે છે ? તે હવેના દૃષ્ટાંતમાં આપણે જોઈ શકશું.

નદીના પાણીની હોનારતથી લોકોના ઘર અને અનાજ તણાઈ ગયા તેવા લોકોને સમયસર રાહત આપી. આમ, ફંડના પૈસાનો સારો ઉપયોગ થયો, પણ હજુ એક જવાબદારીને પૂરી કરવાની બાકી હતી. જે પરોપકારી ભાઈઓએ આ ફંડ માટે પૈસા આપ્યા હતા, તે પૈસાની પાઈએ પાઈનો સારા કામમાં ઉપયોગ થાય એ મોટી જવાબદારી હજુ અમારાથી પૂરી થઈ શકી નહોતી, કારણ કે ફંડના બધા પૈસા વપરાયા નહોતા. તેથી આ વપરાયા વગરના પૈસાનું શું કરવું ? કયા સારા કામમાં વાપરવા ? તે કોયડો ઉકેલવાનો હજુ બાકી હતો. જ્યાં સુધી આ બધા પૈસા શુભ કામમાં

વપરાઈ ન જાય ત્યાં સુધી મારા મનમાં ઉચાટ રહેતો. મારી આંખો આ શુભ કાર્યને શોધવા ચારે તરફ ફરતી હતી. કોઈ વખત આવું શુભ કાર્ય કરવાનો વિચાર પણ મદદગાર બની જાય છે અને પ્રભુની કૃપા પણ એવી વરસી જાય છે કે આપોઆપ સફળતાનો રસ્તો સૂઝી જાય છે. આવું પણ બની શકે છે એનો મને સાક્ષાત્ અનુભવ થયો.

એક વખત હું ઝૂંપડપટ્ટી તરફ ચક્કર મારવા ગઈ હતી. ત્યારે એક ઝૂંપડામાં એક બાળક તાવમાં સણસણતું સૂતું હતું. મેં ઝૂંપડામાં અને ચારે તરફ તપાસ કરી પણ કોઈ દેખાયું નહીં. બાળકની પથારી પાસે એક વાસણમાં રોટલો અને પાણી પડ્યા હતા. આ જોઈને હું એવી દુઃખી થઈ ગઈ કે એ સ્થળને છોડીને હું ક્યાંય જઈ ના શકી.

થોડીવાર પછી બાળકના માતા-પિતા આવ્યા. મેં તેઓને પૂછ્યું કે છોકરાને આમ એકલો મૂકીને તમો ક્યાં ચાલ્યા ગયા હતા ? તો તે માતા-પિતાએ તરત જવાબ આપ્યો કે બેન, જુઓ, આ તમારા સામે આ લોટ અમો લાવ્યા છીએ. આ દાતણ કાપ્યા અને તે વેચીને તેનો આ લોટ લીધો. હવે આના રોટલા બનાવીને પેટ ભરીશું. જો આ દાંતણ કાપવા ન જવાય તો ભૂખના માર્યા અમો પણ બીમાર થઈ જઈએ. આમ રોજ દાંતણ કાપીએ અને લોટ લાવીએ ત્યારે અમારું પેટ ભરાય.

તેઓની આ સમસ્યા પણ તદ્દન સાચી હતી. હું કાંઈપણ બોલી શકી નહીં પણ મારું મન ચકડોળે ચડી ગયું કે આ સમસ્યાનો ઉકેલ કેમ લાવવો ? દિવસ અને રાત હું રસ્તો ખોળવા મથતી હતી અને ખરેખર પ્રભુએ જ આ ઉકેલનો સાચો માર્ગ બતાવ્યો. સાચા હૃદયની પ્રાર્થના પ્રભુ જરૂર સાંભળે જ છે આનો પણ મને સાક્ષાત્ અનુભવ થયો.

ફરી હું ઝૂંપડપટ્ટી તરફ ગઈ અને ત્યાં તપાસ કરી તો થોડા સોશીયલ વર્ક કરવાવાળા વિદ્યાર્થીઓ મને મળી ગયા. મેં તેઓ પાસે મારો મૂંઝવતો પ્રશ્ન મૂક્યો અને કહ્યું કે આના ઉકેલ માટે જે પણ પૈસા ખરચવા હશે તે ખરચશું, પણ ઉપાય બતાવો. તે ભાઈઓએ કહ્યું કે અહીં એક મ્યુનિસિપાલિટીનો કમ્યુનિટી હોલ છે, જે અહીંના લોકોના વપરાશ માટે જ બનાવ્યો છે તેનો ઉપયોગ કરી શકાય. બસ, આમ અકસીર ઉપાય મળી ગયો. અમે આ હોલમાં એક નાની પ્રાથમિક શાળા ઊભી કરી દીધી. એક સરસ મઝાના શિક્ષક જેવા બેનને આ કામ માટે પગાર આપીને નક્કી કરી લીધા. આ બેનનું કામ એ કે સવારના નવ વાગ્યાથી પાંચ વાગ્યા સુધી આ બેન આ હોલમાં છોકરાઓ માટે હાજર રહે અને તેઓને સાચવે.

શરૂઆતમાં તો એટલું જ કરવાનું કહ્યું કે જે છોકરાઓ આવે તેને બાલદીના પાણીથી હાથ-મોં વગેરે સ્વચ્છ કરાવે અને પછી બધાંને વ્યવસ્થિત બેસાડીને નાની રમતો રમે અથવા કોઈ નાના ગીતો શીખવે અને આમ પાંચ વાગ્યા સુધીનો સમય આ બાળકોને મનોરંજન કરાવે અને કોઈપણ બાળકને કાંઈ શારીરિક તકલીફ હોય કે કોઈપણ અગવડ હોય તો મને જાણ કરે. અમારા હોસ્ટેલની છોકરીઓ જે ડોક્ટરનું ભણે છે તેઓએ કહ્યું કે કોઈપણ છોકરાને કાંઈપણ શારીરિક તકલીફ હશે તો અમો તેની સંભાળ રાખીશું અને થોડા થોડા સમયે તેમનું શારીરિક ચેકઅપ પણ કરીશું. આમ, આટલું તો ગોઠવાઈ ગયું.

પછી અમોએ ઝૂંપડામાં રહેતા લોકોની એક સભા બોલાવી અને આ કામ કરવા બાબત અમારો ઉદ્દેશ શું છે તે સમજાવ્યું અને તમારા

બાળકો આ કાર્યથી હોલમાં શિક્ષિકાબેન પાસે સુરક્ષિત રહેશે અને ચારે તરફ જે રખડ્યા કરે છે તે પણ બધું બંધ થઈ જશે. મા-બાપો આ સાંભળી ખુશ થઈ ગયા અને બીજા જ દિવસથી બાલદી, પાણીની માટલી, ગ્લાસ, ટુવાલ, બેસવાની શેતરંજીઓ વગેરેની વ્યવસ્થા થઈ ગઈ અને એક બેનને આ હોલની સાફસૂફી માટે તથા પાણીની બાલદી અને માટલીમાં પીવાનું પાણી ભરી લાવે તે માટે પગાર બાંધીને કામ સોંપી દીધું. આ કામ દિવસે દિવસે ખૂબજ ઉન્નતિ કરતું ગયું.

બાળકોની સંખ્યા પણ વધતી ગઈ અને વધારે સારું તો એ થયું કે થોડા સમય પછી એક શિક્ષિકાબેન સારા સ્વભાવવાળા, પરગજુ અને બાળકો જેને ગમતા હતા તેવા મળી ગયા. આ બેને મને કહ્યું કે, બેન જો તમો બ્લેકબોર્ડ, સ્લેટ, પેન અને થોડી નાના બાળકોને ગમે તેવી અને બારાખડી શીખવાડી શકાય એવી ચોપડીઓ લાવશો તો આ બાળકોને થોડું શિક્ષણ પણ આપી શકાશે. મારું તો આ મનગમતી વાત સાંભળીને મન ખુશ થઈ ગયું. તરત જ આ બધી વ્યવસ્થા થઈ ગઈ અને શિક્ષિકા બેનની લગન અને શુભ ભાવના સાથે કામ શરૂ થઈ ગયું.

જોતજોતામાં બાળકો લખતાં-વાંચતાં, એક ને એક બે થાય એવું ગણિત પણ શીખવા માંડ્યા. આ બધું જોઈને શિક્ષિકાબેને મને કહ્યું કે, આપણે મા-બાપની મિટીંગ બોલાવીએ અને જે બાળકો ઘણું શીખી ગયા છે એ લોકોને મ્યુનિસિપાલિટીની સ્કૂલમાં દાખલ કરાવી દઈએ, જેથી તેઓનું વ્યવસ્થિત ભણતર શરૂ થઈ જાય. આ વાત જેવી મા-બાપ સાથેની મિટીંગમાં મૂકી કે તરત જ મા-બાપો ખૂબ ખુશ થઈ ગયા અને કહેવા

લાગ્યા કે આ બાળકોને આમ ભણાવવા માટે અમારા પાસે સમજ પણ નહોતી અને સમય પણ નહોતો. આજે આવું સુંદર કામ તમોએ અમારા બાળકો માટે કર્યું તે માટે તમારા ઋણી છીએ અને અમારા બાળકોને સ્કૂલમાં દાખલ કરાવતી વખતે જે ફી આપવી પડે છે તે અમો જ આપશું. તમોને આપવા નહીં દઈએ. આમ, ખુમારીપૂર્વક તેઓએ પોતાની ફરજ બતાવી દીધી.

દર પંદર દિવસે શિક્ષિકાબેન બધા બાળકોને પાસે જ આવેલા સયાજી બાગમાં સાંજના સહેલગાહે લઈ જાય. આ માટે બાગમાં કેળા, સીંગદાણા, ચેવડો, ક્યારેક વેજીટેબલ ખીચડી, કઢી વગેરે લઈ જાય ને બધા બાળકો વ્યવસ્થિત લાઈન બનાવીને જમે. આ માટે પણ બાળકોના મા-બાપ મારા પાસે આવીને કહેવા લાગ્યા કે બેન, બાગમાં બાળકોને ખાવા માટે નાસ્તો અમો આપીશું અને આ વાત તમો માનશો તો અમો રાજી થશું. આ જોઈને મને થયું કે આ લોકોને પણ કેટલું બધું સ્વાભિમાન છે ! પોતાના પગ ઉપર ઊભા રહીને પોતાના બાળકોને મોટા કરવા - આ ફરજને તેઓ કેટલી બધી સમજ્યા છે ! આ લોકો ઉપર કામનો એટલો બોજો છે તે છતાં પણ તેઓ પ્રેમથી જવાબદારી નિભાવે છે અને હસતા હસતા આનંદથી જીવે છે.

★★★★★

# સમભાવ

રતનબેન ઘણા દુઃખોની સાથે જીવતા હતા. કારમી ગરીબી, પતિની બીમારી અને સંતાનોની જવાબદારી. જ્યાં હાડલામાં પૂરતું ભોજન ના હોય ત્યાં બધાનાં પેટ પૂરા કેમ ભરાય ? આવી પેટ ભરવાની લ્હાયમાં રતનબેન ઘરકામ કરી પૈસા કમાવવા માટે ગજા ઉપરાંતનું ઘરકામ કરતા હતા. રતનબેનની આવી હાલત હોવા છતાં ભગવાનની તેમના પર કૃપા હતી. તેમના સ્વભાવમાં શાંતિ અને સમજ ખૂબ જ હતા. તેમને ભગવાન ઉપર એટલી બધી શ્રદ્ધા હતી કે તેઓ ક્યારેય પણ આ બાબતે કોઈને દોષ દેતા નહોતા. પોતાના કામમાં એટલા પરોવાયેલા રહેતા કે દુઃખ તેને અસર કરી શકતું નહોતું. આજુબાજુના ત્રણ ઘરમાં કામ કરતા, કામનો ઢગલો તેની સામે હાજર રહેતો પણ તેઓ શાંતિથી, સ્વચ્છતાપૂર્વક આ ઢગલાને સાફ કરતા. બધા કહેતા કે રતનબેનનું કામ એટલું ચોખ્ખું છે કે કાંઈ કહેવાનું જ ના રહે. આવી ચોખ્ખાઈ અને ફરજ તેના સ્વભાવમાં જ હતી.

રતનબેનને ધર્મ ઉપર ખૂબ જ શ્રદ્ધા હતી. પોતાના દુઃખ જોવાને બદલે તેઓ બીજાના દુઃખ જોતા અને ભગવાનને પ્રાર્થના કરતા કે બધાનું દુઃખ દૂર કરજો. તેઓને નાગદેવતા ઉપર ખૂબ જ શ્રદ્ધા હતી. દર નાગપંચમીનો તેઓ ઉપવાસનું વ્રત કરતા અને દરરોજ નાગદેવતાની પૂજા કરતા. તેઓ નિઃસ્વાર્થભાવે આ પૂજા કરતા. કોઈ દિવસ પોતાને સુખ મળે એવું તેઓએ કદી માગ્યું નહોતું. બસ, હૃદયપૂર્વક પ્રાર્થના કરતા.

રતનબેન જ્યાં કામ કરતા હતા તે ઘરમાં શેઠના દીકરાનો જન્મદિવસ હતો. ભોજનમાં પાંચ પકવાન અને વાનગીઓ ભરેલી મિજબાની હતી. રતનબેન માટે આજે એક જ જગ્યાએ કામનો ઢગલો હતો. ખૂબ મહેમાનો જમવાના હતા. તેથી રસોડું, વાસણો, સફાઈકામ વગેરે ખૂબજ કરવાનું હતું. નાગપાંચમનો દિવસ હતો તેથી તેમને નાગપંચમીનું એક વખત જમવાનું રાખ્યું હતું.

ઘરના તથા બધા મહેમાનોનું જમવાનું પૂરું થઈ ગયું. વાસણ, ચોકડી, રસોડું બધું સાફ કરીને રતનબેન જમવા માટે નવરા થયા. સવારથી કાંઈ ખાધું નહોતું. તેથી ખૂબ જ ભૂખ્યા હતા. જમવાનો સમય થયો. તેથી ખૂબ આનંદથી જમવા બેઠા. આજે તો નાગદેવતાને ભાવે એવો દૂધપાકનો પ્રસાદ જમવામાં હતો. તેથી રતનબેન ખુશ ખુશ હતા.

નાગદેવતાની પૂજા કરી, શ્રદ્ધાપૂર્વક નમન કરી તેઓએ જમવા માટે વાનગીઓથી ભરપૂર વાસણોનું ઢાંકણ ખોલ્યું, બધું થાળીમાં પીરસ્યું અને દૂધપાકનું વાસણ જેવું ખોલ્યું તો ત્યાં જોયું કે દૂધપાકનું વાસણ તદ્દન ખાલી છે. આ જોઈને તેઓ ચમક્યા કે આમ કેમ બન્યું ? દૂધપાકનું વાસણ ખાલી કેમ છે ? થોડીવાર માટે આવો વિચાર મનમાં આવી ગયો. પણ તરત જ નાગદેવતા પરની શ્રદ્ધાથી મન શાંત બની ગયું અને મોંઢામાંથી શબ્દો સરી પડ્યા કે, "હે નાગદેવતા ! જેણે પણ આ દૂધપાક ખાધો હોય તેનું પેટ ઠારજો. આ દૂધપાક ખાવાથી મારું પેટ ઠરતું તેવું જ બીજાનું ઠરજો." આવા સંતોષ અને પ્રેમથી ભરેલા શબ્દો આપોઆપ તેમના મુખમાંથી સરી પડ્યા.

તેઓને મનમાં આનંદ એ હતો કે જેણે પણ ખાધું હશે તેનું પેટ જરૂર ઠર્યું હશે ! આમ, બીજાનું સુખ તેમના મનને આનંદ આપી ગયું. આ શબ્દો જેવા રતનબેન બોલ્યા કે તરત જ રતનબેન જેના ભક્ત હતા તે નાગદેવતા પ્રગટ થયા, અને ખૂબ જ પ્રસન્નતાથી રતનબેનને કહ્યું, "માફ કરજો, તમારી પરીક્ષા લેવા માટે હું દૂધપાક ખાઈ ગયો હતો, પરંતુ જેવું તમે બોલ્યા કે "ખાનારનું પેટ ઠરજો." આ શબ્દો સાંભળી હું પ્રસન્ન થઈ ગયો. તમારી મારા ઉપર આટલી બધી શ્રદ્ધા હતી તે મને કેમ દેખાઈ નહીં ? આજે હું તમારા પાસે હારી ગયો અને તમો પરીક્ષા જીતી ગયા. આજે તમોને વરદાન આપું છું કે ભગવાન તમારી બધી ઇચ્છા પૂરી કરશે."

રતનબેનના 'જેણે પણ આ દૂધપાક ખાધો હોય તેનું પેટ ઠારજો' - આ શબ્દો દ્વારા તેમના મનમાં જે સમભાવ હતો તે પ્રગટ થાય છે.

★★★★★

# "સમજી જજે"

અંદરથી જ મળશે, બહાર ઠાલા ફાંફાં
માખણ છુપાયું દૂધમાં, છાશના વલોણાં.

કથા ખાલી કાનને અડકે, સામેના દરવાજા ખુલ્લાં
અજવાળાં ઉભા બહાર, અંદર બેઠાં અંધારાં,
(કથા સાંભળી ફૂટ્યા કામ, તોયે ના આવ્યું બ્રહ્મનું જ્ઞાન.)

•

ાાંઠ વળે છે ઉપરથી, નીચે તળીયું ખાલી,
માટીના લીંપણમાં ફરી વળ્યાં છે પાણી.

સમજણ શક્તિ તો સારી, કહું છું છાતી ઠોકી,
નથી સમજતો એ જ કે ભેંસે ભાગવત્ વાંચી.

અઘરું છે સમજવું, ઝાકળના બિન્દુને,
ભરવી છે ગાગરમાં ધસમસતી સિન્ધુને.

ખાલી ડબ્બાને ગબડાવું છું, ખોટો સિક્કો ખખડાવું છું,
કાણી તપેલી ભરોસે, કિંમતી સમય ગુમાવું છું.

જ્ઞાન-નેત્રની પાંપણ 'બંધ' છે, સાચું દર્શન કેમનું થાય ?
પાટા બાંધી બેલ ઘાણીનો, ભવના ચક્કર ફરતો જાય !

દંભ, દેખાવ ને માયાજાળ, ઈચ્છાઓનો અનેરો પહાડ,
ક્ષણ માત્રમાં ઢળી પડશે, સમયનો તેમાં નહીં હિસાબ !

સાચી દિશાની પગદંડી, લઈ જશે મંજિલ સુધી,
જિજ્ઞાસા જગાડશે, સૂક્ષ્મતાને સમજવાની.

અંદરના આતમને ઓળખવા, દૃઢ નિશ્ચય ધારી,
જે નર્યું સાચું તે પામવું છે, "આચરણ માં ઉતારી"

આ સિવાય કોઈ આરો નથી, હિંમતથી આગળ વધજે,
અનુભવ જ સાચો સાથી, વગાડશે વીણા અંતરની.

- ઉર્મિલા ધોળકિયા

★★★★★

# સમય

ભગવાન, તારા પાસે જ છે,
ચોતરફ ધરતી અને ગગનમાં,
જાગ અને નિરખ, તારા માતા-પિતાના નયનમાં.

લેવો છે લ્હાવો તારે ? તો લઈ લે અત્યારે,
સમયને ઓળખજે, જે નથી બન્યો કોઈનો ક્યારેય.

- ઉર્મિલા ધોળકિયા

★★★★★

# વાત્સલ્ય

મારી દીકરીએ પોતાના હૃદયની લાગણીને મારા જન્મદિવસની આ ભેટને પ્રોત્સાહન રૂપે આપી છે.



પૂજ્ય મા,

My Hero,

અમેરિકામાં રહ્યા પછી ગુજરાતી અને English વચ્ચે ઝોલાં ખાતી મારી ભાષા માટે માફી માંગી લઉં છું. તારા ૭૦ વર્ષની જન્મગાંઠના પર્વે તને ઘણું કહેવા માંગું છું. Ma you are my hero. I am your great admiror ! મારે હિંમતવાન અને દૃષ્ટાંતરૂપ લોકો શોધવા ખાસ દૂર જવાની જરૂર નથી પડી. તારી હિંમત, spirit અને optimism - આશાવાદ મને જિંદગીભર દૃષ્ટાંતરૂપ રહેવાના છે. એનો લાભ મારા ટેણીયાઓને પણ મળ્યો છે. સારા-નરસા દિવસોમાં એકલા હાથે ઝઝૂમી અમને આવડા મોટા (અને આવડા હોંશિયાર - હા હા હા) કરવાનો જશ તને જાય છે!

**Many Many Happy Returns of the Day મા.**

- ઊર્વીના પાયલાગણ



# "જિંદગી"

કેવી અદ્‌ભુત છે જિંદગીની પ્યાલી,
ક્યારેક ભરેલી તો ક્યારેક ખાલી.
ઉતાર ચઢાવના આ કેવા ત્રાજવા.
બનાવે કોઈને ન્યાયી યા અન્યાયી.
જગત દીસતું ઘડીમાં, હલકું યા ભારી,
તારા હાથમાં, જીવન જીવવાની ચાવી.
સુખદુઃખ તો સમુદ્રના તરંગો છે,
પછડાટ ખાઈને ભી, જીતજે તું બાજી !
અંધારા અજવાળાં જતા રહેશે આવીને,
સમયની ચોપાટને, રમી લે, સમજીને !
દૂર સરી જતી, અમૂલ્ય તકને ઝડપી લેજે,
હિંમતની નાવડીનાં સઢને, બસ, ખોલી દેજે !
પરમ બ્રહ્મમાં લીન થઈને, પંડને તું સમજજે,
જીવન સરિતાને કિનારે ભજન કીર્તન કરજે.
દિવસ ઉગે ને આથમે છે, પણ તું નથી આથમતો,
આત્માના આ જ્ઞાનવૈભવને, જલદીથી ઓળખજે.

- ઉર્મિલા ધોળકિયા

# "Choice is Yours"

(1) Without I, my, mine, Every thing is fine.
As ego gone, happiness is born.

(2) Mind is pure, Truth comes sure,
Knowledge gives light, All will be right.

(3) Life is duty, full of beauty,
Good opportunity, god has given,
Choice is yours, hell or heaven.

(4) Life is flowing, with full of challenge,
choice is yours, freindship or revenge.

(5) Good thinking, brings true power,
If clouds are there, should be shower.

(6) Time has value in life, as husband with wife,
Parents love each other, family grows better.

(7) Children learns Love, Knowledge, Culture,

Bread becomes tasty, full of butter.

(8) Family is a sweet home, place of rest,


Choice is yours, make just O.K. or the best.

(9) God is with you, giving pure Love,

Choice is yours, take it or give up.

**- Urmila Dholakia**

★★★★★




પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી